અમેરિકાની ભૂલીબિસરી પોસ્ટલ સર્વિસ: પોની એક્સપ્રેસનાં ૧૬૦ વર્ષ

Safari Gujarati Monthly

બુદ્ધિશાળી વાચકો માટેનું મેગેઝિન

સફારી™

સળંગ અંક નં.૩૨૯ ડિસેમ્બર, ૨૦૨૧ અંક ૪ વર્ષ ૪૨ કિંમત ₹ ૬૦/-
Conti. Issue. 329 December, 2021 Issue 4 Vol. 42 Price ₹ 60/-

ભારતના જવાનોએ લોહી રેડી જીતેલા યુદ્ધને રાજકર્તાઓ પરાજયમાં કેમ ફેરવી નાખે છે?



ભારતીય નૌકાદળે જ્યારે ૯૩,૦૦૦ પાક સૈનિકોને પોતાની જાસૂસી-કમ-સેબોટેજ જાળમાં ફસાવ્યા



અમેરિકાની CIA દ્વારા કરાવવામાં આવેલી શેખ મુજીબની હત્યાના કાવતરાની પૂરે પૂરી કથા

VISIT…

LANZAROTE
Caliente.COM

'સફારી'ના ગુણીજન વાચકોને નમ્ર વિનંતી

આજથી બરાબર ૫૦ વર્ષ પહેલાં ભારતના શૂરા જવાનો દેશ માટે જાન ન્યોછાવર કરી દેવાની સંપૂર્ણ તૈયારી સાથે આક્રમણખોર શત્રુ સામે દિવસરાત લડ્યા યારે આજના ઘણાખરા ભારતવાસીઓનો હજી જન્મ પણ થયો ન હતો.

પાકિસ્તાનની સબમરિનનો શિકાર બનેલી આપણી ફ્રિગેટ મનવાર *ખુકરી* ના કેપ્ટને ઉન્નત પ્રણાલિકાને અનુસરી પોતાના જહાજ સાથે કેવી રીતે સ્વસ્થતાપૂર્વક જળસમાધિ લીધી, એક વિંગ કમાન્ડરે ભારતીય વાયુસેનાના સૈનિકવાહક / માલવાહક વિમાનને શી યુકિત વડે તાંડવકારી બોમ્બરમાં ફેરવી નાખ્યું, સસલાંએ સિંહોની બોડમાં ઘૂસી તેમને માર્યા તે આયામે ભારતની ટચૂકડી મિસાઇલ બોટની ટુકડીએ કરાંચી બંદરે પહોંચી તેનાં જાજરમાન યુદ્ધજહાજોનો ખાત્મો શી રીતે કર્યો વગેરેની તલસ્પર્શી જાણકારી દેશના બહુમતી લોકોને નથી. ભારતના યુદ્ધવીરોને શાળા-કોલેજોનાં પાઠ્યપુસ્તકોમાં તો સ્થાન મળે જ નહિ.

વિજયની ગોલ્ડન જ્યુબિલીના અવસરે હર્ષલ પબ્લિકેશન્સ દૈનિક ધોરણે દેશના રક્ષકોએ દાખવેલી બહાદુરીની તથા આપેલાં બલિદાનોની ગૌરવગાથા રજૂ કરી રહ્યું છે. દરરોજ ડિસેમ્બર૩-૪, ડિસેમ્બર ૫, ડિસેમ્બર ૬, ડિસેમ્બર ૭ એ રીતે વેબસાઇટ પર તારીખ રજૂ કરાશે અને જે તે તારીખ મુજબ 'આજે ૫૦ વર્ષ પહેલાં શું બન્યું?' તેનું સચિત્ર વર્ણન કરાશે.

'સફારી' ના તંત્રી હોવાના નાતે મારી આપ સૌને નમ્ર વિનંતી છે કે દરેક પ્રકરણ વાંચો તે પહેલાં આપના મિત્રો-સ્વજનોને તેની PDF મોકલી આપો. ભારતમાતાના રક્ષકોએ સરહદ પર જે વીરોચિત સાહસો ખેડ્યાં અને કેટલાકે એમ કરવા જતાં અમરત્વ આપતી જે શહીદી વહોરી તે આપણા માટે કદી તો શક્ય બનવાનું નથી.

એક કામ જરૂર કરી શકીએ. આજે સપરમા અવસરે ૧૯૭૧ના સરહદી પ્રહરીઓને સલામી આપીએ. આ વીરલાઓને સલામી આમ તો ૨૧ તોપો વડે અપાય, પણ આપણા માટે તે શક્ય ન હોવાને લીધે કમ સે કમ પ્રતીકાત્મક રીતે આપીએ. તારીખ ૩ ડિસેમ્બર, ૧૯૭૧થી આરંભાયેલા યુદ્ધના પ્રત્યેક દૈનિક અહેવાલની PDF આપ કુલ ૨૧ જણાને મોકલી આપો. ઉપરાંત જે બીજી વ્યકિતને આવી PDF ટ્રાન્સફર થાય એ વ્યક્તિ પણ પોતના ૨૧ મિત્રો-સ્નેહીજનોને PDF મોકલી લે.

મને તથા આપ સૌને ગૌરવનો અનુભવ કરાવે તેવા પ્રતિભાવની અપેક્ષા છે.

નગેન્દ્ર વિજય
તંત્રી, પ્રકાશક, માલિક
હર્ષલ પબ્લિકેશન્સ

બુદ્ધિશાળી વાચકો માટેનું મેગેઝિન
સફારી (TM)

www.harshalpublications.in
www.facebook.com/harshalpublications

તંત્રી, મુદ્રક અને પ્રકાશક : નગેન્દ્ર વિજય
મુખપૃષ્ઠ ડિઝાઇન : વિશાલ નગેન્દ્ર વિજય
લેઆઉટ ડિઝાઇન : અતુલ જ. ટાંક

સ્થાપનાનું વર્ષ : ૧૯૮૦

રજીસ્ટર્ડ ઓફિસ : હર્ષલ પબ્લિકેશન્સ,
૨૧૨-૨૧૫, આનંદ મંગલ-3, કોર
બાયોટેકની સામે, પરિમલ ક્રોસિંગ પાસે,
એલિસ બ્રીજ, અમદાવાદ-3૮૦૦૦૬.

પત્રવ્યવહારનું / લવાજમ મોકલવાનું સરનામું :
હર્ષલ પબ્લિકેશન્સ, ૪૦૧-૪૦૪, આર્યન
ગ્લોરિયા કમર્શિયલ કોમ્પ્લેક્સ,
SBTCની બાજુમાં, ગાલા જિમખાના લેન,
સાઉથ બોપલ, અમદાવાદ-3૮૦૦૫૮.
ફોન નંબર : ૦૨૭૧૭ - ૪૮ ૮૫ ૫૦

કાર્યાલયનો સમય : ૧૦-30 થી ૬-30
ઈ-મેલ: info@harshalpublications.in
ઈ-મેલ(કસ્ટમર સપોર્ટ) :
support@harshalpublications.in

કિંમત : ₹૬૦ કુલ પાનાં : ૬૮

ડિજિટલ આવૃત્તિનું લવાજમ : ₹૪૦૦
૧૨ અંકોનું લવાજમ કુરિઅર મારફત :
ગુજરાતનાં શહેરો માટે : ₹૮૯૦
મુંબઈના ગ્રાહકો માટે : ₹ ૧,૦૨૦
ભારતનાં અન્ય શહેરો માટે : ₹૧,3૨૦
૧૨ અંકોનું લવાજમ ઓર્ડિનરી પોસ્ટ મારફત :
(હાલ બંધ છે.)

Printed and Published by :
NAGENDRA VIJAY VASU on behalf
HARSHAL PUBLICATIONS and Printed
at R. K. Printers and Binders
A-5, Shubh Labh Estate, Near Ambica
Ice Factory, Tavdipura, Shahibaug,
Ahmedabad-380 004 and published
from Harshal Publications 212-215,
Anand Mangal-3, Opp. Doctors' House,
Near Parimal Garden, Ellisbridge,
Ahmedabad-380 006.

Printer, Publisher & Editor:
Nagendra Vijay Vasu
Owner: Harshal Publications
Regd. with RNI. **No. 38380/80**

No part of this publication may be reproduced in any manner or form without written permission of Harshal Publications.

● અંક નં. ૩૨૯
● ડિસેમ્બર, 2021

માર્ગશીર્ષ-પોષ ૧૯૪૧
યુગાબ્દ ૫૧૨૩

અનુક્રમ

FYI
FOR YOUR INFORMATION

08 એક ઘટના અજાણી

09 IT

10 સફારીના ડેટાબેઝ માંથી

11 વાચકો અને વાસ્તવિકતા

'ડાકિયા ડાક લાયા' ની ભૂલીબિસરી અમેરિકી પોસ્ટલ સર્વિસ: પોની એક્સપ્રેસ 12

21 ડિસેમ્બર, ૧૯૭૧: ભારતીય નૌકાદળે જ્યારે પાકિસ્તાનના ૯૩,૦૦૦ સૈનિકોને પોતાની જાસૂસી જાળમાં યુદ્ધકેદીઓ તરીકે ફસાવ્યા


૧૯૭૧ના ભારત-પાક યુદ્ધમાં પોતાનું નાક કપાયાનું વેર અમેરિકાના પ્રમુખ નિક્સને શેખ મુજીબની હત્યા કરાવીને વાળ્યું 39

68 સુપર સવાલ: ભારતના જવાનોએ લોહી રેડી જીતેલા યુદ્ધને રાજકર્તાઓ પરાજયમાં કેમ ફેરવી નાખે છે?

57 સુપર ક્વિઝ

માઇન્ડગેમ્સ 63

તંત્રીનો પત્ર

ભારત-પાક યુદ્ધ, ૧૯૭૧ વિજયની ગોલ્ડન જ્યૂબિલીના અવસરે એક ગોલ્ડન પ્રકરણ

૧૯૭૧ના ભારત-પાક યુદ્ધને આજે ડિસેમ્બર, ૨૦૨૧માં પૂરાં થતાં પચાસ વર્ષના અવસરે પ્રસ્તુત અંકમાં ભારતીય કમાન્ડો મિશનની એવી કથા રજૂ કરી છે કે જેની તોલે આવતું સાહસ પહેલા કે બીજા વિશ્વયુદ્ધમાં પણ ખેડાયું નથી. આ કથા 'સફારી' માં પ્રથમવાર રજૂઆત પામી રહી છે.

એકંદરે વણગવાયેલા કમાન્ડો મિશનમાં આત્મખોજ પ્રેરતો બોધ સમાયેલો છે, જેને ચિંતનાત્મક રીતે તપાસવા જેવો છે. ભારતનો સાગરકિનારો ૭,૫૦૦ કિલોમીટર લાંબો હોવા છતાં વિના અપવાદે બધી કેન્દ્ર સરકારોએ ભારતીય નૌકાદળને શોભાના ગાંઠિયાની તોલો ગણ્યું અને અવગણ્યું. ૧૯૬૨માં તત્કાલીન સંરક્ષણ પ્રધાન કૃષ્ણ મેનન અને કેટલાક વરિષ્ટ નૌકાઅફસરોની મીટિંગ દરમ્યાન નૌકાદળના મહત્ત્વની વાત નીકળી ત્યારે નૌકાસેનાપતિ એડમિરલ ભાસ્કર સદાશિવ સોમણે કહ્યું: 'Sir, I the defence planning, the place of navy......'

'.....should be at the bottom of the sea.' કાચકાગળ જેવી બરછટ જબાનના કૃષ્ણ મેનને વાક્ય પુરું કર્યું.

ભારતના બીજા સંરક્ષણ પ્રધાનો કે વડા પ્રધાનો કૃષ્ણ મેનન જેવા અહંકારી ન હતા, પણ દેશના સંરક્ષણને લગતી બાબતો અંગે તેમની સજાગતા અને સમજ કાચી હતી. અંગ્રેજી શબ્દપ્રયોગ મુજબ political will કહેવાતી રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ તેમનો સૌથી મોટો દુર્ગુણ હતો અને ભારતનું તે સૌથી મોટું દુર્ભાગ્ય હતું.

शं नो वरुणः

૧૯૬૫ના ભારત-પાક યુદ્ધ વખતે આપણા વિમાનવાહક જહાજ *વિક્રાંત* નાં *Alize* તથા *Sea Hawk* વિમાનો તથા જાજરમાન ક્રૂઝર યુદ્ધજહાજો અને એન્ટિ-સબમરિન / એન્ટિ-ઍરક્રાફ્ટ ફ્રિગેટ મનવારોનો કાફલો તરખાટ મચાવી શક્યો હોત, પણ સરકારે નૌકાદળને યુદ્ધમાં ભાગ લેવાની છૂટ ન આપી. પોર્તુગિઝોની હકૂમત નીચેના ગોવાની તટવર્તી artillery / તોપો ત્યાંના કાંઠાવિસ્તારમાં પસાર થતી આપણી સ્ટીમરો પર તેમજ મછવાઓ પર વખતોવખત ફાયરિંગ કરતી હતી. મહિનાઓ સુધી તે દોર ચાલ્યો, પણ તત્કાલીન કેન્દ્ર સરકારે નૌકાદળને મોકલી તે ન્યૂસન્સનો અંત લાવી ન દીધો. છેવટે જ્યારે સિંધિઆ સ્ટીમ નેવિગેશનની પેસેન્જર સ્ટીમર સામે પોર્તુગિઝોએ તોપગોળા છોડ્યા ત્યારે વડા પ્રધાન નેહરુ પર ચારેકોરથી દબાણ આવ્યું. 'ઑપરેશન વિજય' હાથ ધરવા માટે તેમણે છૂટ આપી.

આપણા મોટા ભાગના રાજકારણી સત્તાધીશોમાં ભારતના સંરક્ષણની બાબતે કૃતનિશ્ચયતાનો અભાવ લશ્કરી દળોમાં હંમેશાં અસંતોષ જગાડતો રહ્યો છે. લોકતાંત્રિક રાજ્યબંધારણ અનુસાર નાગરિક સત્તા / civilian authority સર્વોપરિ છે; એટલે કે પ્રજા દ્વારા ચૂંટાયેલી સરકાર આખરી સત્તા છે. લશ્કરી અફસરોને સંરક્ષણ અંગે પોતાના મંતવ્યો જાહેરમાં રજૂ કરવાની છૂટ નથી.

જનરલ એસ. પદ્મનાભન આપણા Army / ભૂમિદળના સેનાપતિ હતા ત્યારે જાન્યુઆરી ૧૨, ૨૦૦૨ ના રોજ જમ્મુની મુલાકાત દરમ્યાન તેમણે પત્રકાર પરિષદ યોજી હતી. પાકિસ્તાનના જનરલ પરવેઝ મુશર્રફે આપેલી ધમકીઓના જવાબમાં પદ્મનાભને જણાવ્યું કે ભારત પરંપરાગત યુદ્ધ તો ઠીક, અણુયુદ્ધ માટે પણ તૈયાર હતું. એક પત્રકારે સવાલ પૂછયો કે, 'પાકિસ્તાન અણુહુમલો કરે તો એ સંજોગોમાં ભારતનો વળતો પ્રતિકાર શો હશે?' જનરલ પદ્મનાભન બોલ્યા: 'The perpetrator of that particular outrage shall be punished so severely that their continuation thereafter in any form of fray will be doubtful.'

બીજા પત્રકારે સવાલ કર્યો કે (પુષ્કળ ખુવારી વેઠયા પછી) 'વળતા હુમલા માટે આપણી પાસે પૂરતાં અણુશસ્ત્રો હશે ખરાં?' જનરલનો પ્રત્યુત્તર: 'Take it from me, we have enough.'

સેનાપતિ પદ્મનાભનના આવા તડ ને ફડ શબ્દોએ કેન્દ્ર સરકારના કબૂતરખાનામાં ફફડાટ મચાવી દીધો. વડા પ્રધાનના સચિવાલયે તરત નિવેદન બહાર પાડ્યું કે જનરલના મંતવ્યને વડા પ્રધાનનું સમર્થન ન હતું. જનરલના ખુમારીભર્યા શબ્દો પર એ રીતે પાણી ફેરવી દેવામાં આવ્યું. દસેક લાખ જવાનોના સેનાપતિનો તેને કારણે તેજોવધ થયો એ તો વધારે ખેદજનક બાબત હતી.

ઍડમિરલ સરદારીલાલ મથરાદાસ નંદા

ખરું જોતાં પદ્મનાભને જે ટંકાર કર્યો તે કેન્દ્ર સરકારે કરવો જોઈએ, પરંતુ આપણે ત્યાં એવું કદી બનતું નથી. પદ્મનાભન વળી જનરલ મુશર્રફને તેમની જ ભાષામાં જવાબ આપી રહ્યા હતા. મુશર્રફ અને તેમના જેવા બીજા પાક અફસરો ફરી ફરીને કહેતા (અને હજી કહેતા રહે છે) કે, 'Pakistan will bleed India by a thousand cuts.' આમનેસામનેના યુદ્ધોમાં ભારત સામે ન ફાવી શકતું પાકિસ્તાન આતંકવાદની ચપ્પુ વાપરી સાચે જ એમ કરી રહ્યું છે અને તે વાત આપણા લશ્કરની ત્રણેય પાંખોમાં કેટલાય જવાનો-અફસરોને ક્રોધિત કરે છે.

ભારતના જાણીતા defence analyst / સંરક્ષણને લગતી બાબતોના વિશ્લેષક મેજર-જનરલ (સેવાનિવૃત્ત) અમરજીતસિંહે ૨૦૧૪માં *Indian Defence Review* સામયિકમાં લખ્યું કે, 'Whatever others may believe, my opinion is simply that it is better for India to brave a costly nuclear attack by Pakistan, and get it over with even at the cost of tens of millions of death, than (to) suffer ignominy and pain day in and day out through a thousands cuts....'

આ 'રિએક્શન' વધુ પડતું તેજાબી છે. વહેવારુ પણ નથી. આમ છતાં દેશ પરના ખતરા બાબતે સર્વોપરિ નાગરિક સત્તાનું ઢીલુંપોચું વલણ કેટલી હદના પ્રત્યાઘાતો અને પ્રતિભાવો જન્માવી શકે તેનો એ દાખલો છે. ઢીલાપોચા વલણને લીધે સૈન્યની ત્રણ પાંખોમાંથી નૌકાદળ સૌથી વધુ સહન કરતું આવ્યું છે. તત્કાલીન સંરક્ષણપ્રધાન કૃષ્ણ મેનનના પેલા નિંદનીય શબ્દોને પાછા જરા યાદ કરી લો.

૧૯૭૧ના ભારત-પાક યુદ્ધમાં નૌકાદળે સાવ જુદો માર્ગ અપનાવ્યો. ૧૯૬૫માં યુદ્ધ ૨૨ દિવસ સુધી લંબાયું અને ત્યાં સુધી લાલ બહાદુર શાસ્ત્રીની સરકારે ભારતીય નૌકાદળના હાથ-પગ બાંધી રાખ્યા ત્યારે રીઅર-ઍડમિરલ એસ. એમ. નંદાને સરકારની નિષ્ક્રિયતાએ અકળાવી મૂક્યા. ટોચથી ગણના કરો તો નૌકાદળમાં તેમનો હોદ્દો ત્રીજી પાયરીનો, માટે તેઓ લાચાર હતા. ૧૯૭૧માં તેઓ ઍડમિરલ યાને નૌકાસેનાપતિ હતા. નૌકાદળને છૂટો દોર ત્યારે પણ મળવાનો ખાસ સંભવ નહોતો, પણ નંદાએ સલૂકાઈપૂર્વક તે મેળવી લીધો. અમુક બાબતોમાં 'સર્વોપરિ નાગરિક સત્તા'ને તેમણે બાજુ પર રાખી અને પોતાની રીતે ગજબનાક એવું જાસૂસી-કમ-કમાન્ડો મિશન ગોઠવ્યું.

ભારતીય નૌકાદળની મહદ્ અંશે ફિક્કી રહી જવા પામેલી તવારીખમાં પરિણામરૂપ જે રોશનદાર પ્રકરણ લખાયું તેની સંપૂર્ણ કથા પ્રસ્તુત અંકમાં રજૂ કરી છે.

- નગેન્દ્ર વિજય

સફારી લઈ આવે છે તમારા માટે જ્ઞાનનો ખજાનો

આસાન અંગ્રેજી
~~₹300/-~~
20% OFF
₹ 240/-

યુદ્ધ '૭૧
~~₹350/-~~
20% OFF
₹ 280/-

COMBO DEAL
~~₹650/-~~
30% OFF
₹ 455/-

Limited Offer

પુસ્તકની કિંમતમાં પોસ્ટેજ ચાર્જ / કુરિઅર ચાર્જનો સમાવેશ થતો નથી. વધુ માહિતી માટે support@harshalpublications.in પર અગર તો (૦૨૭૧૭) ૪૮૮ ૫૫૦ પર સંપર્ક કરવા વિનંતી.

લેખક
નગેન્દ્ર વિજય

આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઈન ખરીદો.

harshal
publications

હર્ષલ પબ્લિકેશન્સ ફરી રજૂ કરે છે

બુદ્ધિશાળી વાચકો માટેનું મેગેઝિન
સફારી

SMART SUBSCRIBER SCHEME

'સફારી' ની છૂટક કિંમત અત્યારે રૂા. ૬૦/- છે. કુરિઅર દ્વારા ડિલિવરી માટે બાર મહિનાનું લવાજમ ભરનાર વાચક માટે દર રૂા. ૮૯૦/- છે. સામટાં બે લવાજમો અને ત્રણ લવાજમો પૂરતી વળતરની ખાસ યોજના જાહેર કરીએ છીએ. અહીં કોઠામાં લવાજમના ખાસ દર રજૂ કર્યા છે. બચત કેટલી થાય તે પણ દર્શાવ્યું છે.

ગુજરાતી 'સફારી' પૂરતી સ્માર્ટ સબ્સ્ક્રાઇબર સ્કીમ

લવાજમ	ગુજરાત	મહારાષ્ટ્ર	શેષ ભારત	વળતર (વ્યક્તિદીઠ)
૧ (એક) લવાજમ (મુળ કિંમત)	૮૯૦/-	૧,૦૨૦/-	૧,૩૨૦/-	-
૨ (બે) લવાજમ (વ્યક્તિદીઠ કિંમત)	૭૪૦/-	૮૭૦/-	૧,૧૭૦/-	૧૫૦/-
૩ (ત્રણ) લવાજમ (વ્યક્તિદીઠ કિંમત)	૬૪૦/-	૭૭૦/-	૧,૦૭૦/-	૨૫૦/-

આ સ્કીમ
માર્ચ ૩૧, ૨૦૨૨
સુધી જ

ફોર્મનો નમુનો

Name: ____________________

Address : House No. / Block No., ____________________
Society / Apartment, ____________________
Road / Street ____________________
Area / City, ____________________
District, State, Pin code ____________________

Land Mark : ____________________

Mobile No.: ____________________

Phone No.: ____________________

E-mail ID: ____________________

લવાજમ મોકલતી વખતે આટલું ધ્યાન રાખશો

(૧) નામ-સરનામું કેપિટલ અંગ્રેજી અક્ષરોમાં અહીં રજુ કરેલા ફોર્મ મુજબ જરૂરી વિગતો ભરીને મોકલવું. (૨) એક કરતાં વધુ લવાજમો જુદાં જુદાં નામે હોવાં જોઈએ. (૩) વ્યક્તિદીઠ એક વર્ષનું કુલ ૧૨ અંકોનું લવાજમ સ્વીકારાય છે. (૪) ડ્રાફ્ટ 'હર્ષલ પબ્લિકેશન્સ' ના નામે બારોબાર મોકલવો. કોઈ એજન્સી મારફત નહિ. (૫) લવાજમની રકમ પર કોઈ પણ સંજોગોમાં વ્યાજ અપાશે નહિ. (૬) આ સ્કીમ હેઠળ રકમ ફક્ત ચેક/ડ્રાફ્ટ દ્વારા મોકલવાની રહે છે. હાલ ઓનલાઈન પેમેન્ટ કરવાની સુવિધા આપી શકીએ તેમ નથી. (૭) યોજના ફક્ત નવા વાચકો માટે છે-એટલે કે જેમનું લવાજમ ચાલુ હોય તેમના પ્રસ્તુત સ્કીમ હેઠળના નવા લવાજમનું ડેટા પ્રોસેસિંગ કરવાનું હાલ અમારા માટે શક્ય નથી. (૮) હાલ જેમનું લવાજમ ચાલુ છે તેમના માટે હર્ષલ પબ્લિકેશન્સ જુદી સ્કીમ જાહેર કરશે.

ચેક-ડ્રાફ્ટ મોકલવાનું સરનામું

હર્ષલ પબ્લિકેશન્સ, ૪૦૧-૪૦૪, આર્યન ગ્લોરિયા કમર્શિઅલ કોમ્પ્લેક્સ,
SBTCની બાજુમાં, ગાલા જિમખાના લેન, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮
ફોન : ૦૨૭૧૭ ૪૮૮ ૫૫૦

આ પત્ર 'સફારી'ને મળે

'સફારી' અંક નં. ૩૨૮

દિવાળીના (નં. ૩૨૮) અંકનું દરેકેદરેક પાનું માહિતીસભર રહ્યું. ખાસ કરી Maned Wolf ની કાયાપલટ વિશે સચિત્ર અને વિગતવાર સમજૂતી આપતો લેખ ખૂબ ગમ્યો. આ પૃથ્વી પર મનુષ્ય નહિ, પણ કુદરત સર્વેસર્વા હોવાનું તે લેખે સિદ્ધ કર્યું. નાસાના જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપની કામગીરી સમજાવતો લેખ ખૂબ ઊંડાણભર્યો હતો.

ચિરાગ એમ. નિમાવત, મણિનગર, અમદાવાદ

* * *

દિવાળી અંકમાં આયુર્વેદને લગતી 'સુપરક્વિઝ' માં સર્પગંધાના ગુણધર્મો વિશે માહિતી વાંચી. સર્પગંધાને પિત્તશામક ગણાવ્યું છે, પણ વાસ્તવમાં તે પિત્તકારક છે. આથી પિત્તપ્રકૃતિ ધરાવતી વ્યક્તિએ સર્પગંધા લેવું યોગ્ય નથી. પેટમાં બળતરા કરાવે છે.

સર્પગંધાની ટેબ્લેટ બનાવનાર પહેલી કંપની CIBA ફાર્મસી હતી. ટેબ્લેટનું નામ Cerpacil હતું. આ ટેબ્લેટ પોરબંદરની સુપ્રસિદ્ધ વૈદ્ય ભવાની શંકર પુષ્કર્ણાએ અમારા પિતાશ્રીને હાઇ બ્લડ પ્રેશર ઘટાડવા Cerpacil ટેબ્લેટ આપેલી, જેનાથી ઘણી રાહત મળી હતી.

મારું વતન પોરબંદર છે. વૈદ્ય ભવાનીશંકરના પુત્ર વૈદ્ય નિરંજનભાઇ અને હું જામનગર આયુર્વેદ કૉલેજમાં સાથે ભણ્યા હતા.

વૈદ્ય પ્રદીપ ઠાકર, નવાગઢ, જેતપુર

'સફારી' એ બંગાળના સેકા તથા બોઝ નામના સંશોધકોએ વર્ષો પહેલાં સર્પગંધા વિશે જે રિસર્ચ કર્યું તેનો આધાર લીધો. આપે સર્પગંધા પિત્તકારક હોવાનું જે લખ્યું તે યથાર્થ છે. આ વાતને સમર્થન આપતા બીજા સંદર્ભગ્રંથો પણ હમણાં તપાસ્યા. આપને જણાવવાનું કે પોરબંદરના વૈદ્ય ભવાનીશંકર પુષ્કર્ણા એટલે મારા પિતાજી સદ્દગત વિજયગુપ્ત મૌર્યના સગા મામા, એટલે વૈદ્ય નિરંજનભાઇ મારા કાકા છે.

-તંત્રી

* * *

શાળાનાં પાઠ્યપુસ્તકો

'સફારી' માં ઘણી વખત લખાયું કે શાળાનાં પાઠ્યપુસ્તકે દ્વારા વિદ્યાર્થી વર્ગને ગુલામીના જ પાઠો ભણાવવામાં આવે છે. અગાઉની સરકારોએ ડાબેરી ઇતિહાસકારો પાસે પાઠ્યપુસ્તકો લખાવ્યાં, જેમણે ઇતિહાસ તોડીમરોડીને વર્ણવ્યો. વર્તમાન કેન્દ્ર સરકાર રાષ્ટ્રવાદી લેખાય છે, છતાં તેણે પાઠ્યપુસ્તકે કેમ સુધાર્યા નથી?

'સફારી' ના મતે પાઠ્યપુસ્તકોમાં કેવા વિષયોનો સમાવેશ કરવો જોઇએ? શિક્ષણનું માધ્યમ અંગ્રેજીને બદલે માતૃભાષા રાખવું આજના વિજ્ઞાન અને ટેકનોલોજિના જમાનામાં કેટલી હદે પ્રેક્ટિકલ છે?

મીતેશ ભાવસાર, ઇ-મેઇલ દ્વારા; હર્ષવર્ધન મહેતા, મહેસાણા

પહેલી વાત એ કે સરકારમાં શિક્ષણખાતું સંભાળતો મંત્રી અનિવાર્ય પણે શિક્ષણશાસ્ત્રી તેમજ પુસ્તકોનો કીડો હોવો જોઇએ. એક સમયના ગુજરાતના શિક્ષણમંત્રી ભુવા-ડાકલિયાના ખેલ જોનારા, એટલે તેમની પાસેથી શી અપેક્ષા રાખી શકીએ? ઉપરાંત ભારતમાં પાઠ્યપુસ્તકોનું વાર્ષિક બજાર રૂા. ૨૮,000 કરોડની આસપાસનું છે, એટલે સત્તાધીશો તે બજારને ખાનગી ક્ષેત્રના હાથમાં તો કદાપિ જવા ન દે. અમેરિકામાં તથા પશ્ચિમ યુરોપી દેશોમાં સરકાર પાઠ્યપુસ્તકો ઠોકી બેસાડતી નથી. માત્ર અભ્યાસક્રમ / syllabus નક્કી કરે છે. અભ્યાસક્રમ મુજબ પ્રકાશકો જુદા જુદા લેખકો પાસે પુસ્તકો લખાવે છે. એક જ વિષય પર (દા.ત. પદાર્થવિજ્ઞાન / physics પર) દસ-બાર પુસ્તકો હોય અને વિદ્યાર્થિની કે વિદ્યાર્થી તેને રોચક જણાય તે પુસ્તક / પુસ્તકો પસંદ કરી લે. દરેક પરીક્ષાર્થીએ પોતાની ભાષામાં લખવાનું અને પરીક્ષક જે તે પરીક્ષાર્થીની સર્જનશક્તિ / creativity અનુસાર માર્ક્સ દે. કોઇ વાર એવો પ્રશ્ન થયો છે કે શાળા છે, તો કોચિંગ ક્લાસ શા માટે છે અને કોચિંગ ક્લાસ છે, તો શાળાની જરૂર શી છે? આપણે બાળકોનું બાળપણ જ છીનવીને તેમને ગોખણિયા મશીનો બનાવી રહ્યા છીએ.

શિક્ષણ માતૃભાષામાં જ અપાય તે જરૂરી છે, કેમ કે માતૃભાષા સાથે આપણા ભારતીય સંસ્કારો વણાયેલા છે. અંગ્રેજીને વિષય તરીકે ત્રીજા કે ચોથા ધોરણથી દાખલ કરી શકાય છે. વિજ્ઞાન અને ટેકનોલોજિના પર્યાયોની ગુજરાતીમાં કમી નથી. 'સફારી' માં નિયમિત લખાતા હોય છે.

-તંત્રી

* * *

ભૂલ સ્વીકાર

'સફારી' ના અંકોમાં કેટલીક ભૂલો જવા પામી છે, જેમના અંગે ચોખવટ કરીએ છીએ.

- અંક નં. ૩૨૨માં ૧૬મે પાને સાલ વૃક્ષના થડનો વ્યાસ ૨૦૦ મીટર લખી માર્યો છે. વાસ્તવિક આંકડો ૨૦ સેન્ટિમીટર છે.
- અંક નં. ૩૨૫માં 'મેથેમેજિક' પુસ્તકની જાહેરખબરમાં The Great Pyramid નું ભૌગોલિક સ્થાન ૬0° ઉત્તર અક્ષાંશે હોવાનું લખ્યું છે. હકીકતે 30° ઉત્તર અક્ષાંશે છે.

આ બન્ને ભૂલો પ્રત્યે મહેસાણાના ડૉ. સુધીરભાઇ પટેલે ધ્યાન દોર્યું, જે બદલે આભારી છીએ.

વધુ એક ભૂલ, જેના પ્રત્યે એકેય વાચકે ધ્યાન ન દોર્યા છતાં તેના અંગે કબૂલાત જરૂરી છે. દિવાળી અંકના તંત્રીલેખમાં માતૃભાષા ગુજરાતીના ગૌરવ વિશે ઘણું લખ્યું, પરંતુ એ જ અંકમાં ૩૫ મે પાને શીર્ષકમાં 'મહામૂલું' શબ્દ બે ટુકડે વહેંચાયો છે. આ ભૂલ અક્ષમ્ય હોવાનું સ્વીકારીએ છીએ.

-તંત્રી

એક ધરમ કરો: એક ધાડ ફ્રી મેળવો

સમાજવિજ્ઞાનમાં The Theory of Unintended Consequences નામનો વાયડો સિદ્ધાંત ખૂબ ચર્ચાયો છે. ઉમદા હેતુસર સારું કાર્ય બજાવી સારા પરિણામની આશા રાખો, પણ તેને બદલે ઉપાધિના ટોપલા માથે આવી પડે એવું ક્યારેક બનતું હોય છે. સિદ્ધાંતની ઝલક આપતો સરસ ટુચકો આપણે ત્યાં જાણીતો છે.

એક મોટા ગામમાં રેલવે સ્ટેશનની બહાર ફક્ત નાનું પેટ્રોલ પમ્પ હતું. કોઇ બીજી દુકાન નહિ. આથી જે પણ વ્યક્તિ આવે તે ગાડીનો સમય હંમેશા પેટ્રોલ પમ્પવાળાને જ પૂછે અને તેનું માથું પકવી નાખે.

‘આ લીંમડીની ગાડી ક્યારે આવશે?’ એ પ્રશ્નના જવાબમાં પમ્પવાળો એક કહે કે ‘સાડા સાતે’ તો બીજો સવાલ તરત પૂછાય કે, ‘એ પછીની ગાડી ક્યારે આવશે?’ વળી પેટ્રોલ પમ્પવાળો એમ જણાવે કે, ‘આઠ ને પાંત્રીસ મિનિટે’, એટલે પૂછનારો ફરી ત્રીજો સવાલ કરે કે, ‘એ પછી લીંમડી માટે એકેય ગાડી ખરી?’ જવામાં પમ્પવાળો ના પાડે તો પાછો જુદો સવાલ તેને સાંભળવા મળે કે, ‘ત્યારે સવારમાં લીંમડી માટે પહેલી ગાડી કેટલા વાગ્યાની?’



રોજ દરેક જણને આવા પાંચ-પાંચ સવાલોના જવાબ આપીને પેટ્રોલ પમ્પવાળો એવો ત્રાસી ગયો કે તેણે મોટા અક્ષરે પાટિયું ચિતરાવ્યું: ‘અહીં સવાલો પૂછવા નહિ.’

પાટિયું મુકાયા પછી બીજી જ સવારે પેટ્રોંલ લેવા માટે આવનાર પહેલા સ્કૂટર ચાલકે પમ્પવાળાને સવાલ ક્યોં: ‘અહીં લોકો તમને શું પૂછતા હતા?’

હવે સ્થિતિ પેટ્રોલ પમ્પવાળાએ ધારેલું તેના કરતાં સાવ જુદી બની. અગાઉ જેમને લીંમડી જવું હોય એ લોકો જ ટ્રેન વિશે પમ્પવાળાને સવાલ પૂછતા, પણ બોર્ડ લાગ્યા બાદ પેટ્રોલ લેવા આવતા બધા જણા પમ્પવાળાનું માથું ખાવા લાગ્યા-અને તેમની સંખ્યા લીંમડીના પેસેન્જરો કરતાં અનેકગણી વધારે હતી. ન ધારેલું આવું જ પરિણામ દર્શાવતા સિદ્ધાંતનું નામ છે: The Theory of Unintended Consequences.

ઊંધું વાગ્યાનાં આવાં ઘણાં ઉદાહરણો છે. એક તો આપણા ‘વાઇબ્રન્ટ’ ગુજરાતનો છે. લોકો દારૂની લતે ન ચડે તે માટે ગુજરાતમાં દારૂબંધીનો કાયદો છે, પરંતુ રાજ્યમાં એ નશાકારક પીણાની પરબો જ ખૂલવાનું બાકી છે તે આપણે જાણીએ છીએ. અમેરિકાએ ૧૯૨૦માં દારૂબંધીનો કાયદો દાખલ ક્યોં, કેમ કે સાનભાન ગુમાવીને લોકો ગુના આચરતા હતા. દારૂબંધીએ bootleggers નો નવો વર્ગ ખડો કરી દીધો. માફિયારાજ સ્થપાયું અને ખૂનામરકીનો પાર ન રહ્યો. એકબીજાની હરીફ માફિયા ટોળકીના સભ્યોની હત્યાઓ થવા લાગી. ફેબ્રુઆરી ૧૪, ૧૯૨૯ ના રોજ અલ કેપોન નામના ગેંગસ્ટરે હરીફ ટોળકીના ૭ જણાને મરાવી નાખ્યા. ગુનાખોરી ઘટાડવા માટે લેવાયેલા દારૂબંધીના પગલાએ ગુનાખોરી વધારી દીધી, એટલે સરકારે ૧૯૩૩માં દારૂબંધીનો કાયદો રદ ક્યોં.

અમેરિકાની યુનિવર્સિટિ ઑફ આલ્બર્ટાના. પ્રો. વિકાસ મલ્હોત્રાએ ૨૦૧૨માં સિદ્ધાંતનું વિશ્લેષણ કરતી વખતે ભારતમાં બ્રિટિશ શાસન દરમ્યાન બનેલો કિસ્સો ટાંક્યો. સોએક વર્ષ અગાઉ તત્કાલીન દિલ્લીમાં cobra / નાગનો ઉપદ્રવ ગંભીર સમસ્યા બન્યો હતો. વસ્તી અતિશય હતી. મહોલ્લાઓમાં તથા શેરીઓમાં ઠેર ઠેર નાગ સળવળતા હતા અને તેમનો ઝેરી ડંખ ઘણા લોકોનો ભોગ લેતો હતો.

ઉપદ્રવ મિટાવવા અંગ્રેજ શાસને સીધોસાદો લૉજિકલ તરીકો અપનાવ્યો. નાગને મારી હાજર કરનાર વ્યક્તિને અમુક રોકડ વળતર આપવાનું નક્કી ર્ક્યું. ઇનામ તરીકે નક્કી થયેલી રકમ આકર્ષક હોય એમ ધારી લઇએ, કેમ કે ઘણા લોકો શક્ય એટલા વધુ નાગને મારવાના ધંધે ચડ્યા. જો કે આવા ચપળ સર્પને પકડવાનું કામ સહેલું નહિ. વળી સંખ્યા ઘટવા માંડી, એટલે શોધવાનું કામ પણ જરા મુશ્કેલ બન્યું.

પ્રો. વિકાસ મલ્હોત્રાએ તેમના વિશ્લેષણાત્મક લેખમાં નોંધ્યું તેમ, અમુક લોકોએ સહેલો રસ્તો શોધી કાઢ્યો. નાગનાં ઉછેર-કેન્દ્રો ખોલ્યાં. જફા ઘટી અને કમાણી વધી. સત્તાવાળાઓને અવિરત સપ્લાય આપી રોકડી કરી શકાતી હતી. આ ખેલ અંગ્રેજ શાસકોના ધ્યાનમાં આવ્યો કે તરત વળતર આપવાની યોજના તેમણે પાછી ખેંચી લીધી. ઉછેરકેન્દ્રોમાં ખદબદતા નાગ ત્યાર પછી એ કેન્દ્રોના માલિકો માટે નિરુપયોગી બન્યા, એટલે તેમણે એ બધાને છોડી મૂક્યા. પરિણામે યોજના જાહેર કરાયા અગાઉ જેટલા નાગ દિલ્લીમાં નહોતા તેના કરતાં વધુ સંખ્યામાં દેખાવા લાગ્યા અને વધુ દિલ્લીવાસીઓને ઝેરી ડંખ વડે મારવા લાગ્યા. ●

FYI
FOR
YOUR
INFORMATION

કમ્પ્યૂટરના 'ક્લિક' પહેલાં માઉસનું 'ચૂં...ચૂં...'

ડિસેમ્બર, ૧૯૬૮માં અમેરિકામાં સાન ફ્રાન્સિકો શહેર ખાતે યોજાયેલી કમ્પ્યૂટર ટેકનોલોજિને લગતી કોન્ફરન્સમાં ડૂગ એન્જેલબાર્ટ નામના શોધકે નવતર જાતનું સાધન રજૂ કર્યુ. આ સાધન તેણે અને સ્ટેન્ફોર્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં રિસર્ચ કરતા તેના સહયોગીઓએ બનાવ્યું હતું. પાંચ વર્ષ સુધી તેઓ મથ્યા ત્યારે સફળતા મળી હતી.

ડૂગ એન્જેલબાર્ટે ઉપસ્થિતોને ૯૦ મિનિટ સુધી તે નવા સાધનનો 'ડેમો' આપ્યો. કોઇને અંશભાર કલ્પના નહોતી કે લાકડાના નાના ફર્સ્ટ ઍઇડ બોક્સ જેવું સાધન ઘણા વખત પછી કમ્પ્યૂટરના ક્ષેત્રે ૨૦ વર્ષ કરતાં વધુ સમય પોતાનું શાસન ચલાવવાનું હતું. કોન્ફરન્સમાં મોજૂદ કમ્પ્યૂટર સ્પેશ્યાલિસ્ટ બધું મળીને આશરે ૧,૦૦૦ હતા.

એન્જેલબાર્ટે ૨૦ ફૂટના સ્ક્રીન પર જે મોડેમના માધ્યમ દ્વારા સાધનની રજૂઆત કરી તેના વાયરનો બીજો છેડો (વાયા વાયરલેસ) તેની Mountain View નામના સ્થળે આવેલી લેબોરેટરી સાથે જોડાયેલો હતો. નિષ્ણાતોના આશ્ચર્ય વચ્ચે તેણે (આજના જાણીતા) graphical user interface / GUI વડે તેમજ (આજની જાણીતી) hypertext link વડે જુદો કમાલ બતાવ્યો. એક પછી એક પાનું ઊથલાવ્યું. કોન્ફરન્સમાં મોજૂદ સૌ આશ્ચર્ય પામ્યા. એન્જેલબાર્ટે પોતાના સાધનને 'x-y position indicator for a display system' તરીકે ઓળખાવ્યું. ટૂંકમાં, સાધન 'પોઇન્ટર' હતું. કમ્પ્યૂટરના સ્ક્રીન પરના જે પૃષ્ઠને તે ચીંધી બતાવે તેનો માહિતીસંગ્રહ ખૂલી જતો હતો અને સ્ક્રીન પર રજૂઆત પામતો હતો. આના માટે લાકડાના બોક્સ પરનું ગુલાબી બટન જ દાબવાનું રહેતું હતું. સાધનનું તેણે નામ રાખ્યું માઉસ. ઉદરની પૂંછડી જેવો વાયર તેની સાથે જોડાયેલો હતો. કોન્ફરન્સના ઑડિટોરિયમ એન્જેલબાર્ટે દોઢ કલાકે માઉસનો 'ડેમો' પૂરો ક્યો ત્યારે હાજર સૌ શ્રોતાઓ-પ્રેક્ષકો ઊભા થયા અને તાળીઓ વડે ડૂગ એન્જેલબાર્ટને બિરદાવ્યો.



નોંધનીય વાત એ કે ડૂગ એન્જેલબાર્ટે માઉસની શોધ કરી ત્યારે પર્સનલ કમ્પ્યૂટર હજી બન્યું ન હતું. એપ્રિલ, ૧૯૭૬માં Apple બજારમાં આવ્યું. એપલ કંપની તેનું ફક્ત સર્કીટ બોર્ડ ૬૬૬.૬૬ના ભાવે વેચતી હતી. ખરીદારોએ કમ્પ્યૂટરનું ખોખું જાતે બનાવી લેવાનું રહેતું હતું. (જુઓ ચિત્ર). માત્ર ૨૨૦ Apple I બન્યાં. આજની પ્રચલિત વ્યાખ્યા મુજબ તે પર્સનલ કમ્પ્યૂટર ન હતું. રીતસરનું PC ૧૯૮૧માં IBM કંપનીએ તૈયાર ર્ક્યું, જેનાં ત્યાર પછી ઘણા કારીગરોએ clones બનાવ્યાં; એટલે કે કોપી મારીને બજારમાં ખડકી દીધાં. ૧૯૮૧માં ૨૦,૦૦,૦૦૦ 'ક્લોન્સ' બન્યાં. સાંગોપાંગ ક્રાંતિનો તે આરંભ હતો



કમ્પ્યૂટર માઉસના શોધક ડૂગ એન્જેલબાર્ટ

માઉસના પ્રથમ મોડેલ પર સિંગલ બટન હતું. થોડા વખત પછી જે સુધારેલી આવૃત્તિ બનાવવામાં આવી તેને ત્રણ હતાં, પણ માઉસ 'સબ બંદર કે વેપારી' સાબિત થતાં ત્રણ કરતાં વધારે બટનોની આવશ્યક્તા જણાવા લાગી. આશ્ચર્ય લેખાય કે શરૂઆતે કમ્પ્યૂટર બનાવતી કંપનીઓને માઉસમાં રસ પડ્યો નહિ. આ સાધન માટે બહોળું માર્કેટ હોય એવું તેમને લાગતું ન હતું. વર્ષો બાદ ૧૯૮૪માં સ્ટીવ જોબ્સે તેના Apple Macintosh કમ્પ્યૂટરને માઉસ ઉપરાંત graphical user interface / GUI વડે સજ્જ ર્ક્યું ત્યારે માઉસ માટે ક્રાંતિનું પ્રભાત ખીલ્યું.●



FYi
FOR
YOUR
INFORMATION

સફારીના ડેટાબેઝ માંથી

નવેમ્બર ૨૧, ૧૮૮૨: અમેરિકાથી પેટન્ટ ઑફિસે પશાલ પ્લાન્ટ/Pashal Plant એવું જરા વિચિત્ર નામ ધરાવતા શોધકને Cork Swimming Suit ની પેટન્ટ (No. 267799) આપી. બૂચના થડની છાલ ઉખેડી ષટ્કોણ આકારે તેની લીસ્સી પટ્ટીઓ કાપીને પ્લાન્ટે સ્વિમિંગ સૂટ બનાવ્યો હતો. આ પોશાકનો ઉપયોગ શો? બે ઉપયોગો: (૧) તરતા ન આવડતું હોય એવા લોકોએ તરવાનો આનંદ (મન મારીને) જતો કરવાનો થાય નહિ; (૨) 'ટાઈટનિક' જેવી સ્ટીમરના જે પેસેન્જરને તરતા ન આવડતું હોય તેણે વૈતરણી તરવાની નોબત આવે નહિ.

Fig. 1.



Fig. 2.



આ ટેલિફોન ઑપરેટર યુવતીઓનો ફોટો ૧૯મી સદીનો છે. સૌ ખુશખુશાલ કેમ દેખાય છે? આજે ડિજિટલ યુગમાં આપણે privacy / નિજિતા અંગે ચિંતિત છીએ. ૧૯મી સદીમાં દરેક વ્યક્તિના અંગત જીવનની સઘળી વાતા છાપરે ચડતી હતી. આ ટેલિફોન એક્સ્ચેંજમાં કામગીરી બજાવતી સૌ યુવતીઓ બે પાર્ટીઓ વચ્ચે ટેલિફોનિક જોડાણ કરી આપે ત્યારે વાર્તાલાપ શક્ય બને. આ યુવતીઓ પતિ અને પત્ની વચ્ચેનો ઝઘડો, બિઝનેસને લગતા સોદાઓ, પતિનો તેની પ્રેમિકા સાથેનો વાર્તાલાપ, બ્લેક-મેઈલિંગની ધમકીઓ અને રાત્રે કોના ઘરે શી રસોઇ થવાની તેની પણ માહિતી સાંભળી શકતી અને પછી એ ટેલિફોન એક્સ્ચેંજની ધોળી કાગડીઓના કોટે કંકોત્રી બંધાયાની જેમ ચટપટી વાતો ક્યારેક શહેરભરમાં છાપરે ચડતી હતી. ડાયવાળો ફોન બન્યા પછી તેણે નાગરિકોના જીવનને public domainમાંથી બહાર કાઢ્યું અને થોડા (બહુ થોડા અંશે) privacy ના ક્ષેત્રમાં આણ્યું.

તારીખ જુલાઇ ૧૩, ૧૮૦૫: જગતની પહેલી ઉભયજીવી / amphibious car, જેના માટે ઓલિવર ઈવાન્સ નામના અમેરિકન શોધકે પેટન્ટ અધિકારો નોંધાવ્યા. જમીન પર દોડતી અને પાણી પર પણ હંકારતી મોટર સ્ટીમ-પાવર્ડ હતી. કોલસો બાળતી હતી.



ઑગસ્ટ, ૨૦૦૮: સેલિબ્રિટિ લોકોનાં મીણનાં હૂબહૂ બાવલાં પ્રદર્શિત કરતા બ્રિટનના મેડમ ટુસાડ મ્યૂઝિયમે જર્મનીના બર્લિનમાં શાખા ખોલી અને તેમાં અન્ય મહાનુભાવોનાં પૂતળાં ભેગું હિટલરનું lifelike statue મૂક્યું. જર્મનીમાં તરત દેકારો બોલ્યો. અમુક જણાએ મ્યૂઝિયમમાં પ્રવેશી તોડફોડ મચાવી દીધી. શા માટે? વિશ્વયુદ્ધમાં જર્મનીને પાયમાલ કરી દેનાર હિટલર લોકોમાં અપ્રિય તો ખરો, પણ મુખ્ય કારણ એ ન હતું. જુદું હતું. ટુસાડના શિલ્પી કલાકારોએ હિટલરનો ચહેરો નોર્મલ માણસ જેવો બનાવ્યો હતો. નરરાક્ષસ જોડે સામ્ય ધરાવતો હોય એ જાતનો હોવો જોઈએ. ●


A Madame Tussauds waxwork of Hitler

લાઇ ડિટેક્ટર વડે સચ્ચા-જૂઠાની પરખ કરી શકાય છે.

વાયકા : **પારિભાષિક શબ્દ મુજબ polygraph કહેવાતાં લાઇ ડિટેક્ટર મશીન વડે ગુનાશોધકો જાણી શકે છે કે ઊલટતપાસ વખતે શકમંદ આરોપી તેને પૂછાયેલા સવાલના જવાબમાં સાચું બોલ્યો કે ખોટું બોલ્યો.**

વાસ્તવિકતા : લાઈ ડિટેક્ટર દ્વારા મળેલા નિષ્કર્ષને અદાલત હંમેશા સ્વીકાર્ય ગણે એ વર્ષો થયે ચાલી આવતી માન્યતાને ભૂલી જજો. આમ તો (ખાસ કરી ભારતમાં) શકમંદ આરોપીના મોંઢે સાચી બાતમી કઢાવવા માટે તેને અમાનવીય રીતે થર્ડ ડિગ્રી યાતના અપાય છે, પરંતુ ક્યારેક તેમાં ન્યાયનો હેતુ જ માર્યો જાય છે. દોષિત આરોપી જો રીઢો ગુનેગાર હોય તો ગમે તેટલો માર પડવા છતાં કદાચ પોતાનો અપરાધ ન કબૂલે, જ્યારે ઢીલો-પોચો આરોપી ત્રાસીને ફક્ત છુટકારો મેળવવા ખાતર (હકીકતે પોતે ન કરેલા) ગુનાનું કબૂલાતનામું લખી આપે.

મધ્યયુગી ચીનમાં જુદી પ્રથા હતી. જૂઠું બોલવા માગતા કે બોલી ચૂકેલા અપરાધીને પકડાવાનો અને સજા મળવાનો ડર હોય, માટે તેનું મોં સૂકું પડી જાય તે વાતને ધ્યાનમાં લેતાં ચીની ન્યાયધીશો શકમંદ આરોપીને મુઠ્ઠીભર ચોખાના દાણા ખાવાનું ફરમાવતા હતા. નિયત સમય પછી આરોપીએ પવિત્ર ગણાતાં પાંદડાં પર કૂચો થૂંકી કાઢવાનો, અને તે કૂચો જો સારો એવો ભીનો એટલે કે લાળ વડે ભરપૂર હોય તો અર્થ એ કે આરોપી સત્યવાદી અને નિર્દોષ છે. આ કદાચ માનવજાતે શોધેલી સર્વપ્રથમ 'લાઈ ડેટેક્ટર' ટેસ્ટ હતી.

અહીંથી વાત આગળ ચાલી. જુઠ્ઠાબોલાનું મોં સૂકું પડી જાય તેમ માનસિક તણાવને લીધે હૃદયના ધબકારા પણ વધી જાય એ વાત પ્રત્યે ડેનિયલ ડેફો નામના ('રોબિનસન ક્રૂઝો' વાર્તાના) લેખકે ૧૭૩૦ માં ગુનાશોધકોનું ધ્યાન દોર્યું. ઈટાલિયન ગુનાશોધક સીઝર લોમ્બ્રાસો ત્યાર બાદ પહેલો એવો નિષ્ણાત કે જેણે તબીબી સાધનો વાપરી જે તે આરોપીની પ્રતિક્રિયા માપી. પૉલિગ્રાફ મશીનની પ્રથમ આવૃત્તિ ૧૯૧૦ના દસકામાં અમેરિકન માનસશાસ્ત્રી વિલિયમ એમ. માર્સ્ટને તૈયાર કરી અને પછી વધુ સંકીર્ણ મોડેલો બનાવવામાં આવ્યાં.

સાધન ગમે તેટલું સંકીર્ણ હોય, પણ છેવટે તો આરોપીની શારીરિક તથા માનસિક પ્રતિક્રિયાનું મહત્ત્વ છે. લાઈ ડિટેક્ટર લેબલ એ રીતે ખોટું છે. 'જુઠ્ઠાણું શોધી કાઢનાર' એવો તેનો અર્થ થાય છે. હકીકતમાં સાધન સાચા-ખોટા વચ્ચેનો ભેદ પાડી બતાવતું નથી, પણ આરોપીનું માત્ર બ્લડ પ્રેશર, શ્વાસોચ્છ્વાસ અને પરસેવો માપે છે. આથી સાધનનું યોગ્ય નામ પોલિગ્રાફ / polygraph છે. (poly = અનેક) સાધન આડી લીટીમાં ત્રણ-ચાર ગ્રાફ દોરે છે. નમૂનો જોઈ લો.

ગુનાશોધકો આરોપીને મુખ્ય ત્રણ પ્રકારના સવાલો પૂછે છે, જેમની કુલ સંખ્યા દસેક જેટલી હોય છે. આ છે ત્રણ પ્રકારો: (૧) પ્રથમ ચાર સવાલો 'આજે શુક્રવાર છે?' જેવા તદ્દન સામાન્ય હોય છે. આરોપીને ત્યારે જવાબ આપતી વખતે માનસિક તણાવ જણાતો નથી, માટે તેની નૉર્મલ વર્તણૂકનું લેવલ ગુનાશોધકોને ખબર પડી આવે છે. પૉલિગ્રાફની સોય ત્યારે ગ્રાફ પણ ખાસ ઉતારચડાવ વગરનો નૉર્મલ પ્રકારનો આંકે છે. (૨) ગુનાશોધનની પરિભાષામાં control questions કહેવાતા બે સવાલો કોઈક જુદી અને જૂની ગેરપ્રવૃત્તિને લગતા હોય છે. માનો કે ચોરીના મામલા અંગે પૂછપરછ ચાલી રહી છે, તો 'અગાઉ ક્યારેય ચોરી કરી છે?' એવો પ્રશ્ન આરોપીને (જો તે ગુનેગાર હોય તો) જરા ટેન્શનમાં મૂકી દે છે. નિર્દોષ વ્યક્તિ (અપરાધી નહિ, પણ માત્ર આરોપી) મોટા ભાગે આત્મવિશ્વાસ સાથે જવાબ આપે, કેમ કે તેણે કશું છુપાવવાનું હોતું નથી. (૩) ચાર સવાલો એવા કે જેમને તપાસ હેઠળના કેસ જોડે સંબંધ હોય છે. આરોપી ત્યારે જૂઠું બોલે તો ગ્રાફ કેવો અંકાય તે અહીં નમૂનામાં છેક નીચે બતાવ્યું છે.

પૉલિગ્રાફ ચર્ચાસ્પદ સાધન છે, પણ અમેરિકાની સુપ્રિમ કોર્ટે ૨૦૧૦માં જણાવ્યું કે મનને કાબૂમાં રાખી જાણતા અર્થાત્ અપરાધી માટે પૉલિગ્રાફને છેતરવાનું મુશ્કેલ નથી. કોર્ટે એ પણ નોંધ્યું કે નિયમિત ધ્યાન / meditation અને યોગ કરનાર વ્યક્તિને પૉલિગ્રાફ વડે ચકાસવાનું નિરર્થક છે.●



ડિ. એન. કૌશિક

'ડાકિયા ડાક લાયા'ની ભૂલીબિસરી અમેરિકી પૉસ્ટલ સર્વિસ:પૉની એક્સપ્રેસ

વિસ્મિત કરી મૂકે તેવી ટપાલ સેવા આજથી ૧૬૦ વર્ષ અગાઉ હંમેશ માટે વીતી ગયેલો ઇતિહાસ બની. પ્રસ્તુત લેખ તે ઇતિહાસનાં પૃષ્ઠો એક પછી એક કરીને ફેરવે છે અને કલ્પનાસૃષ્ટિમાં રાચતા હોવાની અનુભૂતિ કરાવે છે. ઇતિહાસનું ક્યારેક ને ક્યારેક પુનરાવર્તન થતું હોવાનું કહેવાય છે. પૉની એક્સપ્રેસની બાબતમાં એવું બનવાનું નથી.

ઈ.સ. પૂર્વે ૫૦૦ માં પર્શિયાના (ઈરાનના) સમ્રાટ ડેરિયસે સંદેશાના પ્રસારણ માટે તેના પ્રજાજનોમાંથી બુલંદ અવાજવાળા માણસોને શોધી કઢાવ્યા હતા. ઊંચા પર્વતની ટોચે રહીને આવાં જીવંત મેગાફોન તળેટીમાં વસેલાં નગરોના રહીશોને શાહી એલાનો સંભળાવતા હતા. ઉદ્‌ઘોષક તેના ફેફસાંમાં અને સ્વરપેટીમાં જેટલો દમ હોય તે પૂરેપૂરો વાપરીને ઘાંટો પાડે, છતાં પ્રસારણ સ્થાનિક જ રહેતું હતું. લાંબી દૂરીના સંદેશવ્યવહાર માટે પ્રાચીન ગ્રીસના લોકોએ મશાલો વાપરવાનું શરૂ કર્યું. દર થોડા મીટર/કિલોમીટરના ફાસલે આવેલી ટેકરીઓ પરના મશાલચીઓ રાત્રે તેમની મશાલોને અમુક નિયત પ્રકારે વીંઝતા અને સામી ટેકરી પરનો માણસ અંધારામાં તેજલિસોટાની pattern / અભિરચના અવલોકીને સંદેશો પામી લે.

આ પદ્ધતિ રોમન સામ્રાજ્યમાં પણ અમલી હતી અને long distance communication માટે વપરાતી હતી. એક રોચક કિસ્સો નોંધીએ. ઈ.સ. ૪૩ માં રોમનોએ બ્રિટન પર આક્રમણ કર્યું. આ કપરું સાહસ હતું. ઈંગ્લિશ ખાડી ઓળંગીને રોમનોનાં સૈનિકવાહક વહાણો કાંઠે પહોંચે તે પહેલાં કિનારા પરની તોપો વડે બ્રિટિશ ફોજે ગોલંદાજી શરૂ કરી દીધી. કમરડૂબ પાણીમાં જ ત્યાર પછી એ ફોજે રોમન લશ્કરનો સજ્જડ મુકાબલો કર્યો અને સામસામી કાપાકાપીએ દરિયાને લાલ કરી મૂક્યો. આશરે ૧,૧૦૦ કિલોમીટર છેટે રોમન સમ્રાટ ક્લૉડિઅસને હાર-જીતના ખબર મેળવવા ચટપટી થતી હતી. (ક્લૉડિઅસ બોલતી વખતે તોતડાતો હતો.) ઘણા દિવસો વીત્યા, પણ સમાચાર ન આવ્યા. સંઘર્ષ લાંબો ચાલ્યો. બ્રિટિશ લશ્કર દ્વારા થતો પ્રતિકાર રોમનો માટે



પર્શિયામાં (ઇરાનમાં) સંદેશાના વાહકો ડુંગરની ટોચે રહીને ઘાંટા પાડતા હતા

કઠોર નીવડી રહ્યો હતો. રોમન સેનાપતિને લાગ્યું કે રણનીતિ અંગે વિચારવિમર્શ કરવા સમ્રાટ ક્લૉડિઅસની હાજરી જરૂરી હતી. પર્વતોની ટોચે કતારબંધ ખડા કરાયેલા મશાલચીઓ દ્વારા સંદેશો પ્રસારિત કરાયો અને ગણતરીના કલાકોમાં તે સાંકેતિક મેસેજ સમ્રાટ ક્લૉડિઅસને પહોંચ્યો. સમ્રાટ તરત રસાલા સાથે નીકળી પડ્યો. બ્રિટન પહોંચી રોમન સૈનિકોને જુસ્સો બઢાવ્યો અને રણનીતિમાં પણ ફેરફાર કર્યો. બ્રિટન હાર્યું અને રોમનોએ બ્રિટન પર ત્યાર પછી સળંગ ૩૬૭ વર્ષ સુધી રાજ કર્યું.

વિઝ્યુઅલ (દશ્યમાન) સંદેશાઓનું પ્રસારણ ત્યાર પછી ફ્રાન્સે ૧૭૯૨માં semaphore પદ્ધતિ વડે ઝડપી બનાવ્યું. સેમાફોર તે પછી રેલવે સિગ્નલો તરીકે પણ વપરાવા લાગ્યા. આ પરિવર્તનો થયા છતાં સંદેશવ્યવહારને ઝડપી બનાવવામાં પ્રગતિ બહુ ધીમી ચાલી અને તેમાં રહી ગયેલી મોટી ઊણપ તો એ કે સંદેશાઓ લેખિત ન હતા. આ કસરને લીધે સંદેશો માંડીને વર્ણવી શકાતો ન હતો. બ્રિટને ૧૬૪૩માં તથા અમેરિકાએ ૧૭૭૫માં પોસ્ટલ સર્વિસનો આરંભ કર્યો. ટપાલો પહોંચાડવા માટે ઘોડાગાડી સિવાય બીજાં વાહનો ન હતાં. પાકા રસ્તા પણ નહિ. ટપાલ પહોંચવામાં સપ્તાહો વીતી જતાં હતાં.

બ્રિટનની સરખામણીએ ૪૦ગણો વિશાળ ભૌગોલિક પ્રદેશ ધરાવતા અમેરિકામાં તો ટપાલની ડિલિવરીમાં ઘણો વિલંબ થતો હતો. વર્ષો પછી જે પોસ્ટલ સર્વિસે એવા વિલંબનો તોડ કાઢ્યો તે અજીબોગરીબ હતી. દંતકથામાં ખપી જાય એવી હતી, પણ વાસ્તવિક હતી. આ પોસ્ટલ સર્વિસ પર કાયમી પડદો પડ્યાને ચાલુ વર્ષે (૨૦૨૧માં) ૧૬૦ વર્ષ થયાં તે બહાને એટલાં જ વર્ષ પહેલાંના ભૂતકાળમાં જઈએ.

પહેલી રેપીડ પોસ્ટઃ પોની એક્સપ્રેસ

આજથી સહેજ ૧૩૫ વર્ષ પહેલાં અમેરિકાના કેટલાક પ્રાંતોમાં લોકોને જરા કુતૂહલપ્રેરક જાહેરખબર વાંચવા મળી, જેમાં લખ્યું હતું, 'જોઈએ છે–અઢાર વર્ષ કરતાં ઓછી વયના એકવડા બાંધાના પણ ખડતલ યુવાનો, જેઓ સરસ રીતે ઘોડેસવારી કરી શકે અને રોજેરોજ મોતનો સામનો કરી જાણે. માતાપિતા અને બીજાં સગાંવહાલાં વગરના યુવાનોને પહેલી પસંદગી.'

જાહેરખબર વાંચનારા અમેરિકનો જરા અચરજ પામ્યા. આ નોકરી કેવા પ્રકારની? ઉમેદવાર સિંગલ બોડીના જોઈએ. વળી શરીરે મજબૂત પણ જોઈએ. કામ ઘોડેસવારીનું, છતાં તેમાં જાનનું ડગલે ને પગલે જોખમ હતું. માટે ઉમેદવાર સાવ અનાથ હોય તો વધારે સારું. ટૂંકમાં, કોઈ આગળપાછળ રડનાર નહિ.

સૈનિકોની ભરતી કરવા માટે અપાતી જાહેરખબરમાં આવું લખાણ હોય તે સમજ્યા, પણ અહીં તો એક ખાનગી પેઢીનું સરનામું લખ્યું હતું.

પોસ્ટર તરીકેની અને ભીંત પર લગાડેલી જાહેરખબર સૌને માર્ચ ૧૮૬૦માં વાંચવા મળી. બીજે મહિને એપ્રિલ ૧૮૬૦માં તેનો ફોડ પડયો ત્યારે અમેરિકનો વધારે હેરત પામી ગયા. મહિનો શરૂ થયાના ત્રીજે દિવસે (તારીખ એપ્રિલ ૩, ૧૮૬૦ના રોજ) બે ચુનંદા ઘોડેસવારોએ સામસામી દિશામાં પોતપોતાનો ઘોડો દોડાવ્યો. સાથે ટપાલબેગ લીધી અને તબડક બોલાવતા દેમાર નીકળી પડયા. એક ઘોડેસવાર સેન્ટ જોસેફ નગરનો હતો, જ્યારે બીજો સેક્રેમેન્ટોનો હતો. નગરો વચ્ચે ૩,૧૪૫ કિલોમીટરનું એટલે કે લગભગ કાશ્મીર-ટુ-કન્યાકુમારી જેટલું અંતર હતું. ઘોડેસવારી દ્વારા જ ટપાલના પત્રોને આટલે દૂર પહોંચાડી શકાય કે કેમ એવો સવાલ અનેક લોકોના મનમાં પેદા થયો, પણ કેટલાક દિવસો પછી ખબર પડી કે આવા તો કેટલાય ઘોડા પૂર્વ-પશ્ચિમ દોડવા માંડ્યા હતા. મતલબ કે પેલી જાહેરખબર આપનાર પેઢીએ રીતસર

'જોઈએ છે' ની જાહેરખબરનું પોસ્ટર, જેમાં અપેક્ષિત લાયકાતો પણ જણાવેલી હતી



PONY EXPRESS

ST. JOSEPH, MISSOURI to CALIFORNIA

in ten days or less.

WANTED

YOUNG, SKINNY, WIRY FELLOWS

not over eighteen, must be expert riders,

willing to risk death daily.

Orphans preferred.

Wages $25 per week

APPLY PONY EXPRESS STABLES

ST. JOSEPH, MISSOURI

પહેલી રેપીડ પોસ્ટઃ પૉની એક્સપ્રેસ

ટપાલસેવા આરંભી દીધી હતી. પત્રોની એક્સપ્રેસ ડિલિવરી તે કરી આપતી હતી, જેના માટે પાણીદાર ઘોડા દોડાવવામાં આવતા હતા. ઘોડાને ક્યારેક પૉની કહેવાય માટે એ ટપાલસેવાનું નામ પૉની એક્સપ્રેસ રાખવામાં આવ્યું હતું.

દેખીતું છે કે પૉની એક્સપ્રેસ ટપાલસેવાનો આરંભ થયો એ વખતે સંજોગો બહુ જુદા હતા. કોલમ્બસે અમેરિકા ખંડ શોધ્યો તે પછી યુરોપના લાખો ગોરા લોકો ત્યાં ગયા અને હંમેશ માટે વસી ગયા. નવા મુલકમાં તેમણે ગામડાં, કસબા અને નગરો બનાવ્યાં. સૌ પ્રથમ અમેરિકાના પૂર્વ કાંઠે વસાહતો સ્થાપી, અને ત્યાર બાદ તેઓ પશ્ચિમ તરફ આગળ વધ્યા. પશ્ચિમના કેલિફોર્નિયા જેવા પ્રદેશોમાં સોનું મળી આવ્યું, માટે પૈસાદાર થવાના લોભે રોજેરોજ વધુ ને વધુ લોકો તેમના કુટુંબકબીલા સાથે પશ્ચિમે જતા રહ્યા. આમ પૂર્વ અમેરિકાની ગોરી પ્રજા અને પશ્ચિમ અમેરિકાની ગોરી પ્રજા વચ્ચે ખાસ્સું અંતર પડી ગયું.

એકબીજાના સંપર્કમાં કેમ રહેવું એ સવાલ જાગ્યો. અઢારમી સદીમાં જુલાઇ ૨૬, ૧૭૭૫ના દિવસે પહેલી વાર અમેરિકન સરકારે ટપાલસેવા શરૂ કરી, પરંતુ જે દેશ ભારત કરતાં પોણા ત્રણગણો મોટો હોય તેના દરેક ખૂણે ટપાલ પહોંચાડવા માટે અનેક સગવડો જોઇએ. બુનિયાદી વ્યવસ્થા તરીકે પ્રથમ તો વાહનવ્યવહાર જોઇએ. વાહનોમાં મુખ્યત્વે ઘોડાગાડી જ હતી, એટલે ટપાલના થેલા તેના મારફત ચારે કોર મોકલાતા હતા. પહાડો, મેદાનો, જંગલો, નદી-નાળાં વગેરેને ઝડપભેર પાર કરી જવાં એ ઘોડાગાડીનું કામ નહિ. આથી પૂર્વ અમેરિકાના વતનીએ લખેલી ટપાલ ત્રણ અઠવાડિયાં કરતાં પણ વધુ સમયે પશ્ચિમ અમેરિકા પહોંચતી હતી અને દરેક વ્યક્તિને આખા વર્ષમાં ફક્ત ૧ પત્ર લખવા મળતો હતો.



પૉની એક્સપ્રેસના સ્થાપક ત્રિપુટીઃ વિલિઅમ રસેલ, એલેક્ઝાન્ડર મેજર્સ અને વિલિયમ વેડેલ



કલાકો સુધી પૂરપાટ દોડી શકતા મુસ્ટાંગ ઓલાદના ઘોડા ખડતલ અને ખમતીધર, એટલે પૉની એક્સપ્રેસ માટે પસંદ કરવામાં આવ્યા હતા

એક ખાનગી પેઢીના વિલિયમ રસેલ નામના માલિકને થયું કે ટપાલ વહેંચવાનું કામ સાચે જ બહુ ઝડપી બનાવવું જોઇએ. આ વાત તેણે પોતાના બે મિત્રોને કરી જેમાં એલેક્ઝાન્ડર મેજર્સ નામનો વેપારી માલના ટ્રાન્સપોર્ટનો બિઝનેસ ચલાવતો હતો. બીજો મિત્ર વિલિયમ વેડેલ ઘણી જાતના ધંધા કરતો હતો. મેજર્સની જેમ એ પણ માલેતુજાર હતો. ત્રણેય મિત્રો ઉત્સાહી હતા. કશુંક નવું કરવાની ધગશવાળા હતા. જાન્યુઆરી ૧૮૬૦માં બધાએ ભેગા મળીને અનોખી યોજના ઘડી કાઢી. ઘોડાગાડી નહિ, પણ માત્ર ઘોડા દોડાવવાનું નક્કી કર્યું. ઘોડસવારીમાં બહુ પાવરધો એવો પોસ્ટમેન ઘોડા પર બેસે, પાણીદાર ઘોડાને પવનવેગે દોડાવે, માર્ગમાં જરૂર પડે ત્યાં થાકેલા ઘોડાને પડતો મૂકી બીજા ઘોડા પર બેસે, વળી એ પોસ્ટમેન થાકે ત્યારે બીજો પોસ્ટમેન ટપાલ સાથે આગળ પ્રવાસ ખેડે અને હજારો કિલોમીટરનું અંતર કાપતી ટપાલ એ રીતે છેવટે પોતાના સરનામે પહોંચે—અને તેય સુપરફાસ્ટ વેગને કારણે એક્સપ્રેસ ડિલિવરીથી.

યોજના કેટલી સરસ હતી! ફક્ત ઘોડા દોડાવવાના. આમ છતાં કાશ્મીર-ટુ-કન્યાકુમારી જેટલું અંતર કાપવું તે સામાન્ય વાત ન હતી. આ માટે ડઝનના હિસાબે ઘોડા જોઇએ અને સંખ્યાબંધ ઘોડેસવારો પણ જોઇએ. ટપાલ પહોંચાડવાનું કામ ઝડપી બનાવવું હોય તો તેમની વચ્ચે એ કામ વહેંચી દેવું આવશ્યક હતું.

વિલિયમ રસેલે સૌ પહેલાં ૪૦૦ ઘોડા પસંદ કર્યા. અંગ્રેજીમાં જેને mustang / મુસ્ટાંગ કહેવાય એ જાતના મેદાની ઘોડા તેણે બરાબર પારખીને વેચાતા લીધા. ખાડા અને ટેકરાવાળા તેમજ ઘાસ અને કાદવવાળા મેદાન પર કલાકો સુધી એકધારું દોડવામાં મુસ્ટાંગ ઘોડા બીજી નસ્લોના અશ્વોને ઝાંખા પાડી દે. તાલીમ પામેલો મુસ્ટાંગ વળી બહુ સમજુ હોય, ઈશારામાં જ પોતાના સવારનો હુકમ પામી જાય અને થાકે તો પણ વફાદારીપૂર્વક દોડવાનું ચાલુ રાખે. આ ઘોડાના

કાફલા માટે વિલિયમ રસેલે ૮૦ ઘોડેસવારોને પણ ચકાસીને પસંદ કર્યા. સૌની વય અઢાર વર્ષ કરતાં ઓછી હતી. વજન ૫૮ કિલોગ્રામ અથવા તેના કરતાંય ઓછું હતું, કેમ કે લાંબી દોડના ઘોડાને તેના સવારનો અતિશય ભાર જણાય તે યોગ્ય નહિ. વિલિયમ રસેલે અને તેના ભાગીદારો એલેક્ઝાન્ડર મેજર્સ ને વિલિયમ વેડેલે દરેક ઘોડેસવાર માટે ૧૦૦ થી ૧૫૦ ડોલરનો માસિક પગાર નક્કી કર્યો. ઓગણીસમી સદીમાં તો આટલી રકમ પણ બહુ મોટી ગણાતી હતી.

ત્યાર પછી એક કામ બાકી રહ્યું—અને તે બહુ મોટું હતું. ૩,૧૪૫ કિલોમીટર લાંબા માર્ગમાં વચ્ચે વચ્ચે રીલે મથકોનો બંદોબસ્ત કરવો પડે તેમ હતો. ઓલિમ્પિક રમતી વખતે રીલે દોડસ્પર્ધાનો એક દોડવીર જેમ પોતાના હાથમાં રહેલું પીપૂડું બીજા દોડવીરને સુપરત કરે અને ત્યાર પછી બીજો દોડવીર ત્રીજા તરફ દોડે એ રીતે અહીં પણ ઘોડાના તેમજ ઘોડેસવારોના વારા કાઢવાના હતા. આ માટે આખા માર્ગે અનેક રીલે મથકો હોવા જોઈએ. વિલિયમ રસેલે આવાં ૧૫૭ મથકો ઓછામાં ઓછા ૧૨ અને વધુમાં વધુ ૩૨ કિલોમીટરના અંતરે સ્થાપ્યાં. દરેક મથક ઘોડાના અને ઘોડેસવારોના અડ્ડા જેવું હતું. અડ્ડામાં તાજા ઘાસનો પુરવઠો, બે-ત્રણ તેજીલા ઘોડા, પાણીની પરબ, એકાદ-બે તાજામાજા ઘોડેસવારો, આજુબાજુનું ઘાસ અને પાણી લાવવા માટે એક ખાસ બગી, નોકરચાકરો વગેરેનો બંદોબસ્ત રસેલે કર્યો. છૂટે હાથે પૈસા ખર્ચી નાખ્યા. રસેલના મનમાં એક જ વાત હતીઃ ખર્ચ ગમે તે થાય, પણ ટપાલ પહોંચવામાં ક્યારેય મોડું ન થવું જોઈએ. પૉની એક્સપ્રેસ શબ્દોમાં 'એક્સપ્રેસ' નો મતલબ જ એ કે સેન્ટ જોસેફ અને સેક્રેમેન્ટો વચ્ચે ટપાલવ્યવહાર ઝડપી રીતે ચાલે.



પૉની એક્સપ્રેસનો ૩,૧૪૫ કિમી.નો પથ

વિલિયમ રસેલે ફક્ત સેન્ટ જોસેફ અને સેક્રેમેન્ટો વચ્ચે પૉની એક્સપ્રેસ દોડાવવાનું કેમ નક્કી કર્યુ તેની ભૂમિકા જાણવા નકશો તપાસો. યુરોપથી આવેલા વસાહતી લોકો પહેલાં બોસ્ટનના અને ફિલાડેલ્ફિયાના પૂર્વ કાંઠે ઊતર્યા, પછી ધીમે ધીમે પશ્ચિમ તરફ જવા માંડ્યા અને ત્યાર બાદ સેન્ટ જોસેફ પાસે અટકી ગયા. રેલવેલાઈન પણ સેન્ટ જોસેફ સુધી જ તેમણે બાંધી, આમ પૂર્વના અને દક્ષિણના અમેરિકનો ટ્રેન દ્વારા તેમની ટપાલો સેન્ટ જોસેફ સુધી મોકલી શકે, પણ ત્યાર બાદ ટપાલના થેલા સાન ફ્રાન્સિસ્કો અને સેક્રેમેન્ટો જેવાં પશ્ચિમનાં શહેરોને પહોંચાડવાનું કામ ઘોડાગાડીએ કરવું પડતું હતું. થેલાને સેક્રેમેન્ટો પહોંચાડી દેવાય તો પણ ઘણું, કેમ કે એ પછી સાન ફ્રાન્સિસ્કો શહેર બહુ છેટે ન હતું. એક વાર ટપાલો સાન ફ્રાન્સિસ્કોને વાયા સેક્રેમેન્ટો મળી જાય એટલે પશ્ચિમ અમેરિકામાં બધે જ વહેંચણી કરવાનું સહેલું બને.



અમેરિકાના મૂળ આદિવાસી રેડ ઈન્ડિયનો પીછો કરે એ વખતે અશ્વારોહી સહીસલામત બચે કે કેમ તેનો સંપૂર્ણ મદાર તેના મુસ્ટાંગ ઘોડા પર રહેતો હતો. પિસ્તોલ પણ એ વખતે કામ લાગતી હતી

પરંતુ સહેલું બનાવવું મુશ્કેલ હતું. પ્રથમ મુશ્કેલી એ કે સેન્ટ જોસેફ અને સેક્રેમેન્ટો વચ્ચેનું અંતર કાપવામાં જ દરેક ઘોડાગાડી ત્રણ-ચાર અઠવાડિયાં લગાડતી હતી. ક્યારેક તેનો પ્રવાસ અધૂરો પણ રહી જતો હતો. અમેરિકાના મૂળ વતની રેડ ઈન્ડિયનો તેને વચ્ચે આંતરી લેતા હતા. ટપાલ સિવાય બીજો જે માલ હોય તેને લૂંટ્યા બાદ ઘોડાગાડીના ચાલકોને મારી નાખતા હતા. ઉપરાંત ગોરા ડાકુ-લૂંટારાનોય ભારે ત્રાસ હતો.

આ બધી મુસીબતોનો અંત લાવવા વિલિયમ રસેલને પૉની એક્સપ્રેસ દોડાવવાનો વિચાર આવ્યો તે પછી બે મહિનામાં તો તેણે અમેરિકાના સામસામા છેડે બે મુસ્ટાંગ ઘોડાને દોડવા તૈયાર કરી દીધા, જ્યારે બીજા સેંકડો ઘોડા માર્ગના ૧૫૭ રીલે મથકોમાં તૈયાર હતા.

પહેલી સ્પીડ પૉસ્ટઃ પૉની એક્સપ્રેસ

એપ્રિલ ૩, ૧૮૬૦ નો દિવસ ઊગ્યો. બપોર પડી, સાંજ નમી અને છેવટે રાત પડી. સેન્ટ જોસેફમાં એ વખતે જહોન રીચર્ડસન નામનો યુવાન ઘોડેસવાર તેના મુસ્ટાંગ ઘોડા પર બેઠો, ટપાલબેગ તપાસી લીધી, એક છરી અને બે રિવોલ્વર કમરપટ્ટામાં ફીટ કરી અને પછી તેના મિત્રે બાઈબલનું પુસ્તક આગળ ધર્યું ત્યારે જહોન રીચર્ડસને તેના પર હથેળી મૂકી સોગંદ લીધાઃ ‘કોઈ પણ સંજોગોમાં હું ખરાબ ભાષા વાપરીશ નહિ, દારૂને હાથ લગાડીશ નહિ અને પૉની એક્સપ્રેસના બીજા કર્મચારી સાથે મારામારી કે ઝઘડો કરીશ નહિ—માટે ઈશ્વર મને મદદ કરજે.’

જહોન રીચર્ડસને ત્યાર પછી બૂચકારાનો હળવો અવાજ ક્યો કે તરત હલ્દી ઘાટીના પ્રતાપી ચેતક જેવો મુસ્ટાંગ ઘોડો ડાબલાં પછાડતો ભાગ્યો. બીજી જ મિનિટે અંધારી પશ્ચિમ દિશામાં અંતર્ધાન બન્યો. સમજી લો કે સેન્ટ જોસેફના અનેક લોકોએ પોસ્ટ કરેલી ટપાલનું ‘ક્લિયરિંગ’ થયું.



ટપાલના પત્રો રાખવા માટે મોચિલા નામની જે બેગ વપરાતી એ જ પલાણ / saddle હતી. પલાણનો બીજો ગુજરાતી પર્યાય એટલે જીન

આ ટપાલના પત્રો મોચિલા કહેવાતી ચાર ખાનાવાળી બેગમાં હતા. (મોચિલા સ્પેનિશ ભાષાનો શબ્દ છે.) આસનિયાની જેમ તે બેગને ઘોડાના સાજ પર મૂકી શકાતી હતી. બેગને એ જ રીતે મૂકી જહોન રીચર્ડસન તેના પર બેસી ગયો હતો. આ રીતે ગોઠવાયેલી બેગ પડે નહિ. જમણી અને ડાબી તરફનાં બબ્બે ખાનાંમાં પત્રો હતા. નિયમ પ્રમાણે દરેક પત્રનું વજન ૧૪ ગ્રામ કરતાં ઓછું હતું. બીજો નિયમ એ કે મોચિલાનું અને મુસ્ટાંગ ઘોડાના સાજનું વજન પણ ૫.૮ કિલોગ્રામ કરતાં વધવું ન જોઈએ. ઘોડાની તાકાત વજન ખમવામાં નહિ, પણ દોડવામાં વપરાય તો જ પ્રવાસ ઝડપી બને. આ જાતના કાયદાને લીધે પત્ર લખવા માટે અમેરિકનો પણ હંમેશા પાતળો કાગળ વાપરતા, જેથી ટિકિટ સહિતનું વજન ૧૪ ગ્રામ કરતાં વધે નહિ. ટિકિટનો ન્યૂનતમ દર પાંચ ડોલર હતો.

વિલિયમ રસેલના નિયમો જેટલું જ કડક પૉની એક્સપ્રેસ માટે તેણે બનાવેલું ટાઈમ ટેબલ હતું. સેન્ટ જોસેફથી



ગણિતના નામે ગેલ કરાવતું
પાંડિત્ય અને પીંજણ વગરનું પુસ્તક

ફરી પ્રગટ થઈ ગયું છે!

માત્ર ગુજરાતીમાં નહિ, ભારતની બીજી એકેય ભાષામાં ‘મેથેમેજિક’ જેવું પુસ્તક આજ દિન સુધી પ્રગટ કરાયું નથી.

આજે નહિ, અત્યારે જ બૂક સ્ટોલની મુલાકાત લો અને ‘મેથેમેજિક’ની નકલ વસાવી લો. અથવા ઘરબેઠા તરત મેળવી લેવા અમારી વેબસાઈટની મુલાકાત લો.

લેખક : નગેન્દ્ર વિજય

પાનાં : 216

કિંમત : રૂ. 350/-

https://www.harshalpublications.in/shop/books/mathemagic

મેરિસવિલનું અંતર ૧૨ કલાકમાં, મેરિસવિલથી ફૉર્ટ કર્નીનું અંતર ૨૨ કલાકમાં, ફૉર્ટ કર્નીથી ફૉર્ટ લેરેમીનું અંતર ૪૬ કલાકમાં–એ રીતે દરેક ઘોડેસવારે અંતરો કાપવાનાં હતાં. ટૂંકમાં, ઘોડેસવાર ક્યાંય પણ ખોટી રીતે સમય બગાડી શકે નહિ. બીજી તરફ ઘોડેસવારના કશા વાંક વગર પણ તેનો સમય ન વેડફાય એ માટે રસેલે ઓર કાળજી લીધી હતી. રીચર્ડસનની જ વાત ચાલુ રાખીએ. પશ્ચિમ તરફ પોતાનો મુસ્ટાંગ ઘોડો તેણે રાતભર દોડાવ્યો. એક વખત માર્ગમાં આવતા રીલે મથક પર તેણે ઘોડો બદલ્યો પણ ખરો. શાંત રાત્રિ વચ્ચે મેદાનો, ઝરણાં, ડુંગરો અને જંગલો વટાવતો તેમજ વાતાવરણને ડાબલાના અવાજો વડે ગજાવતો તે આગળ વધતો ગયો. થોડા કલાક પછી સવાર પડી. ટૂંક સમયમાં તેણે મિસૂરી નદી ઓળંગીને સામે પાર જવાનું હતું.



દૂરથી અશ્વારોહીનું આગમન થતું જોવા મળે કે તરત નદીના બે કાંઠા વચ્ચે આવ-જા કરતી બૉટને અશ્વારોહી તરફના કિનારે લાવી દેવાતી હતી. પળે પળ મૂલ્યવાન હતી.

લાંબી પહોળી નદીને ઓળંગવા માટે ફક્ત ઘોડેસવારને નહિ, ઘોડાને પણ ફેરી બોટ જોઈએ. મિસૂરી પર એક મોટી ફેરી બોટ તેના પેસેન્જરો સાથે કાયમ નદીના સામસામા કાંઠા વચ્ચે આંટાફેરા કરતી હતી. પેસેન્જરો ક્યારેક તેમના ઘોડા સહિત તેમાં પ્રવાસ ખેડતા હતા. પૉની એક્સપ્રેસનો જહોન રીચર્ડસન પણ એ રીતે નદી ઓળંગી શકે, છતાં દેમાર વેગે તે નદીકાંઠે પહોંચે ત્યારે જ પેલી એકમાત્ર ફેરી બોટ સામા કાંઠે હોય તો મુસીબત ખડી થતી હતી. મિનિટો ગણાતી હોય એવે સમયે તે બોટ પાછી ફરે ત્યાં લગી રાહ જોવાનું ફાવે નહિ.

અહીં સમય બચાવવા માટે ખાસ બંદોબસ્ત કરાયો હતો. વિલિયમ રસેલે પાણીકાંઠા નજીકના ટેકરા પર એક તોપ રાખી હતી. (બીજી તોપ સામેના કાંઠે હતી.) દૂરથી પૉની એક્સપ્રેસનો જહોન રીચર્ડસન જેવો ઘોડેસવાર આવતો દેખાય કે તરત ટેકરા પરનો તોપચી ફેરી બોટના કપ્તાનને સાબદો કરી દેવા માટે તોપ દાગે અને બોટ એ વખતે સામેના કાંઠા તરફ જતી હોય તો તાબડતોબ પાછી ફરે અથવા સામેના કાંઠે પેસેન્જરોને લેતી હોય તો એ કામ પણ અધૂરું છોડી દે. આમ રીચર્ડસનનો વાયુવેગી ઘોડો કાંઠા સુધી જાય એટલી વારમાં ફેરી બોટ હાજર થતી હતી. કિનારા પર તેણે પાટિયા જેવો દરવાજો પણ ઢાળી દીધો હોય, માટે ઘોડો પરબારો બોટમાં ચડી જતો હતો.

પરફેક્ટ ટાઈમિંગ હતું. ઘોડેસવારો પણ સમયનું મૂલ્ય જાણતા હતા, એટલે પ્રવાસ દરમ્યાન તેઓ પોતે ક્ષણેક્ષણનો સદુપયોગ કરતા હતા. હવે જો કે આગળ વાંચો તે પહેલાં જહોન રીચર્ડસનને ભૂલી જજો. બે-ત્રણ વખત ઘોડા બદલ્યા પછી એ પોતે થાક્યો અને તેનું સ્થાન બીજા ઘોડેસવારે લીધું. થોડા કલાકો પછી બીજાનું સ્થાન ત્રીજા અને ત્યાર બાદ ત્રીજાનું સ્થાન ચોથા ઘોડેસવારે લીધું. મિચોલા કહેવાતી ટપાલબૅગ એ રીતે ૧૦મે ના દિવસે સેક્રેમેન્ટો પહોંચી ગઈ. સેક્રેમેન્ટોથી બીજા ૬ કલાકમાં સાન ફ્રાન્સિસ્કો અને પછી આખા પશ્ચિમ અમેરિકામાં ટપાલો વહેંચાવા લાગી.

અહીં યાદ અપાવવાનું કે પૉની એક્સપ્રેસ ટપાલસેવા બન્ને દિશામાં ચાલતી હતી. સેન્ટ જોસેફમાં એપ્રિલ ૩, ૧૮૬૦ ના રોજ પેલો જહોન રીચર્ડસન જેમ પશ્ચિમ તરફ રવાના થયો તેમ એ જ દિવસે ૩,૧૪૫ કિલોમીટર છેટે સેક્રેમેન્ટોમાં બીજા એક ઘોડેસવારે પૂર્વ તરફ દોટ મૂકી હતી. આ ઘોડેસવાર વિલિયમ હેમિલ્ટન નામનો યુવાન હતો. રીચર્ડસન ભરઅંધારામાં નીકળ્યો, તો હેમિલ્ટન ભર વરસાદમાં રવાના થયો હતો. હેમિલ્ટનની ટપાલ પણ છેવટે ૧૦ મે ના જ દિવસે

મુસ્ટાંગ ઓલાદના ઘોડાનો જેટલો સ્ટેમિના એટલો જ તેના આરોહીએ દાખવવાનો થતો હતો. અમુક જણાએ કલાકો સુધીની એકધારી સવારીના વિક્રમો નોંધાવ્યા



પહેલી સ્પીડ પૉસ્ટઃ પૉની એક્સપ્રેસ

સેન્ટ જોસેફ પહોંચી ગઈ. એ પછી ટ્રેન મારફત બાલ્ટિમોર, શિકાગો, ન્યૂ યોર્ક વગેરે શહેરોમાં ટપાલોનું વિતરણ શરૂ કરવામાં આવ્યું. ટાઇમિંગ પરફેક્ટ હતું, કેમ કે કેટકેટલા ઘોડા હતા, અનેક રીલે મથકો હતાં અને અનેક ઘોડેસવારો હતા. હા, સૌથી પરફેક્ટ તો સમયસૂચકતા હતી. કોઈ રીલે મથક પર જ્યારે પૉની એક્સપ્રેસનો ઘોડો આવવાનો વખત થાય ત્યારે મથકનો એકાદ જણ છાપરે ચડીને દૂર ક્ષિતિજ તરફ નજર દોડાવે અને કાન પણ સરવા રાખે. ધૂળની ડમરી જોવા મળે કે ડાબલાનો અવાજ સંભળાય કે તરત સાવધાન! ઘોડેસવાર પણ જો પૉની એક્સપ્રેસનો જ હોય તો મોટા સાદે બૂમો પાડતો જાય કે, ‘તૈયાર રહેજો!’ એક નવા, તાજગીપૂર્ણ અને સ્ફૂર્તિલા ઘોડાને તબેલાની બહાર ખડે પગે રાખવાનો એ ‘તૈયારી’ નો અર્થ હતો. જોતજોતાંમાં તબડક...તબડક... કરતો ઘોડેસવાર આવે, મિચોલા કહેવાતી ટપાલબૅગનો બીજા ઘોડા પર સિફતપૂર્વક ઘા કરે અને ત્યાર બાદ પોતે એ ઘોડા પર છલાંગ લગાવે. પહેલાં નીચે ઊતરવું અને પછી બીજા ઘોડા ઉપર ચડવું એવું ન બને. જોકે અમુક કિલોમીટર જેટલું અંતર કપાયા બાદ ઘોડા સાથે ઘોડેસવારો પણ બદલાતા હતા.



દર થોડા કિલોમીટરના ફાસલે ઘોડા અને સવારો બદલવાના હોય ત્યાં સહેજ પણ સમય ન વેડફાય તે માટે પૂર્વ તૈયારી કરી રાખવામાં આવતી હતી. સમયનો હિસાબ સેકન્ડો લેખે ગણાતો હતો

આ રીતે સરેરાશ ૨૫ કિલોમીટરે ઘોડા અને ૧૨૦ કિલોમીટરે ઘોડેસવારો બદલતા હતા, એટલે સૌને પૂરતો આરામ મળી રહેતો હતો. પરંતુ કામ વખતે જે કસોટી થાય તે ભારે સહનશક્તિ માગી લેતી હતી. પહેલાં તો સેન્ટ જોસેફ અને સેક્રમેન્ટો વચ્ચેના કાશ્મીર-ટુ-કન્યાકુમારી જેવડા પ્રદેશમાં અનેક મોસમો જોવા મળતી હતી. ઘોડેસવારોએ ક્યારેક એવા રેગિસ્તાન વચ્ચે પ્રવાસ ખેડવો પડે કે જ્યાં આગ વરસાવતો સૂર્ય ત્વચાને દઝાડી દે. આ તાપ વચ્ચે ક્યારેક પાણીનું ટીપું સુધ્ધાં મળે નહિ. કોઈ વખત ધોધમાર વરસાદ પડે, તો શિયાળામાં ઘણી વખત ઠંડાગાર પવન સાથે હિમ વરસે એવું પણ બને. હરિયાળાં મેદાનોમાં પણ ક્યાંક તો ઊંચું ઘાસ એટલું ઊંચું કે વચ્ચે માંડ રસ્તો કરીને દોડતો ઘોડો દેખાય નહિ. માર્ગમાં અનેક જગ્યાએ નદી-નાળાં હતાં, જેમના પર હજી પુલો બંધાયા ન હતા. આ જાતના પ્રદેશમાં અંધારી રાત્રે પણ ઘોડાને પૂરવેગે દોડતો રાખવો પડે એ કેવું મોટું જોખમ હતું. ઘોડેસવારોની ખરી કસોટી સેન્ટ જોસેફ અને સેક્રમેન્ટો વચ્ચે આવેલી રૉકી પર્વતમાળામાં થતી હતી. ઊંચાઈમાં તે પહાડો સરેરાશ ૮,૦૦૦ ફીટના અને કશે ચઢાણ પર કેડી જેવો રસ્તો પણ નહિ. શિયાળામાં રૉકીનાં શિખરો પર એકધારો હિમ પડે, વાતાવરણ કડકડતું ઠંડું અને ઘોડો જ્યાં ડગ માંડે ત્યાં છેક ઘૂંટણ સુધી તેના પગ ખૂંપી જતા હતા.

આ બધી કુદરતી મુસીબતોને હજી કદાચ પહોંચી વળાય, પણ ગોરા લોકોના જાની દુશ્મન એવા રેડ ઇન્ડિયનોથી બચવું મુશ્કેલ હતું. ગોરી પ્રજા સાથે તેમને વેર હતું, કારણ કે એ પ્રજા વિદેશી હતી. બીજી તરફ રેડ ઇન્ડિયનો અમેરિકાના મૂળ વતની હતા, એટલે પરદેશી લોકોને તેઓ હાંકી કાઢવા માગતા હતા. રેડ ઇન્ડિયનોને ક્યાંક પણ એકલોઅટૂલો ગોરો દેખાય તો ધોળી ચામડીનો એ અશ્વારોહી બચવા ન પામે. સેક્રેમેન્ટો અને રૉકી પહાડો વચ્ચેનાં મેદાનોમાં આવા ૨,૦૦,૦૦૦ શસ્ત્રસજ્જ આદિવાસીઓ છાવણી નાખીને રહેતા હતા--અને વળી પૉની એક્સપ્રેસના ઘોડેસવારોનો પણ એ જ માર્ગ હતો. પૉની એક્સપ્રેસનાં રીલે મથકો પણ એ જ પ્રદેશમાં હતાં. એક વાર મે, ૧૮૬૦ માં (એટલે કે ટપાલસેવા શરૂ થયાના બીજે જ મહિને) લગભગ ૮,૦૦૦ રેડ ઇન્ડિયનોએ ઘણાં બધાં

સેક્રેમેન્ટોના કેલિફોર્નિઆ રાજ્યમાં કેટલાંક સ્મારકો વર્તમાન અમેરિકી જનતાને ઐતિહાસિક પૉની એક્સપ્રેસની યાદ અપાવી રહ્યા છે

પહેલી સ્પીડ પૉસ્ટઃ પૉની એક્સપ્રેસ

PONY EXPRESS STABLES

પૉની એક્સપ્રેસના ઘોડાઓ માટે જે ઘોડારો / stables દર થોડા કિલોમીટરના અંતરે બાંધવામાં આવ્યાં તે પૈકી કેટલાંક આજે પણ જોવા મળે છે. અશ્વારોહીઓ પણ આવાં બાંધકામોમાં થોડા દિવસો આરામ લે.

રીલે મથકો પર સામટો હુમલો કર્યો. ત્રણ દિવસ સુધી ભારે જંગ ખેલાયો, જેમાં પૉની એક્સપ્રેસના ૧૭ ઘોડેસવારો માર્યા ગયા.

અમેરિકાની સરકારી ટપાલસેવા હોત તો આવો ખરાબ અનુભવ થયા પછી તેના પોસ્ટમેનો ટપાલ વહેંચવા ઈન્કાર કરી દેત, પરંતુ અમેરિકન પૉની એક્સપ્રેસ તદ્દન જુદી ટપાલસેવા હતી. વિલિયમ રસેલે પેલી જાહેરખબરમાં એટલે જ લખેલું કે રોજેરોજ મોત સામે લડી શકે એવા જ ઘોડેસવાર યુવાનો જોઈએ. મોતની પરવા કર્યા વગર એ યુવાનો હિંમતપૂર્વક ફરજ બજાવતા રહ્યા અને બહાદુરીના કિસ્સા પણ નોંધાવતા રહ્યા. દાખલા તરીકેઃ

- વિલિયમ ફ્રેડરિક નામનો યુવાન સાહસિક પૉની એક્સપ્રેસનો ચુનંદો ઘોડેસવાર હતો. એક વાર તેણે પશ્ચિમમાં ૧૮૫ કિલોમીટર સુધી પોતાના ઘોડાને સતત દોડાવ્યો. રીલે મથક પહોંચ્યા બાદ તેને ખબર પડી કે રેડ ઈન્ડિયનોએ આગલી રાત્રે જ ત્યાંના ઘોડેસવારોને મારી નાખ્યા હતા. આગળ જતાં ખબર પડી કે એ પછીનાં રીલે મથકોમાં પણ ઘોડેસવારો બચ્યા ન હતા. વારાફરતી ઘોડા બદલતો વિલિયમ ફ્રેડરિક તેનો પ્રવાસ આગળ ધપાવતો ગયો, કારણ કે ફરજપાલનનો સવાલ હતો. ટપાલ પહોંચાડવા માટે તેણે કુલ મળીને ૬૧૫ કિલોમીટર સુધી વણથંભી ઘોડેસવારી કરી. પૉની એક્સપ્રેસના ઘોડેસવારે ખેડેલી લાંબામાં લાંબી એકધારી સફરનો પણ એ જ વિક્રમ હતો.
- એક વાર બૉબ હેસ્લામ નામના યુવાનને જાણવા મળ્યું કે પૉની એક્સપ્રેસના માર્ગ પર શસ્ત્રસજ્જ રેડ ઈન્ડિયનો ટાંપીને બેઠા હતા. આ બહાદુર સહેજ પણ ગભરાયો નહિ. ઘોડા પર બેસીને નીકળી પડ્યો. દુશ્મનોની નજર ચુકાવવા તેણે આડાઅવળાં માર્ગે ૩૬ કલાક સુધી ઘોડાને લાગલગાટ દોડાવ્યો. વચ્ચે ચાન્સ મળ્યો ત્યાં રીલે મથક પર તેણે ઘોડો બદલ્યો, પરંતુ પોતે છત્રીસ કલાક સુધી નીચે ન ઊતર્યો. હેસ્લામે કલાકના ૧૬ કરતાં સહેજ વધુ કિલોમીટરના વેગે લગભગ ૬૦૦ કિલોમીટરનું અંતર કાપ્યું.
- પરાક્રમનો ત્રીજો કિસ્સો જરા ગમ્મતવાળો હતો. સામસામેથી આવતા પૉની એક્સપ્રેસના ઘોડેસવારો હંમેશા એક માર્ગે ઘોડા દોડાવતા, એટલે રસ્તામાં વચ્ચે ક્યાંક તેમને એકમેકનો ભેટો અચૂક થતો હતો. વળી ક્યાં તેઓ ‘ક્રોસ’ થયા તેનો રિપોર્ટ પણ દરેક ઘોડેસવારે ત્યાર પછીના રીલે મથક પર નોંધાવવો પડતો હતો. એક વખત થોમસ કિંગ નામના ઘોડેસવારે લાગલગાટ ૧૩ કલાકમાં ૧૭૬ કિલોમીટરનું અંતર કાપ્યું. રસ્તામાં તેને હેન્રી વૉર્લી નામનો ઘોડેસવાર ‘ક્રોસ’ થવાનો હતો, પણ એવું બન્યું જ નહિ. આથી સામેના રીલે મથકે પહોંચ્યા બાદ તેણે ફરિયાદ કરી કે હેન્રી વૉર્લી તેને માર્ગમાં કશે દેખાયો ન હતો. હેન્રી વૉર્લીએ પણ એ જ ફરિયાદ થોમસ કિંગ અંગે કરી, કારણ કે માર્ગમાં તેને પણ કિંગનો ભેટો થયો ન હતો. અજબ વાત હતી. બન્ને જણાં સામસામા રીલે મથકે પહોંચ્યા અને પોતપોતાના ઘોડા પણ તેમણે એક જ રસ્તે દોડાવ્યા, છતાં તેમણે એકમેકને જોયા કેમ નહિ? રીલે મથકો પર બન્નેને લાંબી પૂછપરછ કર્યા પછી અંતે તેનું કારણ જાણવા મળ્યું--અને તે કારણ તો વધારે અજબ હતું. હેન્રી વૉર્લીએ તેમજ થોમસ કિંગે એકબીજાને વટાવ્યા તો હતા, પણ એ વખતે થાક્યાપાક્યા બન્ને ઘોડેસવારો મારતે ઘોડે જ આંખો મીંચીને ઝોકાં ખાતા હતા. કોઈ માણસ ફરજ દરમ્યાન ઝોકાં ખાય તો એ ફરજ ચૂક્યો ગણાય, જ્યારે અહીં પૉની એક્સપ્રેસના બન્ને ઘોડેસવારો માટે એમ કહેવું પડે કે તેમણે બરાબર ફરજ અદા કરી હતી. ઊંઘ

સેક્રેમેન્ટોના સામા છેડે ૩,૧૪૫ કિલોમીટર દૂર સેન્ટ જોસેફમાં પૉની એક્સપ્રેસનું મ્યુઝિયમ વર્ષે લાખેક મુલાકાતીઓને આકર્ષે છે

PONY EXPRESS
Museum

પહેલી સ્પીડ પોસ્ટઃ પૉની એક્સપ્રેસ



ટેલિગ્રામની લાઈન સ્થાપિત થયા બાદ પૉની એક્સપ્રેસનો સૂરજ ડૂબ્યો. આ રોમાંચક પોસ્ટલ સર્વિસ ફક્ત ૧૯ મહિના ચાલી

ચડી તો પણ આરામ કરવા માટે તેમણે પ્રવાસ અટકાવ્યો નહિ.

આ રીતે સેન્ટ જોસેફ અને સેક્રેમેન્ટો વચ્ચે અઠવાડિયે ચાર વખત ટપાલ સર્વિસ ચાલતી હતી. વિલિયમ રસેલે ત્યાર પછી બીજાં કેટલાંક ગામો અને શહેરો માટે પણ એ સેવા શરૂ કરી. વિશ્વભરમાં અમેરિકન પૉની એક્સપ્રેસનાં વખાણ થતાં હતાં. અમેરિકનોને તો પૉની એક્સપ્રેસ માટે ગર્વ હતો. દુનિયાની બીજી દરેક ટપાલસેવા કરતાં તે ક્યાંય ઝડપી હતી, ચોક્કસ હતી અને હજારો કિલોમીટર સુધી ફેલાયેલી હતી.

આ બધું લાંબો સમય ન ચાલ્યું. વિલિયમ રસેલે અમેરિકન પ્રજાને આટલી સરસ પોસ્ટલ સર્વિસ આપી, પણ સંજોગોનો બદલાવ તેને વસમો પડ્યો. અમેરિકામાં સેમ્યુઅલ મોર્સ નામના શોધકે તાર (ટલિગ્રામ) દ્વારા સંદેશો મોકલવાનો તરીકો શોધી કાઢ્યો. આ સંદેશા એટલે મોર્સ કોડ, જેમાં ડોટ અને ડેશ યાને ટપકાં અને લીટી વડે જ શબ્દો બને. અમેરિકન સરકારે તારનાં દોરડા માટે સેન્ટ જોસેફ અને સેક્રેમેન્ટો વચ્ચે હજારો થાંભલા ખોડ્યા. પહેલાં તો સૌને મનમાં ડર રહ્યો. રેડ ઈન્ડિયનો અથવા તો મેદાનોમાં ભટકતાં જંગલી ભેંશોનાં મારકણાં ટોળાં રખે થાંભલાને તોડી નાખે. આ ખોટું જોખમ હતું, તો પણ બાંધ્યા. ઑક્ટોમ્બર, ૧૮૬૧ માં એ કામ પુરું થયું. એ પછી જોડાણ ક્યાંય તૂટ્યું પણ નહિ. ટેલિગ્રામનો સંદેશાવ્યવહાર તરત શરૂ થયો. દરેક સંદેશો જોતજોતાંમાં હજારો કિલોમીટર છેટે પહોંચી જવા લાવ્યો. ટલિગ્રાફે પૉની એક્સપ્રેસનો હંમેશ માટે અંત લાવી દીધો. વિલિયમ રસેલના ઘોડા ભલે પવનવેગી હોય, છતાં વીજળીવેગે તારમાં વહેતા સંદેશાની તુલનાએ ગોકળગાય હતા. ઑક્ટોબર ૨૬, ૧૮૬૧ના રોજ પૉની એક્સપ્રેસનો છેલ્લો ઘોડો દોડ્યો. વિલિયમ રસેલે શરૂ કરેલી અફલાતૂન ટપાલ સેવા ફક્ત ૧૯ મહિના ચાલી.

ઘોડેસવારોનાં સાહસો લોકમાનસ પર એટલાં છવાયાં કે હોલવૂડમાં પૉની એક્સપ્રેસ વિશે ત્રણ ફિલ્મો બની. એક ફિલ્મમાં સુપરસ્ટાર ચાર્લ્ટન હસ્ટન મુખ્ય અભિનેતા હતો



પૉની એક્સપ્રેસ જો લાંબો સમય ચાલી હોત તો રસેલને જતે દહાડે ખાસ્સી કમાણી થાત, પણ તેને બદલે ૪,૦૦,૦૦૦ ડોલર તેણે ગુમાવવા પડ્યા. અલબત્ત, ઈતિહાસમાં જો કે તેનું નામ અંકિત થયું, કારણ કે દોઢ વર્ષ દરમ્યાન તેના ઘોડેસવારોએ અમેરિકન પ્રજાની અદ્દ્ભુત સેવા કરી હતી. સેન્ટ જોસેફ અને સેક્રેમેન્ટો વચ્ચે તેમણે કુલ ૧૦,૪૦,૦૦૦ કિલોમીટરનો (પૃથ્વીની ૪૧ પ્રદક્ષિણા કર્યા જેટલો) પ્રવાસ ખેડ્યો હતો, ૩૫,૦૦૦ કરતાં પણ વધુ ટપાલો પહોંચાડી હતી અને લગભગ ૩૧૦ વખત આંટાફેરા કર્યા હતા. સૌથી મોટી વાત એ કે આટઆટલી સફરો દરમ્યાન ફક્ત એક પોસ્ટલ બેગ (મોચિલા) ગુમ બની, કેમ કે રેડ ઈન્ડિયનોએ આંચકી લીધી.

૧૯૬૦ માં પૉની એક્સપ્રેસને ૧૦૦ વર્ષ પૂરાં થયા ત્યારે અમે રિકામાં સૌએ તે ટપાલસેવાને યાદ કરી. અમેરિકન લોકોને વળી એ પણ જાણવાનું મન થયું કે પૉની એક્સપ્રેસ ખરેખર કેટલી ઝડપી સેવા હતી? આ માટે સરસ પ્રયોગ યોજ વામાં આવ્યો. બે સરખા પત્રો લખવામાં આવ્યા. જેમના પર સેક્રેમેન્ટો શહેરનું સરનામું હતું. એક પત્ર સેન્ટ જોસેફના ટપાલડબ્બામાં નાખી દેવાયો, જ્યારે બીજા પત્ર સાથે પૉની એક્સપ્રેસ જેવા જ ઘોડેસવારે સેક્રેમેન્ટો તરફ દોટ મૂકી. આમ ૧૮૬૦ ની અને ૧૯૬૦ની ટપાલસેવાઓ વચ્ચે જાણે કે સ્પર્ધા જામી, એટલે જોવાનું એ થયું કે જમીન રસ્તે પહેલાં ક્યો પત્ર સેક્રેમેન્ટો પહોંચે? પૉની એક્સપ્રેસનો કે સો વર્ષ પછીની આધુનિક ટપાલ સર્વિસનો? સ્પર્ધા શરૂ થયા બાદ કલાકો પર કલાકો વીત્યા, દિવસો પણ વીત્યા અને છેવટે પૉની એક્સપ્રેસનો પત્ર ટપાલખાતાના પત્ર કરતાં એક દિવસ વહેલો સેક્રેમેન્ટો પહોંચ્યો. એટલે કે બરાબર દસમા દિવસે જ. આધુનિક ટપાલસેવા ૧૦૦ વર્ષ જૂની ટપાલસેવા સામે પરાજિત બની. ■

■ નગેન્દ્ર વિજય

એક વખત એવું બન્યું...

ડિસેમ્બર, ૧૯૭૧: ભારતીય નૌકાદળે જ્યારે પાકિસ્તાનના ૯૩,૦૦૦ સૈનિકોને પોતાની જાસૂસી જાળમાં યુદ્ધકેદીઓ તરીકે ફસાવ્યા

આ દિલધડક આપકથા એ મિશનને લગતી છે કે જે ભારતીય નૌકાદળે ગુપ્તતાના પડદા પાછળ રચ્યું અને દુર્ભાગ્યે ૧૯૭૫ના યુધ્ધ પછીયે પ્રસિધ્ધિમાં આવ્યા વગર પડદા પાછળ જ રહી જવા પામ્યું. નૌકાદળે ગુપચુપ કેવી યુક્તિ-પ્રયુક્તિઓ યોજી તેની દાસ્તાનને આજે પણ અજ્ઞાતવાસની બહાર લાવવામાં આવી નથી. આ સચિત્ર કથા તે દાસ્તાન આડેનો પડદો હટાવે છે.

એક વખત એવું બન્યું કે ફ્રાન્સના તુલોં / Toulon બંદરે ફુરજાની અડોઅડ લાંગરેલી પાકિસ્તાની સબમરીનના વાયરલેસ ઑપરેટર અબ્દુલ વાહેદ ચૌધરીએ સમાચારો જાણવા રેડિયો ચાલુ કર્યો. આ રોજનો ક્રમ હતો. બંગાળીભાષી ચૌધરીના વતન પૂર્વ પાકિસ્તાનમાં રાજકીય કટોકટીનો ચરુ ખદખદી રહ્યો હતો. માર્ચ, 1971ના એ દિવસે તેણે પ્રસારણ ઝીલવાનું શરૂ કર્યાની થોડી જ વારમાં શેખ મુજીબુર રહેમાનનો પડછંદ અવાજ તેના કાનમાં ગર્જ્યો. બંગબંધુ સૌ પ્રજાજનોને સ્વતંત્રતા માટેની લડતમાં સામેલ થવા હાકલ કરી રહ્યા હતા.

બે દિવસ પછી માર્ચ 25, 1971ની તારીખે રેડિયોએ અબ્દુલ વાહેદ ચૌધરીને સખત આંચકો દેતા ખબર સંભળાવ્યા. પાકિસ્તાની લશ્કરની રણગાડીઓ તથા Armoured Fighting Vehicals / AFV/ બખ્તરિયા ગાડીઓ ઢાકામાં આંદોલનકારો પર મશીનગન વડે ફાયરિંગ કરવા મંડી હતી. ચૌધરીને શૂળ જેવો પ્રશ્ન ભોંકાયો: 'આ લોકો આપણી જ સામે કેવી રીતે લશ્કર વાપરી શકે છે?' પાક લશ્કર પાક જનતા સામે જ મેદાને પડે અને તેમને ઠાર પણ મારે એવો તો જુલમ પાછલી રાતના દુ:સ્વપ્નમાંય જોવા ન મળે, પણ ઢાકામાં વાસ્તવે એવું બનવા લાગ્યું હતું. આ તરફ ચૌધરીને હજી તો એ વાતની જાણ ન હતી કે જાન બચાવવા ભાગી રહેલા પૂર્વ પાકિસ્તાની

આ સબમરિન PNS Hangor છે. સીમિત કદવાળી એ જ સબમરિન કે જેણે ૧૯૭૧ના ભારત-પાક યુધ્ધ દરમ્યાન સૌરાષ્ટ્રના કાંઠે દીવ પાસે આવેલા નૌકાદળની ખુકરી ફ્રિગેટ મનવારને ટોરપિડોનું નિશાન બનાવી [illegible]

નાગરિકોનો મહેરામણ ભારતનાં સીમાવર્તી રાજ્યોમાં છલકાવા માંડ્યો હતો અને તેઓ પાક સૈનિકો દ્વારા કરાતી લૂંટફાટ, ખૂનામરકી અને બળાત્કારોની હૃદયદ્રાવક ઘટનાઓ ભારતીયો સમક્ષ વર્ણવી રહ્યા હતા. નિરાશ્રિતોએ ભારતીય સત્તાવાળાઓને એ પણ માહિતી આપી કે પાક લશ્કર ગામોનાં ગામોને આગ ચાંપતું હતું.

ફ્રાન્સના તુલોં બંદરે લાંગરેલી પાક નૌકાદળની PNS *Mangro* નામની સબમરીનમાં અબ્દુલ વાહેદ ચૌધરી એકલો બંગાળી ન હતો. અમુક બીજા પણ હતા. સૌનાં મગજમાં લાવાનો પ્રવાહ ફૂટ્યો. ઈસ્લામાબાદના મુખ્યત્વે પંજાબી તેમજ પઠાણ સૈનિકોના લશ્કરે બંગાળી મુસ્લિમોની બહુમતીના પૂર્વ પાકિસ્તાનમાં જનરલ ટીક્કા ખાનની સરદારી નીચે Operation Searchlight શરૂ કર્યું હતું.

આ કાર્યવાહી પાછળનો મકસદ સ્વતંત્રતા માગી રહેલા ક્રાંતિકારોને ગોળીએ દેવાનો, સ્ત્રીઓનું અપહરણ કરવાનો અને લૂંટફાટ કરી સ્વતંત્રતાના આંદોલનને કચડી નાખવાનો હતો. પાકિસ્તાનના સરમુખત્યાર જનરલ યાહ્યા ખાને તેમના વફાદાર (અને વખત જતાં Butcher of Bengal તરીકે નામચીન બનનાર) જનરલ ટિક્કા ખાનને હિંસાખોરી અને જુલમ વડે ક્રાંતિને ડામી દેવાનું કામ સોંપ્યું હતું. સ્ટીલનું હૃદય ધરાવતા ટિક્કા ખાનની ચંગીઝખાની મનોવૃત્તિ સાથે તે મિશન બંધબેસતું આવી જાય તેવું હતું. હિંસા કરવી-કરાવવી એ તેમની મનગમતી પ્રવૃત્તિ હતી.

જનરલ ટિક્કા ખાનની દોરવણી નીચે માર્ચ ૨૫ થી ડિસેમ્બર ૧૬, ૧૯૭૧ સુધીના અવિરત થનાર નરસંહારમાં આશરે ૩૦ લાખ બાંગલાદેશીઓ માર્યા જવાના હતા.

પૂર્વ પાકિસ્તાનમાં દેશબાંધવો પર અત્યાચારો શરૂ કરાયાના સમાચારે PNS *Mangro*ના બંગાળી નાવિકોને પણ ક્રાંતિના મૂડમાં લાવી દીધા. સબમરીનના કુલ 45 નાવિકો પૈકી 14 બંગાળી હતા. વાયરલેસ ઑપરેટર અબ્દુલ વાહેદ ચૌધરીએ ક્રાંતિમાં જોડાવાનું નક્કી કરી નાખ્યું. બાકીના 13 બંગાળી નાવિકો પણ સમાન ખ્યાલના હોય એવી સંભાવના હતી. ક્રાંતિમાં જોડાવા માટે અને વતનભેગા થવા માટે કશીક તજવીજ કરીને ફ્રાન્સ છોડવું જરૂરી હતું, એટલે પ્રથમ તો તેણે સૌના પાસપોર્ટ હસ્તગત કરવા રહ્યા. અબ્દુલ ચૌધરી વાયરલેસ ઑપરેટર હોવા ઉપરાંત સબમરીનના કમાન્ડિંગ ઑફિસરનો સચિવ પણ ખરો, એટલે સબમરીનના safe vault / તિજોરીની બીજી ચાવી તેના કબજામાં રહેતી હતી. એક વાર લાગ મળતાં તેણે એ તિજોરીમાં રખાયેલા સૌના પાસપોર્ટમાંથી બંગાળી નાવિકોના પાસપોર્ટ કાઢીને સંતાડી દીધા. પહેલાં કરવા જેવું કામ તેણે પહેલાં કરી નાખ્યું. વારાફરતી એકેકને ખાનગીમાં બોલાવી પૂછવાનું કામ ત્યાર પછી શરૂ કર્યું.

અગાઉ Butcher of Baluchistan ની 'ડિગ્રી' મેળવી ચૂકેલા જનરલ ટિક્કા ખાન Butcher of Bengal બનીને 'ડબલ ગ્રેજ્યુએટ' થવાના હતા



દરેકને ચૌધરીએ પૂછેલો સવાલ : 'હું બાંગલાદેશ ખાતર લડવા માટે જવા માગું છું, તું મારી સાથે જોડાવા તૈયાર છે?' આઠ જણા તૈયાર થયા, જ્યારે બાકીના છ બંગાળી નાવિકોની હિંમત ન ચાલી. સ્વાતંત્ર્યલડત કદાચ નિષ્ફળ જાય તો મોતની સજા નોતરી લાવતો દેશદ્રોહનો આરોપ લાગવાનો તેમને ડર હતો. આમેય પૂર્વ પાકિસ્તાનમાં ચાલી રહેલો સંઘર્ષ તાકાતની દૃષ્ટિએ સરખેસરખા વચ્ચેનો ન હતો. પાકિસ્તાનના સૈન્યમાં ૯૦% ફૌજીઓ પંજાબી હતા. એક જણ ફ્રાન્સ છોડવા તૈયાર હતો, પણ લડતમાં સામેલ થવાને બદલે બ્રિટન જતો રહેવા માગતો હતો.

પાકિસ્તાનની PNS *Mangro* ફ્રેન્ચ બનાવટની Daphne વર્ગની સબમરીન હતી. પરંપરાગત સબમરીન (જેમ કે પાકિસ્તાનની જ 1,570 ટનની અને 95 મીટર લંબાઈની PNS *Ghazi*) કરતાં ફ્રેન્ચ Daphne / દાફનેનો ઢાંચો જુદો હતો. કદ ખાસ્સું નાનું હતું. લંબાઈ ફક્ત 57 મીટર અને

વજન 860 ટન હતું. અલબત્ત, જળસપાટી નીચે કલાકના 15 knot / દરિયાઇ માઇલની (27.75 કિલોમીટરની) ઝડપ હાંસલ કરી શકતી એ તેનું મોટું જમાપાસું હતું. એકધારો 7,200 કિલોમીટરનો પ્રવાસ ખેડી શકે એ બીજો પ્લસ પૉઇન્ટ હતો. ફ્રાન્સે પ્રત્યેક Daphneમાં E14 પ્રકારના 550 એમ. એમ.ના 12 ટોરપિડોનો બંદોબસ્ત કર્યો હતો, જેમને દાગવા માટે મોરાના ભાગે આઠ તેમજ પૂંઠના ભાગે ચાર ટ્યૂબ હતી.

પાક નૌકાદળે ફેબ્રુઆરી, 1966માં આવી ત્રણ સબમરીનો માટે ફ્રાન્સ જોડે સોદો કર્યો હતો. આમાંથી *Hangor*ની તથા *Shushuk*ની ડિલિવરી પાકિસ્તાનના નૌકાદળને જાન્યુઆરી 12, 1970ના દિવસે મળી અને *Mangro* નો વારો ઑગસ્ટ 8, 1970ની તારીખે આવ્યો. સબમરીન (કે યુદ્ધજહાજ) બન્યા પછી તેની sea trial લેવાય, જેનો દોર બહુ લાંબો ચાલે. ખરીદી કરનાર દેશના નાવિકો પણ એ વખતે સબમરીનના (કે યુદ્ધજહાજના) સંચાલનનો અનુભવ લે. આ તાલીમ માટે જ *Mangro*ના નાવિકો ફ્રાન્સમાં હતા. ઈસ્લામાબાદથી લેફ્ટેનન્ટ-જનરલ ટિક્કા ખાન Operation Searchlight શરૂ કરવા ફ્લાઈટ દ્વારા માર્ચ 7, 1971ની સવારે ઢાકા પહોંચ્યા તે પહેલાં તેમની કુખ્યાતિ પહોંચી ચૂકી હતી. બલુચિસ્તાનમાં નાદિરશાહી જનસંહાર કરાવવા બદલ તેમને Butcher of Baluchistan તરીકેની કાળી મહોર લાગી ચૂકી હતી. ઢાકા એરપોર્ટ પર એકઠા થયેલા ક્રાંતિકારોએ તેમને જોડાનો હાર પહેરાવી સ્વાગત કર્યું. ક્રાંતિકારોની બદકિસ્મતીએ ટિક્કા ખાન બલુચિસ્તાન પછી Butcher of Bangal નો શર્મનાક શિરપાવ મેળવવાની તલપ સાથે ઢાકા પહોંચ્યા હતા. સમગ્ર બાંગલાદેશને તેઓ કસાઇવાડામાં ફેરવી નાખવાના હતા. આતંકનો જે દોર તેમણે ચલાવ્યો તેણે માનવતાને પોકે પોકે રડતી કરી દીધી. બધું મળીને 30,00,000 સ્ત્રી-પુરુષોનો તથા બાળકોનો ખાત્મો બોલી જવાનો હતો.

શેખ મુજીબુર્ રેહમાને સ્વતંત્રતા માટે ક્રાંતિની હાકલ ક્યાં પછી મુક્તિ વાહિનીનાં બે સંગઠનો રચાયાં અને ૧,૫૦,૦૦૦ ક્રાંતિકારો પાક લશ્કર સામે લડતે ચડ્યા



આ દશ્ય સ્વયં પોતાને વર્ણવી દે છે. રાઈફલની બેયોનેટ નીચે પઠાણ અથવા પંજાબી કે પછી હઝારા કે આફ્રિદી છે

કસાઈની વૃત્તિ ધરાવતા જનરલ ટિક્કા ખાનના operation searchlight હેઠળ રણગાડીની તોપો વડે બંગાળી મુસ્લિમોનાં ઘર ફૂંકી દેવામાં આવ્યાં.

આ જલ્લાદે ઢાકામાં પાક સૈન્યનું નેતૃત્વ જેમને સોંપ્યું અને જેમણે છેવટે ઢાકા ખાતે જ ભારતના લેફ્ટનન્ટ-જનરલ જગજિતસિંહ અરોરાને શરણાગતિનો પત્ર લખી આપવો પડ્યો એ લેફ્ટનન્ટ-જરનલ નિયાઝીએ વર્ષો બાદ તેમના પુસ્તકમાં નોંધ્યું : 'The Military action was a display of stark cruelty, more merciless than the massacres at Bukhara and Bagdad by Changez Khan and Hulagu Khan or at Jallianwala Bagh by the British general Dyer.' (સંદર્ભ: The Betrayal of East Pakistan; Lft. Gen. A. A. K. Niazi, Oxford)

અબ્દુલ વાહેદ ચૌધરી સહિત Mangroના સૌ નાવિકો

વાયરલેસ ઑપરેટર અબ્દુલ વાહેદ ચૌધરી (ડાબે)

દોઢેક વર્ષ થયાં ફ્રાન્સમાં હતા. સબમરીનના પ્રત્યેક વીજાણુ અને યાંત્રિક સાધનને તેમણે ઓળખી લીધું હતું. ફ્રેન્ચોની સહાય વગર સબમરીનનું સંચાલન પણ શીખી લીધું હતું. હવે તેઓ સ્વદેશ પાછા ફરવા તત્પર હતા. પશ્ચિમ પકિસ્તાનના કરાંચી જવા ન માગતા આઠ બંગાળી નાવિકો પાસે સમય ઓછો હતો. તુલોં બંદરે સ્થિત *Mangro* એપ્રિલ 1, 1971ના દિવસે કરાંચી તરફનો (આફ્રિકાના દક્ષિણ છેડા Cape of Good Hope ફરતેનો) લાંબો પ્રવાસ ખેડવા રવાના થવાની હતી.

ભાગી નીકળેલા બંગાળી નાવિકોને મુક્ત વાતાવરણના મર્સેઇ શહેરમાં પહેલીવાર માહિતી મળી કે બંગાળી પ્રજાની સ્વાતંત્ર્યલડતને ભારત સક્રિય ટેકો આપી રહ્યું હતું. આ ખુશખબર હતા.

◆

સોમવાર, માર્ચ 29, 1971ના રોજ સૂર્યાસ્ત થયો અને રાત્રિનો અંધકાર પ્રસર્યો ત્યારે ચૌધરી અને તેના આઠ બાંગલા નાવિક સાથીદારો તુલોં બંદર છોડી ગુપચુપ શહેરની દિશામાં જતા રહ્યા. સામટા નહિ, પણ જુદાં જુદાં બહાનાં હેઠળ એક પછી એક કરીને નીકળ્યા. પૂર્વયોજના અનુસાર તેમણે 48 કિલોમીટર છેટેના Marseille / મર્સેઇ બંદરનો માર્ગ પકડ્યો. (ઘણાખરા ફ્રેન્ચ ઉચ્ચારો જોડણી કરતાં જુદા હોય છે). ફ્રાન્સના તે બીજા નંબરના મોટા શહેરે તાત્કાલિક પહોંચી જવા અમુક નાવિકોએ અલગ અલગ ટ્રેન પકડી અને બાકીનાએ ટેક્સીઓ લીધી. સૌથી પહેલાં ચૌધરી નવ પાસપોર્ટ સાથે નીકળી ગયો હતો.

આ ક્રાંતિકારોને 'મુક્ત વાતાવરણ'ના મર્સેઇમાં પહેલી વાર માહિતી મળી કે બંગાળી પ્રજાની સ્વાતંત્ર્યલડતને ભારત સક્રિય ટેકો આપી રહ્યું હતું. આ ખુશખબર હતા. અગાઉ તેમણે ફ્રાન્સમાં રાજદ્વારી આશ્રય માગવાનું નક્કી કર્યું હતું. અંદરખાને ડર પણ ખરો કે તેઓ ફ્રેન્ચ Daphneના નાવિકો હોવાને કારણે પેરિસ સરકાર રખે તેમને પાક સત્તાવાળાઓના હવાલે કરી દે. પેરિસમાં આવેલા ભારતીય દૂતાવાસમાં પણ કદાચ શરણ ન મળે, કેમ કે ત્યાં મામલો ભારત અને ફ્રાન્સ વચ્ચેના મૈત્રીસંબંધનો બની જતો હતો.

અબ્દુલ ચૌધરીએ સૂચવ્યા મુજબ ભાગેડુ ટુકડી ફ્રાન્સના પાડોશી દેશ સ્વિટ્ઝર્લેન્ડ જવા મર્સેઇના રેલવે સ્ટેશને પહોંચી. નવમાંથી એક જણ ઓછો હતો, જેણે પોતાનો પાસપોર્ટ લઇ બ્રિટનની દિશા પકડી હતી. બાકીના સાત જણાએ સ્વિટ્ઝર્લેન્ડના જિનિવા તરફ રવાના થતી ટ્રેન પકડી. પણ ફ્રાન્સ-સ્વિસ સરહદે તેમને રોકવામાં આવ્યા. પ્રવેશ માટે તેમની પાસે વિઝા ન હતો. કંઇક હતાશ થયેલા, છતાં નાસીપાસ ન થયેલા ચૌધરીએ ફરી પેરિસ જવાની ટિકિટ કપાવી, આઠેય જણા ટ્રેનમાં બેઠા અને પેરિસ સુધી જવાને બદલે અધવચ્ચે Lyon / લિયોં સ્ટેશને ઊતર્યા. સંભવિત તપાસકારોથી પીછો છોડાવવાની એ રીત હતી. લિયોંથી ટ્રેન દ્વારા પાંચ કલાક છેટેના સ્પેનિશ શહેર બાર્સિલોનામાં તેમની ભાગમભાગનો રાહતદાયક છેડો આવ્યો. સ્પેનમાં પ્રવેશવા માટે વિઝાની જરૂર ન હતી. બાર્સિલોનામાં આવેલા ભારતીય consulate / ઉપદૂતાવાસે તેમને સ્પેનના પાટનગર મેડ્રિડમાં ભારતીય embassy / દૂતાવાસનો સંપર્ક કરવાની સલાહ આપી.

બુધવાર, માર્ચ 31, 1971ની તારીખે સાંજે 5:30 વાગ્યે મેડ્રિડમાં દ્વિતીય સચિવ ગુરદીપ બેદી ઘરે જવા નીકળવાની તૈયારીમાં હતા. મૂળ સરગોધાના એ છ-ફૂટિયા શીખે રાજદૂત વિક્રમ શાહની ગેરહાજરીમાં દૂતાવાસનો વહીવટ સંભાળવાનો આવ્યો હતો. રાજદૂત છુટ્ટી પર હતા અને મહિના માટે ભારત ગયા હતા.

ગુરદીપ બેદી રવાના થાય તે પહેલાં ડોર બેલ સાંભળતાં તેમણે દરવાજો ખોલ્યો. પાક નૌકાદળના બે સબમરીનર્સ

આજે પણ સાચવી રખાયેલી નિર્દોષ બંગાળીઓની ખોપરીઓ મુહમ્મદ અલી ઝીણાની Two Nation થિઅરીનું મૃત્યુ સૂચવે છે.

૧૯૫૮ માં પહેલી વાર ભારત અને સ્પેન વચ્ચે charge d'affairs / ઉપરાજદૂતની કક્ષાના રાજદ્વારી સંબંધો સ્થપાયા બાદ રાજદૂતના સ્તરનો નાતો જોડવાનો વારો ૧૯૬૫માં આવ્યો. આ મકાન ભારતના ૧૯૭૧ની સાલના દૂતાવાસનું છે.

અબ્દુલ વાહેદ ચૌધરી (વાયરલેસ ઓપરેટર) તથા મોહમ્મદ રહેમતુલ્લાહ (પેટી ઑફિસર) અંદર પ્રવેશ્યા. ચહેરાઓ પર ઉચાટનો ભાવ છવાયેલો હતો. પરિચય આપ્યા પછી આખી વાત કહી અને બાંગલાદેશ માટેની આઝાદીની લડતમાં સામેલ થવાનો પોતાનો મનસૂબો જણાવ્યો. ખાતરી કરવા માટે બેદીએ તેમના પાસપોર્ટ તપાસ્યા.

આ નાજુક અને સંવેદનશીલ મામલો હતો. મેડ્રિડના દૂતાવાસમાં ગુરદીપ બેદી દ્વિતીય સચિવ હતા. બે દેશો વચ્ચેના રાજદ્વારી / diplomatic સંબંધો પર પ્રભાવી અસર કરતી બાબત વિશે નિર્ણય લેવાની તેમને સત્તા ન હતી. જો કે તેઓ સારા યજમાન નીવડ્યા.

‘તમારા સાથીદારો ક્યાં છે ?’

‘હમણાં તો શહેરમાં આમતેમ ભટકી રહ્યા છે.’ ચૌધરીએ કહ્યું.

‘પૈસા છે તેમની પાસે ?’

‘ખાવા માટે પૂરતા છે, પણ હોટલમાં મુકામ કરવા જેટલા નહિ.’

દરેક રૂમમાં બબ્બે જણા રોકાણ કરે એ ગણતરી મુજબ એકાદ સસ્તી હોટલમાં નાવિકો માટે બૂકિંગ કરવાની બેદીએ દૂતાવાસના કર્મચારીઓને સૂચના આપી. ઘટનાને સંક્ષેપમાં વર્ણવતો અર્જન્ટ ટેલિગ્રામ ત્યાર પછી દિલ્લીના વિદેશ મંત્રાલયને પાઠવ્યો. બીજી સવારે તેઓ દૂતાવાસે હાજર થયા તે પહેલાં દિલ્લીનો પ્રત્યુત્તર આવી ગયો હતો: ‘Immediately arrange for them to fly to India.’

પ્રત્યુત્તરમાં સૌથી વજનદાર શબ્દ Immediately હતો. જણાઇ આવતું હતું કે નવી દિલ્લીમાં સરદાર સ્વર્ણસિંહના વિદેશ મંત્રાલયે બાંગલા નાવિકોના કિસ્સાને અગ્રીમ મહત્ત્વ આપ્યું હતું. આ ફેંસલો તત્કાલીન વડા પ્રધાન ઇન્દિરા ગાંધીનો હોય અને ફેંસલા પર આવતાં પહેલાં ભારતીય નૌકાદળના સેનાપતિ એડમિરલ સરદારીલાલ નંદાને રૂબરૂ બોલાવી તેમની જોડે મસલત કરી હોય તે પણ ચોક્કસ વાત હતી.

નવી દિલ્લીના ફરમાનને અમલમાં મૂકવાનું કાર્ય ગુરદીપ બેદી માટે હર્ડલ રેસ જેવું પુરવાર થવાનું હતું. વિઘ્નો નજર સામે દેખાતાં હતાં. સ્પેન અને ભારત વચ્ચેના રાજદ્વારી / diplomatic સબંધો આમ તો સારા, પણ યારાના જેવા નહિ. પહેલી વાર 1956માં નાતો ગોઠવાયા પછી ઉભયપક્ષે રાજદૂત / ambassador કક્ષાના અધિકારીઓની નિમણૂક થયાનો વખત છેક 1965માં આવ્યો હતો. બે દેશો વચ્ચેની મૈત્રીમાં ખાસ ગરમાટો ન હતો.

ગુરદીપ બેદીએ મેડ્રિડ સરકાર પાસે મદદની અપેક્ષા રાખ્યા વગર પોતાની રીતે સંકટમાંથી માર્ગ કાઢવાનો હતો. ઍર-ઇન્ડિયાની મેડ્રિડ ખાતેની offline ઑફિસના મુખ્ય કર્મચારી પબ્લો આલ્મેડાને તેમણે ફોને કર્યો. ઑફિસ



યુરોપમાં નાવિકોનું યહાં સે વહાં

offline એટલા માટે કહેવાતી કે ઍર-ઈન્ડિયાનાં વિમાનો સ્પેન આવ-જા કરતાં ન હતાં. બેદીએ તે કર્મચારીને અલ ઈટાલિયાની રોમ જતી સવારની ફ્લાઈટમાં આઠ ટિકિટો બૂક કરવા જણાવ્યું. ઈટાલીથી બાંગલા નાવિકો રોમ-નવી દિલ્લીની ફ્લાઈટ પકડી શકે તેમ હતા. સ્પેનમાં તેઓ જેટલો વધુ સમય વીતાવે એટલું વધારે જોખમી હતું, કેમ કે ફ્રાન્સમાં નક્કી પુલિસ તે ભાગેડુઓને શોધી રહી હતી.

ફ્લાઈટ વહેલી સવારે હતી. ગુરદીપ બેદી અને દૂતાવાસના ભારતીય કર્મચારીઓના હાથમાં જૂજ કલાકો હતા. રાતપાળી કરીને તેમણે આઠ સબમરીનર્સના ફોટા પાડ્યા, ભારતની રાજમુદ્રાવાળા ટ્રાવેલ ડોક્યુમેન્ટ્સ તૈયાર કર્યા અને તેમના પર ફોટોગ્રાફ્સ ચીપકાવ્યા. નવી ઓળખ મુજબ હવે નાવિકો ‘હિન્દુ’ હતા અને કુમાર, રામ, દત્ત, સિંહ વગેરે નામો ધરાવતા હતા. રાતોરાત તેઓ ‘ભારતના નાગરિકો’ બની ગયા હતા.

બંગાળી મુસ્લિમ નાવિકો ગુરદીપ બેદીએ તૈયાર કરી આપેલા દસ્તાવેજો મુજબ ‘હિન્દુ’ બન્યા અને કુમાર તથા રામ જેવાં નામો પામ્યા. રાતોરાત તેઓ ‘ભારતના નાગરિકો’ બની ગયા હતા.

બીજી સવારે *Mangro* ના ચૌધરી અને રહમતુલ્લાહ તથા બાકીના છ નાવિકો શહેરથી 14 કિલોમીટર છેટે આવેલા મેડ્રિડ-બારાસ એરપોર્ટ પર હતા. એક સિનિયર ભારતીય ડિપ્લોમેટ તેમના ‘વળાવિયા’ તરીકે સાથે હતા, પણ એકાકી વ્યક્તિ હોવાનું બતાવવા ઘણું અંતર રાખ્યું હતું. નાવિકો આપ્રવાસન / immigration કાઉન્ટર પાસે ગયા. સ્પેનિશ ઑફિસરને વારાફરતી પોતપોતાના પાકિસ્તાની પાસપોર્ટ બતાવ્યા. ઑફિસરે કશી પૂછતાછ કર્યા વિના દરેક પર શેરો મારી આપ્યો. એક મોટું સંકટ ટળ્યું. નાવિકો ત્યાર બાદ ભારતીય ડિપ્લોમેટની નજીકથી પસાર થયા ત્યારે ડિપ્લોમેટે ભારતની રાજમુદ્રાવાળા ટ્રાવેલ ડોક્યુમેન્ટ્સ તેમને છાની રીતે પકડાવી દીધા. સ્પેનથી તેઓ પાકિસ્તાની તરીકે વિદાય થવાના હતા અને ઈટાલીના રોમમાં ભારતીય તરીકે પ્રવેશવાના હતા.

નસીબ બે ડગલાં આગળ હતું. નાવિકો ભાગી છૂટ્યાના અને તેઓ રોમ જતી ફ્લાઈટમાં હોવાના સમાચાર ચોમેર પ્રસરી ચૂક્યા હતા.

■

ફ્રાન્સના તુલોં બંદરે *Mangro* ના પાકિસ્તાની કેપ્ટને બંગાળી નાવિકો લાપતા થયાની જાણ ફ્રાન્સમાં પાકિસ્તાનના દૂતાવાસને કરી હતી. દૂતાવાસે ફ્રેન્ચ સરકારને ભાગેડુઓની ખોજ કરવા જણાવ્યું, એટલે જોતજોતાંમાં વાત ગાજી હતી. આ બનાવને પૂર્વ પાકિસ્તાનમાં ચાલતા લોહિયાળ સંઘર્ષ જોડે સંબંધ હોવાને લીધે સમાચાર માધ્યમોને બંગાળી નાવિકોનો ‘બળવો’ સનસનાટીપૂર્ણ લાગ્યો. આથી રોમ શહેરના વિમાની મથકે ઈટાલિયન મીડિઆના અનેક સંવાદદાતાઓનું તેમજ પ્રેસ ફોટોગ્રાફરોનું ટોળું જામ્યું હતું. રોમ ખાતેના પાકિસ્તાની દૂતાવાસના અધિકારીઓ પણ મોજૂદ હતા. ‘દેશદ્રોહી’ નાવિકોને ગિરફતાર કરવા માટે ક્યારના આવી પહોંચ્યા હતા.

ફ્લાઈટનું આગમન થયું અને નાવિકો ટર્મિનસની બહાર નીકળ્યા કે તરત બબાલ મચી. નાવિકો અને પાક અધિકારીઓ વચ્ચે બાથંબાથી થવા લાગી. નાવિકોએ જુસ્સાપૂર્વક પ્રતિકાર

પ્રથમ તથા બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ખેલાયેલાં અપ્રતીમ સાહસોની સત્યકથા

વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ

ભાગ : ૧
ભાગ : ૨
ભાગ : 3

■ નવાં, આકર્ષક મુખપૃષ્ઠ ■ સફેદ કાગળ પર સુઘડ, સ્વચ્છ મુદ્રણ ■ સંખ્યાબંધ ચિત્રો, નકશા અને ડાયાગ્રામ્સ ■ શસ્ત્રો વિશેની આશ્ચર્યજનક માહિતી ■ યુદ્ધનાં લશ્કરી દાવપેચની અજાણી જાણકારી ■ થ્રિલર કથાનેય ઝાંખી પાડી દેતાં જીવસટોસટનાં સાહસોનું જકડી રાખતું વર્ણન

દરેક ભાગનાં કુલ પાનાં : ૮૮
દરેક ભાગની કિંમત : ₹ ૫૦/-

આજે જ આપના ફેરિયા પાસે માગો અથવા
www.harshalpublications.in પરથી ઓનલાઈન ખરીદો.

વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ
વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ
વિશ્વવિગ્રહની યાદગાર યુદ્ધકથાઓ

કર્યો. એક પાકિસ્તાની અધિકારીને *Mangro* ના (માજી) વાયરલેસ ઓપરેટર અબ્દુલ વાહેદ ચૌધરીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું: 'અમે ૨૬ માર્ચના દિવસે નવો જન્મ લીધો છે. અમારા વતન માટે લડવાના છીએ.'

નાવિકો બચ્યા તો ખરા, પણ તેઓ રોમ એરપોર્ટ પર હોય ત્યાં સુધી તેમની સલામતી જોખમમાં હતી. દુર્ભાગ્યવશ એવી જ પરિસ્થિતિ જાગી. અમેરિકાના ન્યૂ યોર્ક એરપોર્ટ પર કર્મચારીઓની હડતાલને કારણે એર-ઈન્ડિઆની ફલાઈટ સમયસર રોમ આવી નહિ. દસ કલાક મોડી હતી. અબ્દુલ વાહેદ ચૌધરી અને તેના સાથીદારો રોમ ખાતે એટલું લાંબું રોકાણ કરે તો પાકિસ્તાની દૂતાવાસને તેમની ધરપકડ માટે diplomatic / રાજદ્વારી તજવીજો કરવાનો પૂરતો સમય મળી જાય, માટે તેમના 'વળાવિયા' સિનિઅર ભારતીય ડિપ્લોમેટે આઠેય નાવિકોનું સ્વિટ્ઝરલેન્ડના જિનિવા જતી વહેલી ફલાઈટમાં બૂકિંગ કરાવી નાખ્યું. સ્વિટ્ઝરલેન્ડ તટસ્થ દેશ, માટે ત્યાં ખતરો ન હતો.

■

આ તરફ સ્પેનના મેડ્રિડમાં ભારતીય દૂતાવાસમાં ગુરદીપ બેદીને સ્પેનિશ વિદેશ મંત્રાલયનું ટેલિફોનિક સમન્સ આવ્યું. મંત્રાલયના ડાયરેક્ટર-જનરલ સમક્ષ બેદીએ તાત્કાલિક હાજર થવાનું હતું. સાંજે ૬.૩૦ વાગ્યે તેઓ મંત્રાલયે પહોંચ્યા.

'કેટલાક પાકિસ્તાની નાવિકો સ્વિટ્ઝરલેન્ડથી પોર્તુગાલ જવાના છે એ તમે જાણો છો?'

ડાયરેક્ટર-જનરલ સહેજ આકરા પાણીએ હોય એવું બેદીને લાગ્યું, પણ સ્વસ્થતા જાળવી તેમણે જવાબ દીધો: 'હું આપને પૂરી સચ્ચાઇ તેમજ ઈમાનદારી સાથે કહું છું કે સ્વિટ્ઝરલેન્ડથી પોર્તુગાલ જતા પાકિસ્તાની નાવિકો વિશે મને બિલકુલ જાણ નથી.'

પાકિસ્તાનની સબમરિનના બંગાળી નાવિકોને બચાવવામાં ભારતની સંડોવણી ખુલ્લી પડે તો diplomacyને લગતી આંતરરાષ્ટ્રિય સમજૂતીના ભંગ બદલ વિશ્વસ્તરે રાજદ્વારી વિવાદ ખડો થાય તેમ હતો.

એક રીતે (અને યોગ્ય રીતે) જોતાં ગુરદીપ બેદી સાચા હતા. ડાયરેક્ટર-જનરલે પોતે 'સ્વિટ્ઝરલેન્ડ' તથા 'પોર્તુગાલ' શબ્દો વાપરી બેદીને સામટી બે છટકબારીઓ પૂરી પાડી હતી. જવાબથી તેને જો કે સંતોષ ન થયો, એટલે બેદીને ચેતવણીના સૂરમાં જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ભારતની એલચી કચેરી ભાગેડુ નાવિકોને પાકિસ્તાનના દૂતાવાસને હવાલે કરવા બંધાયેલી હતી. વધુમાં એ પણ સ્પષ્ટ કર્યું કે સ્પેનની પુલિસ ફરાર નાવિકોને શોધી રહી હતી. ડાયરેક્ટર-જનરલનો તે આડકતરો સંકેત હતો. નાવિકો પકડાય અને ભારતીય એલચી કચેરી તેમના મામલામાં સંડોવાયેલી હોવાનું બહાર આવે તો કેવી મોટી રાજદ્વારી કટોકટી સર્જાય અને ગુરદીપ બેદી પોતે કેવી મુસીબતમાં આવી પડે તે જોખમ પ્રત્યે ડાયરેક્ટર-જનરલ આંગળી ચીંધી રહ્યો હતો.


વડા પ્રધાન ઈન્દિરા ગાંધીને એડમિરલ નંદા સંભવતઃ નૌકાદળની વ્યૂહાત્મક ભૂમિકા સમજાવી રહ્યા છે, જો કે કહેવું મુશ્કેલ કે વાસ્તવમાં શો વાર્તાલાપ ચાલ્યો.

દૂતાવાસે પહોંચી ગુરદીપ બેદીએ સ્પેનના વિદેશ મંત્રાલયમાં પોતાની ડાયરેક્ટર-જનરલ સાથેની મુલાકાતનું ટૂંક વર્ણન કરતો ટૉપ સિક્રેટ વર્ગનો Crass Telegram નવી દિલ્લીને પાઠવ્યો. દિલ્લીથી જવાબ આવ્યો: 'Keep denying Don't admit.'

સ્વિટ્ઝરલેન્ડના જિનિવામાં *Mangro* સબમરિનના આઠ બંગાળી નાવિકોએ એર-ઈન્ડિઆની ફલાઈટ પકડી અને સહીસલામત રીતે મુંબઈ એરપોર્ટ પહોંચ્યા. હવે તેઓ પૂરેપૂરા સ્વતંત્ર હતા.

■

'એડમિરલ', વડા પ્રધાન ઈન્દિરા ગાંધી બોલ્યાં અને પછી તરત પોતાની રિસ્ટ વૉચ તરફ જોવા લાગ્યા. 'તમારે કહેવાનું છે કંઈ?'

વાર્તાલાપમાં પોતાનો વારો છેલ્લો રહેવાનો તે નૌકાસેનાપતિ એડમિરલ નંદા જાણતા હતા. આ મિટિંગ દરમ્યાન વડા પ્રધાન અગાઉ ભૂમિદળના સેનાપતિ જનરલ સામ માણેકશા સાથે અને પછી વાયુસેનાપતિ એર-ચીફ માર્શલ પ્રતાપચંદ્ર (પી.સી.) લાલ સાથે લાંબી ચર્ચા કરી ચૂક્યાં હતાં. દિલ્લીની કેન્દ્ર સરકારો ભૂમિદળને હંમેશા ખોળે બેસાડતી હતી. વાયુસેના પણ આકાશ ગજાવતાં

તેનાં ફાઈટર-બોમ્બર વડે સીમાપાર દૂર સુધી શત્રુનાં મથકો પર હુમલા કરી જાણતી, માટે તેનુંય રાજકીય શાસકોની દૃષ્ટિએ મહત્ત્વ હતું. નૌકાદળનો રોલ ફક્ત સહાયક તરીકેનો લેખાતો હતો. વોટ બેન્કના જોરે ચૂંટણી જીતીને સત્તા પર આવેલા રાજકારણીઓ Military Doctrine અને Strategic Doctrine / લશ્કરી સિદ્ધાંતોની અને વ્યૂહાત્મક સિદ્ધાંતોની કક્કો-બારાખડી જાણે નહિ, માટે તેઓ એ પણ ન જાણતા હોય કે બીજા વિશ્વયુદ્ધમાં બૅટલ ઑફ ઍટલાન્ટિક, બૅટલ ઑફ ધ કોરલ સી, બૅટલ ઑફ લેઇતી ગલ્ફ વગેરે સાગરસંગ્રામો વિશ્વયુદ્ધનો અંજામ નક્કી કરવામાં નૌકાદળો ખાસ્સી હદે નિર્ણાયક પુરવાર થયાં હતાં.

આશરે ૨,૬૦૦ ટનની તલવાર (F 140) ફ્રિગેટ નજીકમાં ઓખા પાસે જ હોવા છતાં દ્વારકા પર તોપમારો કરી રહેલા પાક નૌકાકાફલાને તેણે પડકાર્યો નહિ.

ભારતીય નૌકાદળને સંરક્ષણ બજેટનો માંડ ૪ % હિસ્સો ફાળવવામાં આવતો હતો. (૧૯૭૧માં અપાયેલી રકમ: રૂા. ૧૦૬.૧૨ કરોડ.) આશરે ૭,૫૦૦ કિલોમીટર લાંબો સાગરકાંઠો ધરાવતા ભારતના નૌકાદળમાં ગણીને માત્ર ૩,૫૦૦ ઓફિસરો અને ૨૭,૦૦૦ નાવિકો હતા. ૧૯૬૧માં ગોવાનાં મુક્તિસંગ્રામ વખતે પોર્તુગાલની *Alfonso de Albuquerque* નામની ફ્રિગેટ મનવારને જખમી કરી જપ્ત લેવા સિવાય નૌકાદળે એકેય યુદ્ધ ખેલ્યું ન હતું.

૧૯૬૫ ના ભારત-પાક યુદ્ધ વખતે પાકિસ્તાનના કરાંચી બંદરને ખોખરું કરી નાખવાનો સરસ મોકો હતો, કેમ કે ત્યારે મૈસૂર અને દિલ્લી નામનાં ખૂબ બળવાન ક્રૂઝર યુદ્ધજહાજો ઉપરાંત વિમાનવાહક જહાજ ‘*વિક્રાંત*’ પણ હતું. ઉપરાંત *તલવાર*, *ખુકરી* તેમજ *બ્રહ્મપુત્ર* વર્ગની (બ્રિટિશ બનાવટની) ફ્રિગેટ મનવારો હતી. આમ છતાં નૌકાદળ સતત ૨૨ દિવસ ચાલેલા યુદ્ધ દરમ્યાન તદ્દન નિષ્ક્રિય રહ્યું. શરમની વાત એ કે વિમાનવાહક જહાજ તરીકે લશ્કરી પરિભાષામાં force multiplier લેખાય તે *વિક્રાંત* ને મુંબઈની ગોદીમાં મોકલી દેવાયું, જેથી અમેરિકા દ્વારા ૧૯૬૩માં ભેટ મળેલી સબમરિન ગાઝી તેનો શિકાર કરી નાખે નહિ.

ભારત માટે બીજી શરમજનક ઘટના પણ ૧૯૬૫ ના યુદ્ધમાં બની. સપ્ટેમ્બર ૭, ૧૯૬૫ની તારીખે પાકિસ્તાનની ૭ મનવારોએ દ્વારકા પર તોપમારો કર્યો. સદ્નસીબે ઘણાખરા ગોળા ફાટ્યા નહિ. એક ગોળાના વિસ્ફોટે ગાયનો ભોગ લીધો. ભારતીય ફ્રિગેટ *તલવાર* એ વખતે માત્ર ૩૦ કિલોમીટર છેટે હતી. રેડાર વડે સંચાલિત ૪.૫" ના વ્યાસની તોપ ધરાવતી હતી. પાકિસ્તાની કાફલો તેના રેડારના ધ્યાનમાં આવ્યો, છતાં તે ફ્રિગેટે પાક મનવારોને પડકારી નહિ. કારણ શું હતું? પ્રતિકાર માટે દિલ્લી*ની કેન્દ્ર સરકારે મંજૂરી આપી નહિ.*

*૧૯૬૫માં એડમિરલ*ને બદલે રીઅર-એડમિરલનો (બે પગથિયાં નીચેનો) હોદ્દો સંભાળતા સરદારીલાલ નંદા એ વખતે મુંબઈની Mazagaon Docks Ltd ના મેનેજિંગ ડિરેક્ટર હતા. મઝગાઁવ ગોદીમાં નીલગિરિ વર્ગની ફ્રિગેટ મનવારો ત્યારે બાંધવામાં આવી રહી હતી. નંદા તે સ્વદેશી પ્રોજેક્ટનું સંચાલન કરતા હતા. દ્વારકા પરના હુમલા વખતે આપણી તલવાર ફ્રિગેટે શત્રુ કાફલાનો પ્રતિકાર ન કર્યો. એ વાતે તેમનું લોહી તપ્યું હતું. ફરીને પ્રશ્ન થયા કર્યો, કે સાગરસંગ્રામમાં મોખરે રહીને લડવા સર્જાયેલી મનવારો જો તાતી જરૂર પડે ત્યારે પણ વાપરવી ન હોય તો ભારે ખર્ચે તેમને વસાવ્યાનો મતલબ શો?

પાકિસ્તાને દ્વારકા પરના ‘સફળ’ હુમલાનાં ઢોલ-ત્રાંસાં વગાડ્યાં. હુમલો વાસ્તવમાં ભલે ‘બગલો વીંધ્યો ને માત્ર પીછાં હાથમાં આવ્યાં’ જેવો, છતાં ભારતે નાક ગુમાવ્યું

OPERATION
DWARKA 1965

આ પ્રશ્નનો જવાબ ૧૯૬૫નું યુદ્ધ પૂરું થયા પછી બીજે વર્ષે તેના બ્લોકમાં 129D નામે ઓળખાતા કોન્ફરન્સ રૂમમાં યોજાયેલી વરિષ્ઠ નૌકાઅધિકારીઓની મીટિંગમાં સાંપડ્યો. સ્વાભાવિક કે રીઅર-એડમિરલ નંદા તેમાં હાજર હતા. આ બેઠકમાં Naval Headquarters ના

પ્રતિનિધિએ ફોડ પાડ્યો કે કેન્દ્ર સરકારે દેશનાં ફક્ત વ્યાપારી જહાજોની સુરક્ષા જાળવવાનું દાયિત્વ નૌકાદળને સોંપ્યું હતું. દરિયાઇ ક્ષેત્રે તેણે યુદ્ધનો મોરચો ખોલવાનો ન હતો.

આ સ્પષ્ટીકરણે નંદાનો આક્રોશ વધારી મૂક્યો. રીઅર-એડમિરલે (કે પછી એક પાયરી ચડિયાતા હોદ્દાના વાઇસ-એડમિરલે) જાહેરમાં ક્યારેય નિવેદન આપવાનું ન હોય, છતાં નંદાએ લશ્કરી શિસ્તની કક્ષાના તે શિષ્ટાચારને અવગણી મુંબઇના Blitz સામયિકને આપેલી મુલાકાતમાં હુંકાર કર્યો: 'I know this (Karachi) harbour quite well, for I started my career working there. And you have my word that given the opportunity, the Indian Navy will make the world's biggest bonfire of it.'

આ શેખી ન હતી. ડિસેમ્બર ૩, ૧૯૭૧ ની રાત્રે ભારતની Osa વર્ગની મિસાઇલ બોટ કરાંચી બંદરનું લંકાદહન કરી બતાવવાની હતી.

■

એપ્રિલ, ૧૯૭૧ દરમ્યાન એટલું સ્પષ્ટ જણાવા લાગ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય કે કેમ એ નહિ, પરંતુ ક્યારે થાય એ જ જોવાનું રહેતું હતું. અગાઉ ૨૬ મી માર્ચે વડા પ્રધાન ઇન્દિરા ગાંધીએ પૂર્વ પાકિસ્તાનમાં આઝાદી માટે લડતે ચડેલા ગેરિલાઓને મદદ કરવાનો Border Security Force / BSF / સીમા સુરક્ષા દળને હુકમ આપ્યો હતો. આ બિનલશ્કરી દળના (સંરક્ષણ મંત્રાલયને બદલે ગૃહ મંત્રાલયના વહીવટ નીચેના) જવાનો પાસે અદ્યતન હથિયારો નહિ, એટલે પાકિસ્તાનની ફોજે તેમને પાછા ખદેડી મૂક્યા. ભૂમિદળને કામે લગાડ્યા વગર જનરલ ટિક્કા ખાનના સૈન્યને મહાત કરવું નામુમકિન હતું–એટલે કે યુદ્ધ લડ્યા વગર આરો ન હતો. નવેમ્બર મહિનામાં તેનો ભડકો થવાનાં એંધાણો વરતાતાં હતાં. એડમિરલ નંદાને લાગ્યું કે આખરે તેમના મનોરથ પૂરો કરવાનો મોકો આવી રહ્યો હતો. નૌકાદળ કેવો ખેલ પાડી શકે તેનો અહેસાસ તેઓ સાચે જ સૌને નાટ્યાત્મક રીતે કરાવી આપવાના હતા. ઇન્દિરા ગાંધીએ લશ્કરનાં ત્રણેય દળોને યુદ્ધ માટે તૈયાર રહેવા તાકીદ કરી કે તરત નંદા ભારતીય નૌકાદળની રણનીતિ ઘડવા લાગ્યા.

નૌકાસેનાપતિ એડમિરલ
સરદારીલાલ મથરાદાસ નંદા

પાકિસ્તાનની સબમરિનના બંગાળી નાવિકોને બચાવવામાં ભારતની સંડોવણી ખુલ્લી પડે તો diplomacy લગતી આંતરરાષ્ટ્રિય સમજૂતીના ભંગ બદલ વિશ્વસ્તરે રાજદ્વારી વિવાદ ખડો થાય તેમ હતો.


M24 હળવી રણગાડી અમેરિકન બનાવટની હતી. આઝાદી માગતી નાગરિકોની મેદની પર રણગાડીના તોપગોળા છોડાયા તે પગલાની ટીકા પાક જનરલ નિઆઝીએ પણ તેમના પુસ્તકમાં કરી હતી

■

ઇછાપોરની રાઇફલ ફેક્ટરીમાં રાઇફલને બદલે ચાની કીટલીઓ (ઇજનેરી કર્મચારીઓના માસિક પગાર માટે આમદાની મેળવવા ખાતર બનતી) અને લશ્કરના ઘણા જવાનોએ ૧૮૯૫ ની સાલના મોડેલની .303 રાઇફલો વડે ચલાવી લેવું પડતું તે ૧૯૬૨ના 'પંચશીલ' અરસા કરતાં ૧૯૭૧માં સ્થિતિ ઘણી સારી હતી. નૌકાદળ પૂરતી જ વાતને સીમિત રાખીએ, કેમ કે પ્રસ્તુત ભારતે રશિયાની Foxtrot વર્ગની ચાર આધુનિક સબમરિનો ખરીદ કરી હતી, જેઓ ૨૦,૦૦૦ કિલોમીટર લાંબો પ્રવાસ ખેડવા સક્ષમ હતી. વધુમાં *Petra* વર્ગની એન્ટિ-સબમરિન મનવારો તથા *Osa* શ્રેણીની ૮ મિસાઇલ બોટ માટે પણ સોદો કરવામાં આવ્યો હતો. દરેક બોટમાં Styx પ્રકારનાં ચાર રેડાર-નિર્દેશિત મિસાઇલ્સ હતાં. આ બોટ ડિસેમ્બર ૩-૪, ૧૯૭૧ની રાત્રે પાકિસ્તાનના કરાંચી બંદરનો ચહેરો બગાડી નાખવાની હતી. એડમિરલ નંદાએ બિલકુલ એ જ હેતુસર તે રશિયન દીપડીઓ વસાવવા માટે હઠાગ્રહની કક્ષાનો આગ્રહ રાખ્યો હતો. એક પછી એક સરકારે ઓરમાયા ગણેલા નૌકાદળનું કૌવત તેઓ બતાવી આપવા માગતા હતા અને તે મોકો આવી પહોંચ્યો હતો. ભાગ્યની દેવીએ જાણે સ્મિત કર્યું હોય તેમ ફ્રાન્સથી પાકિસ્તાની *Mangro* ના આઠ ભાગેડુ બંગાળી નાવિકો પણ નવી દિલ્હી આવી પહોંચ્યા હતા. આ બહુ મોટો જૅકપૉટ,

કારણ કે સેંકડો નદી-નાળાં ધરાવતી પૂર્વ પાકિસ્તાનની ભૂગોળ અંગે તેઓ પૂરેપૂરા માહિતગાર હતા. આથી ભારતીય નૌકાદળને ભોમિયાઓ તરીકે કામ લાગવાના હતા.

પૂર્વ પાકિસ્તાનના (એમ કહો કે બાંગલાદેશના) મોરચે ભારતીય નૌકાદળની વ્યૂહરચના સ્વાભાવિક રીતે જાહેરમાં ચર્ચવાનો વિષય ન ગણાય, પરંતુ રણનીતિના અમુક પાયાગત નિયમોને ધ્યાનમાં લેતાં તેના વિશે તાર્કિક અનુમાન સહેજે કરી શકીએ. મુખ્ય ધ્યેયો આટલાં:

- ભારતનું જબરદસ્ત સૈન્ય પૂર્વ પાકિસ્તાનમાં ૪,૧૫૬ કિલોમીટરની સરહદે પ્રત્યેક દિશામાંથી આક્રમણ કરે અને દક્ષિણ તરફ વિજયકૂચ ચલાવે. ત્રણ બાજુએ ઘેરાયેલા પાક સૈનિકો જાનની ખેરિયત માટે ફક્ત સમુદ્રમાર્ગે ભાગી શકે તેમ હતા. ભારતે તેમને છટકવા ન દેવા જોઇએ. યુદ્ધવિરામ પછીની સૂલેહમંત્રણા વખતે ભારતનો હાથ ઉપર રહે તે માટે વધુમાં વધુ પાક સૈનિકોને યુદ્ધકેદીઓ તરીકે પકડવા રહ્યા.
- પશ્ચિમ પાકિસ્તાન અને પૂર્વ પાકિસ્તાન વચ્ચે હવાઇ માર્ગે અંતર ૨,૩૪૦ કિલોમીટર, પરંતુ ઇન્દિરા ગાંધીએ પાક વિમાનો માટે ભારતને no-fly zone બનાવી દીધું હતું. (જુઓ, નકશો) પાકિસ્તાનના વિમાનોએ વાયા (શ્રીલંકાના) કોલમ્બો સફર ખેડવી પડતી હતી. લડાઇ ફાટી નીકળ્યા પછી ઇસ્લામાબાદ તેની વધુ ઇન્ફન્ટ્રિ બટાલિયનોને જહાજો દ્વારા સિલોન (ઇ.સ. ૧૯૭૨ પછીનું નામ શ્રી લંકા) ફરતે પૂર્વ પાકિસ્તાન મોકલે તે ચોક્કસ હતું. આ જહાજોને સપાટામાં લેવાં રહ્યાં.
- સૌથી અગત્યની વ્યૂહાત્મક જરૂરિયાત બીજી અને સાવ જુદી હતી. કસાઇ જનરલ ટિક્કા ખાને બંગાળી મુસ્લિમોની સ્વાતંત્ર્યલડતને ઊગતી ડામવા માટે Operation Searchlight નામે હત્યાકાંડ ૨૫ મી માર્ચના દિવસે શરૂ કરી દીધો હતો. ઇસ્લામાબાદે તે માટે (અમેરિકા દ્વારા ભેટ મળેલી) કેટલીક M24 Chaffee રણગાડીઓ, ઍસૉલ્ટ રાઇફલ્સ, લાઇટ મશીનગન્સ તથા કારતૂસો જેવો શસ્ત્રસરંજામ ક્યારનો પૂર્વ પાકિસ્તાન મોકલી આપ્યો હતો. સેબર જેટ, હેલિકોપ્ટરો અને ગનબોટ સાથે વધુ ને વધુ જહાજો આવી રહ્યાં હતાં.

ઇન્દિરા ગાંધીએ પાક વિમાનો માટે ભારતના આકાશને no-fly zone જાહેર કર્યા પછી ઇસ્લામાબાદ માટે એકમાત્ર સમુદ્રી માર્ગ ખુલ્લો રહ્યો, જે ૨,૨૩૫ કિલોમીટર વધુ લાંબો હતો.

ભારતીય લશ્કરી દળો વહેલાંમોડાં પૂર્વ પાકિસ્તાનમાં પ્રવેશે એ પછી તો ૧,૨૫,૦૦૦ પાક સૈનિકો માટેનાં શસ્ત્રો અને ખાધાખોરાકી તેમજ હેલિકોપ્ટર, વિમાનો, રણગાડીઓ તથા AFV / Armoured Fighting Vehicles માટે બળતણ લાવતાં જહાજોનો ટ્રાફિક ખાસ્સો વધવાનો હતો. આ જહાજોને સૅબોટેજ કરી દેવાં તે શ્રેષ્ઠ રણનીતિ હતી. ઍડમિરલ સરદારીલાલ નંદા એ જ વ્યૂહરચના અપનાવવા માગતા હતા. આ કાર્ય માટે ગેરિલા પ્રવૃત્તિ સાથે જાસૂસી પ્રવૃત્તિનો સમન્વય કરવાનું આવશ્યક હતું. લક્ષ્યાંક અંગે ગુપ્ત બાતમી પ્રાપ્ત થયા પછી જ તેના પરનો ગેરિલા ઍટેક હાથ ધરવાનું શક્ય બને. કોઇ આઇડિઆબાજ-ગણતરીબાજ ઉસ્તાદને તે મિશન સોંપવું જોઇએ.

■

ઉસ્તાદને શોધવાની જરૂર ન હતી. એડમિરલ નંદા સાઉથ બ્લોકમાં પહેલા માળે તેમની પ્રભાવશાળી ચેમ્બરમાં બિરાજતા, જ્યારે ઉસ્તાદની ઑફિસ નીચે ભોંયતળિયે હતી. ઉસ્તાદનું નામ મિહિર કુમાર રૉય, પણ નૌકાદળમાં તેમના દોસ્તો 'મીકી' સંબોધન કરતા હતાં. મિહિર કુમારનું તે 'શૉર્ટ ફૉર્મ'



૧૯૭૧માં નૌકાદળના જાસૂસી વિભાગના નિયામક મિહિર કુમાર રૉય વર્ષો બાદ એપ્રિલ ૧, ૧૯૮૦ના રોજ વાઈસ-ઍડમિરલ બન્યા ત્યારનો ફોટોગ્રાફ

હતું. ૧૯૪૬માં (એ સમયના) Royal Indian Navy માં જોડાયેલા મિહિર રૉયનું ‘મૂળ વતન’ પૂર્વ બંગાળ હતું, જે બીજે વર્ષે પૂર્વ પાકિસ્તાન બન્યું. આઝાદી પછી ભારતીય નૌકાદળમાં કારકિર્દી આગળ ધપાવી તેઓ *રણજીત* ડિસ્ટ્રોયરના કેપ્ટન બન્યા અને ત્યાર બાદ *બ્રહ્મપુત્ર*, *બિઆસ* તથા *બેટવા* એ ત્રણ ફ્રિગેટ મનવારોનો ચાર્જ તેમને સોંપવામાં આવ્યો.

વાઈસ-ઍડમિરલ નંદા ૧૯૭૦માં જ્યારે ઍડમિરલ (નૌકાસેનાપતિ) નિયુક્ત થયા ત્યારે મિહિર કુમારને તેમણે નૌકાદળના જાસૂસી વિભાગના વડા / Director Naval Intelligence બનાવ્યા. યુદ્ધ ગમે ત્યારે ફાટી નીકળવાનાં એંધાણો જણાવા લાગ્યાં ત્યારે મિહિર કુમાર રૉયની ધારદાર બુદ્ધિને ધ્યાનમાં લેતાં નંદાએ ૧૯૬૫થી તેમના મનમાં ઘોળાતા મિશનના અમલીકરણનો કાર્યભાર તેમને સોંપ્યોઃ જાસૂસી અને સૅબોટેજ વડે પૂર્વ પાકિસ્તાનનાં તમામ બંદરોની નાકાબંધી.

પાકિસ્તાનની *Mangro* સબમરિનના આઠ નાવિકોની દિલ્લીના લાલ કિલ્લાની ખાસ કોટડીમાં ઊલટતપાસ લેવાયા બાદ તેઓ RAW ની કસ્ટડીમાં હતા. હવે તેમને મિહિર રૉયના હવાલે કરી દેવામાં આવ્યા.

■

ઍડમિરલ નંદા પૂર્વ પાકિસ્તાનના મોરચે ગોઠવવાની થતી રણનીતિ વિશે સ્પષ્ટ હતા. મિહિર રૉયના મનમાં પણ એ જ વ્યૂહરચના હતી. પૂર્વ પાકિસ્તાનનાં મુખ્ય બંદરો ચિત્તાગોંગ, મોંગલા, બારિસાલ, નારાયણગંજ, ઢાકા વગેરે બંદરોને ડૂચો મારવાનો હતો. આશરે ૫૮૦ કિલોમીટર લાંબા સંપૂર્ણ દરિયાકાંઠાની નાકાબંધી કરી દેવાની હતી. જોગસંજોગે તે કાંઠાનો ભૌગોલિક પરિચય એડમિરલ નંદાને પણ હતો. ૧૯૪૨માં નંદા હજી લેફ્ટનન્ટ હતા એ વખતે મોટર લૉન્ચ હંકારી બંગાળના કાંઠાનું પેટ્રોલિંગ કરવાનું તેમને સોંપાયું હતું. લૉન્ચમાં સાથે કેટલાક ભારતીય સૈનિકો હતા. જાપાન ત્યારે ઈશાન ભારત સરહદે આક્રમણ લાવી રહ્યું હતું અને સમુદ્રના માર્ગે તેના સૈન્યનો ભારતમાં પ્રવેશ થતો રોકવાનો હતો.

ઈન્દિરા ગાંધીએ પાકિસ્તાનનાં વિમાનો માટે ભારતના આકાશને no-fly zone જાહેર કર્યા પછી ઈસ્લામાબાદે પૂર્વ પાકિસ્તાનમાં તેના લશ્કરને જુદી જુદી કિસમના માલનો જે પુરવઠો મોકલવાનો થતો તે અસાધારણ જથ્થાનો હતો. ઈસ્લામાબાદે જૂન-જુલાઈ, ૧૯૭૧ દરમ્યાન ૧,૫૦,૦૦૦ સૈનિકો રવાના કર્યા હતા, જેમના માટે ૨,૦૦,૦૦૦ ટન જેટલો પુરવઠો મોકલવાનો થયો હતો. પાકિસ્તાનના સરમુખત્યાર જનરલ યાહ્યાખાને ત્યાર પછી વધુ બે ઈન્ફન્ટ્રિ ડિવિઝનો મોકલી. (એક ડિવિઝનમાં સૈનિકોની એવરેજ સંખ્યાઃ ૭૦,૦૦૦) આથી બમણો માલ પહોંચાડવાનું જરૂરી બન્યું અને ભારત માટે એ રોકવાનું જરૂરી બન્યું. ઍડમિરલ નંદા પૂર્વ પાકિસ્તાનમાંના પાક સૈનિકો માટે ઑક્સિજન ટ્યૂબ જેવી તે સપ્લાય લાઈનને કાપી નાખવા માગતા હતા.

કઈ રીતે કાપવી તે સવાલ હતો. આ કામ ભારતીય નૌકાદળ ‘સત્તાવાર રીતે’ ન કરી શકે, કારણ કે પાકિસ્તાને કે ભારતે યુદ્ધ જાહેર કર્યું ન હતું. આથી ‘unofficial’ કમાન્ડો ટુકડી રચવાનું નક્કી કરવામાં આવ્યું. ટુકડીમાં *Mangro* સબમરિનના આઠ બંગાળી નાવિકોને આગળ પડતી ભૂમિકા સોંપી શકાય તેમ હતી. આશરે ૨૪,૦૦૦ ચોરસ કિલોમીટરમાં પથરાયેલા delta / નદીમુખ ત્રિકોણાકાર પ્રદેશની ભૂગોળ તેઓ જાણતા હતા. ચોવીસ હજાર નદી-નાળાંએ રોકેલો પ્રદેશ માટે ઢાકા સહિતનાં ઘણાંખરાં બંદરો પદમા, મેઘના, જમુના તથા પબના જેવી નદીઓ પર હતાં. આ બંદરો સુધી માલવાહક જહાજોની આવનજાવન થતી હતી. આ જહાજોનું મરજીવા કમાન્ડોએ સૅબોટેજ કરવાનું હતું.

લગભગ બધા કમાન્ડો એટેક પૂર્વ પાકિસ્તાનની નદીઓમાં જળસપાટી નીચે રહીને કરવાના હતા. આથી દિલ્લી પાસે વહેતી યમુના *Mangro* ના નાવિકો માટે તાલીમશાળા બની.

આ ભાંગફોડિયા કાર્યવાહી હાથ ધરવા કેપ્ટન મિહિર રૉયે *Mangro* ના તે આઠ નાવિકો પર મદાર રાખેલો, પણ તે વ્યર્થ નીવડ્યો. નાવિકો માત્ર સબમરિનના એન્જિન, ટોરપિડો, અને રેડિયોનું સંચાલન કરી જાણતા હતાં. ડુબકીબાજીમાં તેમની ચાંચ ડૂબતી ન હતી, જ્યારે શત્રુનાં માલવાહક જહાજોના ધ્વંસનું કાર્ય તો મરજીવાના પાઠમાં જ કરવાનું હતું. ઉપરાંત દારૂગોળો તેમણે વાપરવાનો હતો, પણ explosives વિશે તેમને ખાસ જાણકારી ન હતી.

ભારત પાસેય એમ તો બારુદ જોડે કામ પાડી શકે એવા ડુબકીબાજો ન હતા. માત્ર Clearance Divers / CD હતા, જેઓ બંદરગાહના તળિયેથી અડચણો દૂર કરી આપતા હતા. (દા.ત. લંગરની છટકી કે બટકી ગયેલી સાંકળ અથવા


NAVAL COMMANDO OPERATION
Colonel M.A.G. Osmani
Coomander-in-chief
Bangladesh Armed Forces
Admiral S. M. Nanda
Chief of Naval Staff
General S.H.F.J. Maneckshaw
Chief of Amry Staff
Lt. Gen. J. S. Aurora
GOC-in-chief, East
Captain M. K. Roay
Director Naval Intelligence
Major Gen. J.F.R. Jacob
Chief Staff Officer
Eastern Commando
Major Gen. B. N. Sarkar
Director Operations (X)
Cdr. M.N.R. Samant
Staff Officer-1
(Naval Operations X)
C2P Plassey Naval Commandos
Lt. Cdr. George Martis
Camp-in-charge
C2H Haldia Gunboats
Lt. Cdr. J. K. Roy Choudhary
MV Palash
Lt. Cdr. Ashok Roy
Naval Det
(Tripura D Section)
Lt. Cdr. J.P.A. Noronha
'Force Alfa'
Dec. 6-11, 1971
INS Panvel
Lt. V.P. Kapil
Second-in-comand
Lt. Samir Das
Training Coordinator
Lt. Suvesh Kumar Mitter
NAVAL TRAINING CREW
Chiman Singh
E. J. Princhan
Karan Singh
P. K. Bhattacharjee
M. S. Gupta
P.K. Dhole
MANGRO - 8
Abdur Rehman, Abdur Rakib Mian, Ahsanullah, Aminullah Sheikh,
A.W. Chowdhury, Badiul Alam, Rahmatullah and Syed Mosharaff Hussain.
and 432 NAVAL COMMANDOS / ASSAULT SWIMMERS
Trained between May-Nov., 1971

પાણીમાં ગબડી પડેલી જહાજી માલની પેટી.) આના માટેની તાલીમશાળા કોચિન પાસે INS *Garud* નામે ઓળખાતા મથકે હતી. મુખ્ય પ્રશિક્ષક લેફ્ટનન્ટ સમીર દાસ હતા.

એક દિવસ સમીર દાસ તાલીમાર્થીઓ સમક્ષ હાજર થયા નહિ. કોઈને જણાવ્યા વગર ક્યાંક જતા રહ્યા. અડધો ડઝન તાલીમાર્થીઓને કહેવામાં આવ્યું કે કામચલાઉ જવાબદારી સંભાળવા દાસે બીજે જવાનું થયું હતું. 'બીજે' એટલે દિલ્લી પાસે યમુના નદીએ, જ્યાં *Mangro* ના આઠ નાવિકોને લાવી દેવાયા હતા. પૂર્વ પાકિસ્તાનમાં એ નાવિકોએ વહેતી નદીમાં જળસપાટી નીચે રહી જહાજોને સુરંગ વડે ડુબાડવાનાં હતાં, માટે ભાંગફોડની તાલીમ નદીમાં જ અપાય તે જરૂરી હતું. સમીર દાસ બંગાળી અને નાવિકો પણ બંગાળીભાષી, એટલે પ્રશિક્ષણનું કામ જરા સરળ બન્યું.

■

કેપ્ટન મિહિર રૉયે કમાન્ડો મિશન અર્થેનો ગેમપ્લાન ૬ ફૂલ્સ કૅપ પાનાંમાં મુદ્દાસર લખ્યો. એક સુયોજિત નેટવર્કનો ચાર્ટ બનાવ્યો અને નૌકાસેનાપતિ ઍડમિરલ નંદા સમક્ષ રજૂ કરી તેમનું સમર્થન મેળવ્યું. મિહિર રૉયે કમાન્ડો ટુકડીમાં ટોચનો દરજ્જો સંભાળવા કમાન્ડર એમ. એન. સામંત નામના ઑફિસરને પસંદ કર્યા. (આખું નામ મોહન નારાયણરાવ સામંત, પણ ૧૮૫૭ના સ્વાતંત્ર્યસેનાની તાત્યા ટોપે તેમના પ્રિય પાત્ર હોવાને લીધે નૌકાદળમાં જીગરી મિત્રો સામંતને તાત્યા નામે સંબોધતા હતા.) આ કમાન્ડરે ડુબકીબાજોને તથા કમાન્ડોને તાલીમ આપવા C2P Plassey નામનો ટ્રેઈનિંગ કેમ્પ સ્થાપ્યો. (જુઓ ચાર્ટ). કેમ્પનું સંચાલન લેફ્ટનન્ટ-કમાન્ડર જ્યોર્જ માર્ટિસને સોંપ્યું, જ્યારે INS *Garud* તાલીમકેન્દ્રના પેલા લેફ્ટનન્ટ સમીર દાસે તેમના હાથ નીચે રહીને કામગીરી બજાવવાની હતી. સમીર દાસ અને તેમના સમકક્ષ લેફ્ટનન્ટ વી.પી. કપિલના નેતૃત્વ હેઠળ વળી બીજા પ્રશિક્ષકો તથા ભારતના Clearance Drivers કહેવાતા ડૂબકીબાજો હતા. વધુમાં *Mangro*ના આઠ નાવિકો પણ ખરા. ઉપરાંત ફ્રાન્સમાં પાક નૌકાદળની Daphne વર્ગની *Hangur* નામની જે બીજી સબમરિન રહેલી તેના અમુક બંગાળી મુસ્લિમ નાવિકો પણ છટકીને ભારત આવી પહોંચ્યા હતા અને કમાન્ડર એમ. એન. સામંતની કમાન્ડો ટુકડીમાં સામેલ થયા હતા. બીજી તરફ આઝાદી માટે લડવા માગતા ૪૦૦ બંગાળી ક્રાંતિકારીઓ તાલીમ લેવા આવ્યા હતા. આ બધા જણા પાક લશ્કર સામે ઝઝૂમતી મુક્તિવાહિનીના સભ્યો, જેનો સરદાર એમ. એ. ઉસ્માની હતો.

કમાન્ડર એમ.એન. સામંત (*'તાત્યા'*)

ઑગસ્ટ ૨, ૧૯૭૧ ના દિવસે કમાન્ડર એમ. એન. સામંતે C2P Plassey ટ્રેઈનિંગ કેમ્પના તમામ જણાને એકત્રિત કરી ‘બ્રીફિંગ’ આપ્યું: ‘તમારું મિશન ચિત્તાગોંગ, ચાંદપુર, મંગલા અને નારાયણગંજ બંદરો પર ઍટેક કરવાનું છે. આપણે ૧૪ ઑગસ્ટના રોજ એટલે કે પાકિસ્તાનના સ્વાતંત્ર્યદિને હલ્લો બોલાવવાના છીએ. કમાન્ડર ‘તાત્યા’ સામંતે પ્રારંભનાં તે વાક્યો પછી વિગતવાર જે વ્યૂહ વર્ણવ્યો તે સૂક્ષ્મતમ આયોજન સૂચવતો હતો. બધું મળીને ૧૦૦ જણાએ હુમલામાં ભાગ લેવાનો હતો. સૌથી મોટું જૂથ ૬૦ જણાનું હતું. સામંતે તેનું નેતૃત્વ પાકિસ્તાન નૌકાદળની *Hangur* સબમરિનના બંગાળી કમ્યૂનિકેશન સ્પેશ્યાલિસ્ટ એ.ડબલ્યુ. ચૌધરીને સોંપ્યું હતું. આ જૂથે ચિત્તાગોંગ બંદર પર ત્રાટકવાનું હતું. સૌથી મહત્ત્વનું લક્ષ્ય ચિત્તાગોંગ હતું.

પાકિસ્તાની જહાજો પર કમાન્ડો ઍટેક કરવા માટેના કોડ સિગ્નલનું પ્રસારણ ઓલ-ઇન્ડિઆ રેડિયો પર બંગાળી ગીતોરૂપે થવાનું હતું, એટલે દરેક કમાન્ડોને પાનાસોનિક 3-band ટ્રાન્ઝિસ્ટર રેડિઓ આપી રખાયો હતો.

કમાન્ડર સામંતે ‘બ્રીફિંગ’ દરમ્યાન જણાવ્યું તેમ પ્રાપ્ત થયેલી જાસૂસી બાતમી પ્રમાણે ચિત્તાગોંગમાં માલવાહક જહાજ MV *Ohrmazd* લાગ્યું હતું, જેમાં ૯,૯૧૦ ટન વજનનાં શસ્ત્રો, બળતણનાં પીપડાં તથા બીજો ફૌજી સામાન હતો. (MV=Motor Vessel.) બીજા જહાજ MV *Abbas* માં ૧૦,૪૧૮ ટન લશ્કરી સરંજામ હતો. એક બાર્જ નૌકા પર આશરે ૪૦૦ ટન શસ્ત્રો ખડકેલાં હતાં. ઉપરાંત પાક નૌકાદળની ૪ ગનબોટ પણ કરાંચીથી જહાજ દ્વારા લાવવામાં આવી હતી.



કમાન્ડર સામંતે ‘બ્રીફિંગ’ આગળ ચલાવ્યું: ‘તમારે દરેક જણે એક ટ્રાન્ઝિસ્ટર રેડિઓ, એક ચુંબકીય સુરંગ તથા એક કમાન્ડો ચપ્પુ પોતાની સાથે રાખવાનાં છે. એક બંગાળી ગીત હવે સંભળાવું છું, ધ્યાનથી સાંભળજો. આ ગીત અમે ઑલ ઇન્ડિઆ રેડિયો પરથી તમારા માટેના કોડ સિગ્નલ તરીકે પ્રસારિત કરવાના છીએ. આરતી મુખરજીએ બાળકીના કંઠમાં ગાયેલું, જાણીતું ગીત રજૂ કર્યું: આ ગીત પ્રસારિત થાય ત્યારે સમજવાનું કે આગામી ૪૮ કલાકમાં તમારે કમાન્ડો હુમલો કરવાનો છે. સમજ્યા?’

ચુંબકીય *limpet* સુરંગને કમાન્ડો મરજીવો પટ્ટા વડે પેટે અથવા પીઠે બાંધી રાખે છે. જહાજના તળિયે અથવા પડખે *limpet* ને ચોંટાડી દેવાયા બાદ ટાઈમર ફ્યૂઝ થોડી વાર પછી સુરંગના બારુતનો ધડાકો કરે છે.



સામંતે ત્યાર બાદ પંકજ મલિકનું બંગાળી ગીત *‘આમી તોમાઇ જોતો’* (‘મારાં ગીતો, જે તને / તમને સંભળાવ્યાં’) રજૂ કર્યું.

આ ગીત પ્રસારિત થયાનો અર્થ એ કે તમારે એ જ રાત્રે હુમલો કરવાનો છે.

આ જહાજોનું સૅબોટેજ limpet તરીકે ઓળખાતી સુરંગ વડે કરવાનું હતું. (એક જાતની સમુદ્રી છીપને limpet કહે છે. ખડક પર મજબૂત રીતે ચોંટેલા રહેવું એ તેનો જાણીતો ગુણધર્મ છે.) સુરંગ ચુંબકીય હોય, એટલે કમાન્ડો મરજીવો શત્રુના જહાજના તળિયે એવી સુરંગને ચોંટાડી દે. દરેક કમાન્ડો મરજીવાએ તે સુરંગને પટ્ટા વડે પોતાની પીઠે યા પેટે બાંધી જહાજના તળિયે ક્યાં તો પીઠભર યા પેટભર આડી લીટીમાં શરીરનો પોઝ બનાવી સુરંગને તળિયાના સંપર્કમાં લાવી દેવાની હતી. આ બારુદી શસ્ત્ર ચુંબકત્વના જોરે ચીપકી જાય, એટલે મરજીવાએ તેની કમાન્ડો ચપ્પુ વડે પટ્ટો કાપી શક્ય એટલી ઝડપે જહાજથી દૂર નીકળી જવાનું હતું. લિમ્પેટ સુરંગને ફાટતી રોકતો ફ્યુઝ, જલદ્રાવ્ય હોય, એટલે નદીના પાણીમાં તે ધીમે ધીમે ઓગળી જાય કે તરત સુરંગ ફાટીને જહાજના તળિયામાં ગાબડું પાડી દે.

આ રીતે યોજના ગોઠવાયા પછી ભારતીય વાયુસેનાના Fair-child Packet પ્રકારના માલવાહક / સૈનિકવાહક વિમાન દ્વારા મુક્તિવાહિનીના અમુક ક્રાંતિકારોને ત્રિપુરા-પૂર્વ પાકિસ્તાન સરહદે પહોંચાડવામાં આવ્યા. (હવે પછી નકશો જોતા રહેજો.) કમાન્ડર એમ. એન. ‘તાત્યા’ સામંતની જ C2P Plassey ટુકડીના તેઓ સભ્ય હતા અને તેમનો લીડર *Hangur* સબમરિનનો કમ્યૂનિકેશન સ્પેશ્યાલિસ્ટ એ. ડબલ્યુ. ચૌધરી હતો. દરેક જણે લુંગી-બનિયાન પહેર્યાં હતાં. દિવસે ક્યાંક નિદ્રા મેળવીને અને ત્રણ રાત્રી ચાલીને ઑગસ્ટ ૯, ૧૯૭૧ના રોજ તેઓ ચિત્તાગોંગની ભાગોળે પહોંચ્યા. બંગાળી જાતબંધુઓનાં ઘરોમાં વહેંચાયા, જ્યાં કમાન્ડર સામંતની Naval Intelligence જાસૂસી સંસ્થાના એજન્ટોએ ઘાસની

સરિતાઓનો દેશ: બાંગલાદેશ


ને પા ળ
જલપાઈગુડી
કિશનગંજ
પંચગઢ
ઠાકુરગાંવ
કુચ બિહાર
દિનગ્રામ
બ્રહ્મપુત્રા
ગુવાહાટી
તીસ્તા
નિલ્ફમારી
પિરગંજ
લાલમનિર હાટ
સઈદપુર
ધુબુરી
ગોલપાડા
રાયગંજ
દિનાજપુર
રંગપુર
કુરીગ્રામ
તુરા
ગાયબંધા
જયપુર હાટ
ફરાક્કા
બોગરા
જમાલપુર
શેરપુર
જરિયા
સુનમગંજ
છટાક
સિલહટ
સિલચર
નાવગાંવ
જમુના
માયમેનપુર
ગૌરીપુર
રાઉલપરા
નવાબગંજ
રાજશાહી
નતોર
સૈરાજગંજ
બ્રહ્મપુત્રા
મૌલવી બઝાર
ત્રિ
કિશોરગંજ
હબીગંજ
ગંગા
ટાંગૈલ
ભૈરવ બઝાર
બહામરાપુર
ગાઝીપુર
નરસીંગડી
બ્રાહ્મણબારિઆ
કુશ્તિઆ
પબણા
માણેકગંજ
અગરતલા
પુ
મેહરપુર
ગરાઈ
ઢાકા
દલગ્રામ
રાજબારી
ગંગા(પદ્મા)
નારાયણગંજ
એજાલ
ઝેનિદા
ફરીદપુર
મુન્શીગંજ
મગુરા
કેમિલ્લા
બર્દવાન
શાંતીપુર
નરાઈલ
પાલોંગ
ચાંદપુર
રા
હુગલી
લક્ષમ
ખગ્રચારી
બનગાંવ
જેસોર
મદારીપુર
મેઘના
ગોપાલગંજ
દામોદર
બરાકપુર
ખુલના
લક્ષ્મીપુર
નોઆખલી
હાબરા
બાગેરહાટ
બારિસાલ
ચાલના
કલકત્તા
(કોલકાતા)
પિરોજપુર
ઝાલાકટી
ભોલા
રંગમતી
મોંગલા બંદર
પતુઆખલી
ચિત્તાગોંગ
ડાયમન્ડ હાર્બર
બરગુના
કર્ણફુલી
બુગતલાંગ
હલ્દિઆ
સતખીરા
સું દ ર વ ન
બીચારી
બં ગા ળ નો
ઉ પ સા ગ ર
માગુલા

	લંબાઈ (કિ.મી.)
બ્રહ્મપુત્ર	૧૫૧
જમુના	૯૦
પદમા (ગંગા)	૩૭૫
મેઘના	૫૭૮
તીસ્તા	૧૧૪
ભદ્રા	૧૯૨
કર્ણફુલી	૧૬૦

બાંગલાદેશમાં નાની-મોટી આશરે ૭૦૦ નદીઓ વહે છે. કુલ લંબાઈ ૨૪,૧૪૦ કિલોમીટર.

ગંજીઓ નીચે ૪૦ limpet સુરંગો આગોતરી છુપાવી રાખી હતી.

■

આઝાદીના તલપદાર જાતબંધુના ઘરમાં આશ્રય લેનાર ટીમ લીડર એ. ડબલ્યુ. ચૌધરીએ ઑગસ્ટ ૧૩, ૧૯૭૧ની સવારે ૬:૦૦ વાગ્યે પોતાનો 3-band પાનાસોનિક ટ્રાન્ઝિસ્ટર રેડિઓ ચાલુ કર્યો. અચાનક શબ્દો કાને પડ્યા:

‘આમાર પુતુલ આજકે પ્રથમ જાબે સુરુર વાદી.’ આરતી મુખરજી બાલિકાના અવાજમાં તેની ઢીંગલીઓ વિશે ગાતી હતી.

‘દાદા’, ચૌધરીએ બંગાળી સંબોધન મુજબ તેના નિદ્રાવશ સાથી શાહ આલમને ઢંઢોળી કહ્યું: ‘સાંભળ, ગીતનું પ્રસારણ થાય છે.’

પાકિસ્તાની જહાજોનું સેબોટેજ કરવા માટે પસંદ થયેલા કમાન્ડો સાહસિકોને તે મિશનની તાલીમ અપાતી એ વખતની તસવીર

કમાન્ડર સામંતે કમાન્ડો યુનિટને જણાવેલું તેમ ઑલ-ઇન્ડિઆ રેડિઓ પર આરતી મુખરજીનું ગીત બ્રોડકાસ્ટ થાય, એટલે સમજવાનું કે ૪૮ કલાકમાં પાક જહાજો પર ઍટેક કરવાનો છે.

વીસ-વીસની બે ટુકડીઓમાં ૪૦ જણા ભાગોળ છોડીને ચિત્તાગોંગ શહેર તરફ નીકળી પડ્યા. કમાન્ડર સામંતે ખુર્શિદ નામના મળતિયા-કમ-ભોમિયા સાથે ગોઠવણ કરી રાખી હતી. દરેક જણે લોજિંગ-બોર્ડિંગમાં જુદી જુદી રૂમ ભાડે રાખી તેમાં રોકાણ કર્યું. સામટા રહેવામાં સલામતી ન હતી.

■

ઑગસ્ટ ૧૪, ૧૯૭૧ની સવારે ૬:૦૦ કલાકે ચૌધરીએ ટ્રાન્ઝિસ્ટર રેડિઓ ચાલુ કર્યો તેની થોડી જ વારમાં ગાયક પંકજ મલિકનો પહાડી અવાજ કાને પડ્યો: *‘આમી તોમાઈ જોતો. શુનિયે છિલમ ગાન.’*

આ ગીત ચિત્તાગોંગ બંદરે પાક જહાજો પર ત્રાટકવાનો સંકેત હતો અને હુકમ પણ હતો. મિશન એ જ મધરાતે અમલમાં મૂકવાનું હતું. ઑગસ્ટ ૧૪ પાકિસ્તાનનો સ્વાતંત્ર્યદિન હોવાને લીધે ઢાકા હકૂમતે તેના પાક સૈન્યને ‘હાઇ ઍલર્ટ’ પર રાખ્યું હતું. સંગીન પહેરા ગોઠવ્યા હતા.

દુશ્મનનાં ત્રણ જહાજો *Al-Abbas, Ohrmazd* તથા *Orient* છાપામાર હુમલાનાં પ્રથમ લક્ષ્યાંકો બન્યાં. ઓગસ્ટ ૧૪-૧૫ ની રાત ધડાકાઓની પરંપરા વડે ગાજવાની હતી.

સવા ફૂટ વ્યાસની ચાલીસ લિમ્પેટ મેગ્નેટિક સુરંગો અને પગમાં પહેરવાનાં (હલેસાંનું કામ આપતાં) લાંબાં flippers સાથે નદી સુધી કેમ પહોંચવું એ વાતે ટુકડીનો લીડર એ. ડબ્લ્યુ. ચૌધરી મૂંઝાયો ત્યારે મળતિયો ક્રાંતિકારી ખુર્શિદ મદદે આવ્યો. સરકારની Water and Power Development Authority ની પ્રથમાક્ષરી WADPA સાઇન પ્લેટ ધરાવતી સફેદ ટોયોટા પીક-અપ ટ્રક તેણે લાવી દીધી. વાહન સરકારી, એટલે માર્ગમાં તેને રોકવામાં આવી નહિ.

ખુર્શિદે ટ્રકને કર્ણફુલી નદીના ઉપરવાસમાં પહોંચાડી, જ્યાંથી પ્રવાહ ચિત્તાગોંગ બંદર તરફ વહેતો હતો. સાંજે ૬:૦૦ વાગ્યે ઑલ ઇન્ડિઆ રેડિયો પર *‘આમાર પુતુલ’* ફરી વાગ્યું, જે આખરી ગ્રીન સિગ્નલ હતું. મધરાતે અંધકારમાં ચાલીસ કમાન્ડો ઓગળી ગયા ત્યારે મિશનનો આરંભ કરવામાં આવ્યો. સૌ નદીકાંઠે કતારબંધ ગોઠવાયા, એકબીજાને કમરે ચુંબકીય સુરંગ બાંધવામાં મદદ કરી, દરેકે પગમાં રબ્બરનાં ચપટાં અને લાંબાં flippers પહેર્યાં અને કર્ણફુલી નદીમાં પીઠભર ઝંપલાવ્યું. હેઠવાસ તરફ વહેતી કર્ણફુલી નદી સાથે તેઓ આપોઆપ ચિત્તાગોંગ બંદરની દિશામાં તણાતા રહ્યા. જળસપાટી નીચે તરતા હતા અને દર થોડી વારે ફેફસામાં પુષ્કળ હવા ભરી લેવા ચંદ સેકંડો પૂરતા બહાર ડોકાતા હતા. દરેકે પોલા વાંસની નળી હાથમાં રાખી હતી. એક વાર પાકિસ્તાની પેટ્રોલ બોટ સર્ચલાઇટ ફેંકતી સામી આવતી જોવા મળી ત્યારે કમાન્ડો તરવૈયાઓ કાંઠાસરસા જતા રહ્યા. પોલા વાંસનું ટેરવું જરા સરખું પાણીની બહાર રાખી તેના દ્વારા શ્વાસ લેતા રહ્યા. પેટ્રોલ બોટ પસાર થયા બાદ તેમણે પ્રવાહ ભેગા તણાવાનું ફરી શરૂ કર્યું.

ચિત્તાગોંગ બંદરે *Al-Abbas* તથા તથા *Ohrmazd* એમ બે માલવાહક જહાજો હતાં. ઉપરાંત *Orient* નામની (અગાઉ જણાવેલી) બાર્જ નૌકા હતી. કમાન્ડો ટુકડીએ ત્રણેયને નિશાન બનાવ્યાં. દરેકની limpet સુરંગમાં ૧.૫ કિલોગ્રામ TNT / Trinitrotoluene બારુદ ભરેલો હતો. આ ભારે સ્ફોટક દારૂગોળામાં તણખો ઝરે કે તરત દહન પામતો બારુદ વાયુમાં ફેરવ્યા, સેકન્ડના ૬,૯૪૦ મીટરની ઝડપે વિસ્તરણ પામતા વાયુનું સખત દબાણ

જહાજની ૨.૩ ઈંચ (૬૦ મિલિમીટર જાડી) પોલાદી પ્લેટને તોડી નાખે.

દરિયો ઓટાતો હતો, એટલે હેઠવાસ (સમુદ્ર) તરફ નદીનું વહેણ ઝડપી હતું. કમાન્ડર ‘તાત્યા’ સામંતે યોજનાપૂર્વક ઓટનો સમય પસંદ ક્યો હતો. પાકિસ્તાની જહાજો પર મૅગ્નેટિક સુરંગો ચિપકાવ્યા પછી કમાન્ડો તરવૈયાઓ સુરંગો ફાટે તે પહેલાં ઝડપભેર વધુ છેટે સલામત અંતરે નીકળી જાય એટલા માટે નદીનો પ્રવાહ વેગવાન હોવો જરૂરી હતો.

આ તસવીર Al-Abbas માલવાહક જહાજની છે. ઑગસ્ટ ૧૪-૧૫ની રાત્રે limpet સુરંગે તેને કર્ણફુલી નદીના તળિયે પહોંચાડી દીધું.

રાત્રે ૧:૪૦ વાગ્યે પહેલો ધડાકો થયો અને પાક જહાજ *Al Abbas* હચમચી ઊઠ્યું. કર્ણફુલી નદીનું પાણી તોફાને ચડ્યું. ઊછાળા પર ઊછાળા મારવા લાગ્યું, કેમ કે જહાજના પડખે અને તળિયે પાટલા ઘોની જેમ ચોંટેલી બીજી સુરંગોનાં મગજ વારાફરતી ફાટ્યાં. બિલકુલ એવો જ પરચો બીજા માલવાહક જહાજ *Ohrmazd* ને તથા બાર્જ *Orient* ને મળ્યો. થોડી વારમાં ત્રણેય કર્ણફુલી નદીના તળિયે જઈ બેઠાં.

આ જાતનો તરખાટ બીજે પણ મચ્યો. ચૌધરીની ટીમના અન્ય સભ્યોએ ૧ ગનબોટનું ૨ ટગ નૌકાઓનું તથા ૫ બાર્જ નૌકાઓનું સરનામું બદલાવી નાખ્યું. બધીને અનુક્રમે નારાયણગંજ, ચાંદપુર, મોંગલા, ચોલના વગેરે બંદરગાહો પર નદીઓના તળિયે બેસાડી દીધી. કરાંચીને પૂર્વ પાકિસ્તાન સાથે જોડતી ધોરી નસ તરીકેના જહાજી વ્યવહારને કેટલી હદે ૧૯૭૧માં જફા પહોંચી તેનો હિસાબઃ પુસુર નદી પરના મોંગલા બંદરે કમાન્ડો રહીમતુલ્લાની છાપામાર ટુકડીએ બે અમેરિકન, એક જાપાની, બે ચીની તથા એક પાકિસ્તાની માલવાહક જહાજોને પંગુ બનાવી દીધાં. મૅગ્નેટિક સુરંગોએ એટલું નુકસાન પહોંચાડ્યું કે તેઓ હંકારવાને લાયક ન રહ્યાં. નારાયણગંજ બંદરે ગેરિલા એમ. અહસાનુલ્લાહની ટીમે ચાર સ્ટીમરોને ડુબાડી દીધી. ચાંદપુર બંદરગાહે બદીઉલ આલમની ટુકડીએ અનુક્રમે ૨,૦૦૦ અને ૩,૦૦૦ ટનનાં બે જહાજોને તથા પાક સૈનિકો માટે ખાધાખોરાકી લાવતી બાર્જ નૌકાને જળસમાધિ આપી.

બાંગલાદેશના મોરચે ભારતની બાજી માટે હુકમનું પાનું નીવડેલું વિમાનવાહક જહાજ ‘વિક્રાંત’

રાત્રિના ફક્ત ૧ કલાક દરમ્યાન કમાન્ડર સામંતના C2P Plassey યુનિટના છાપામારોએ પાકિસ્તાનનાં ૨૫ જહાજોનો ભોગ લીધો. આ જાતનું સાહસ તો પ્રથમ કે દ્વિતીય વિશ્વયુદ્ધમાં પણ ખેડાયું ન હતું. બધો કમાલ કમાન્ડર સામંતના તીક્ષ્ણ દિમાગે ઘડેલા સૂક્ષ્મતમ ગેમપ્લાનનો હતો. યશના અધિકારી કેપ્ટન મિહિર કુમાર રૉય પણ ખરા. પાકિસ્તાનના સેનાપતિ જનરલ નિઆઝીનાં લશ્કરી હેડક્વાર્ટર્સમાં રઘવાટ ફેલાયો, કેમ કે આવડા મોટા પાયે તેમનો પ્રતિકાર થાય તે નિઆઝીની કલ્પનામાં પણ ન હતું. પહેલું કામ તેમણે કર્ફ્યૂ લાદવાનું ક્યું, પરંતુ સૅબોટેજ પ્રવૃત્તિ કરવા માગતા કમાન્ડર એમ. એન. સામંતના ૧૭૬ ગેરિલાઓ માટે તેના લીધે ફરક પડતો ન હતો. બધું મળી ૪૪,૫૦૦ ટનનાં માલવાહક જહાજોને તેમણે ચિત્તાગોંગ, નારાયણગંજ, ચાલના, મોંગલા તથા ચાંદપુર બંદરોએ ડૂબાવ્યાં અને ૧૪,૦૦૦ ટનનાં જહાજોને નાકામ બનાવી દીધાં.

ઈસ્લામાબાદ સરકારે પૂર્વ પાકિસ્તાનમાં તેના સૈનિકોને શસ્ત્રસરંજામનો તથા ખાધાખોરાકીનો સપ્લાય મળતો રહે તે પરદેશી જહાજોને ભાડે લીધાં. અમુક જહાજી કંપનીઓ જો સારું નૂર મળતું હોય તો તૈયાર હતી. ઈસ્લામાબાદ સરકાર પણ ગમે તે ભાડું ચૂકવવા તૈયાર હતી. વીમા કંપનીઓએ war risk ના નામે આવાં જહાજોનું પ્રિમિયમ રોજના ૧,૦૦૦ ડૉલર લેખે વધારી નાખ્યું અને માત્ર એ જહાજો પૂરાં પડાયાં કે જેઓ આવરદાના છેક આરે હતાં. ઈસ્લામાબાદે તદુપરાંત આવાં જહાજોના નાવિકોને તેમના પગારના ૨૦% જેટલી બીજી રકમ આપવાની થતી હતી. આમ છતાં જરૂર પૂરતાં વિદેશી જહાજો મળ્યાં નહિ. પાકિસ્તાનના વાઈસ-ઍડમિરલ મુઝફ્ફર હુસેને વિનવણી માટે સાઉદી અરબસ્તાન, ઈજિપ્ત,

ચીન અને તુર્કી એ ચાર દેશોની મુલાકાત લીધી.

આ તરફ સપ્ટેમ્બરમાં અમાસની રાત્રે ૧૬૦ કમાન્ડો, મરજીવાઓ અગાઉ કર્યા જેવા બીજા સૅબોટેજ ઍટેક માટે તૈયારીઓ કરી ચૂક્યા હતા. આ વખતે લક્ષ્ય ચિત્તાગોંગ ઉપરાંત કર્ણફુલી નદીનાં બંદરો હતાં.

'વિક્રાંત'નું Alize વિમાન એન્ટિ-સબમરિન હતું. આ ફોટોગ્રાફમાં જમણી તરફ 'સફારી' ના ખાદીધારી તંત્રી છે.

શિકારોની કુલ સંખ્યા આકર્ષક હતી. બે માલવાહક જહાજો *Al Murtaza* તથા *Imtiaz Bash* ઉપરાંત બે પરદેશી જહાજો *Teviot Bank* તથા *Avlos* પણ ત્યાં ગોદી પાસે લંગરનાખીને પડ્યાં હતાં. પાકિસ્તાની સૈનિકો માટે પુરવઠો લાવ્યાં હતાં. ઊંટડાઓ / cranes તે માલ ગોદી પર ઊતારતા હતા. એક coastal vessel / તટીય નૌકા *Dwarka* પણ હતી. આ નામ કદાચ ૧૯૬૫માં પાક નૌકાકાફલાએ આપણા દ્વારકા પર તોપગોળા ફેંક્યાનું સાહસ ખેડ્યું તેની યાદગીરી તરીકે એ નૌકાને અપાયું હતું. વાત જુદી કે તે સાહસ ગાયના તાજા છાણમાં ભવાની તલવાર ખોસી બતાવ્યા જેવું હતું.

શિકારોમાં *Shipta Dingha* નામનું જહાજ, બે ટગ નૌકાઓ, એક ફેરી બૉટ, *Path Fider* નામનું દિશાસૂચક તરતાં buoys / બોયાં પાથરતું જહાજ, ત્રણ મોટી ફેરી બૉટ વગેરે હતાં. ભારતના કુશળ મરજીવા-કમ-કમાન્ડો મુખરજી અને તેમના ત્રણ સાથીદારોએ અમાસની તે રાત્રે બધાં જહાજો-નૌકાઓને limpet mines વડે ખુવાર કર્યાં. અમુક ડૂબ્યાં બાકીના હંકારવાને લાયક ન રહ્યાં અને ઘવાયેલી બતકની માફક જ્યાં નાં ત્યાં પડી રહ્યાં. સપ્ટેમ્બર મહિનાનો કુલ હિસાબ માંડો તો ૬,૦૦૦ ટન વજનનાં જહાજો ડૂબાવ્યાં ૧૭,૦૦૦ ટનનાં જહાજોને 'આઉટ-ઑફ-ઍક્શન' કરી દીધાં.

પાકિસ્તાનની લશ્કરી છાવણીમાં હાહાકાર એકધારો ચાલુ હતો. સૅબોટેજનાં કારસ્તાનો મરજીવાઓ કરતા હોવાનું સ્પષ્ટ હતું. આથી ત્યાંના પાક નૌકામથક PNS *Titumir* ના કમાન્ડિંગ ઓફિસરે મરજીવાઓને શોધી કાઢવા અને ઝબ્બે કરવા સીધોસરળ દાવ ગોઠવ્યો. બે પેટ્રોલ બોટ નદીના સામસામા કિનારા નજીક રહીને સમાન દિશામાં હંકારે, બે તારની જાળ વડે એકમેક સાથે જોડાયેલી હોય અને તે જાળ માછલાની જેમ મરજીવાને ફસાવી દે. આ તરીકો વ્યર્થ રહ્યો, કેમ કે ટાઈમર ફ્યૂઝ ધરાવતી (જહાજના તળિયો અથવા પડખે ચુંબકત્વના પ્રભાવે ચોંટાડાયા બાદ કેટલીક મિનિટે ફાટતી) limpet mine ગોઠવ્યા પછી કમાન્ડો મરજીવાઓ કાંઠે ચડી ઝાડીમાં છુપાઈ જતા હતા.

પાકિસ્તાની જહાજોનું નખ્ખોદ વાળવામાં જે બાકી રહ્યું તે નૌકાદળના વિમાનવાહક જહાજ 'વિક્રાંત' નાં *Sea Hawk* તથા *Alize* વિમાનોએ પૂરું કર્યું. ફ્રેન્ચ બનાવટનું *Alize* એન્ટિ-


ભારતીય નૌકાદળનાં Sea Hawk વિમાનોએ પૂર્વ પાકિસ્તાન પર લગભગ ૫૦૦ વખત હુમલા કર્યા. સૌથી મહત્ત્વનું નિશાન Cox Bazar હતું, જેને ખેદાનમેદાન કરી નાખવામાં આવ્યું.

આખરે આતુરતાનો અંત !

આઇન્સ્ટાઇન અને સાપેક્ષવાદ

નળની ચકલી ખોલો ત્યારે જે પ્રવાહીની ધાર નીકળે તેને H_2O કહેવાય, પાણી કહેવાય અને ભૂ પણ કહી શકીએ. આ ડિજિટલ પુસ્તકના વિષય સાપેક્ષવાદ વિશે પણ એવું જ છે. સાપેક્ષવાદને તેમાં ભૂ તરીકે વર્ણવ્યો છે; એટલે કે સમજૂતી અત્યંત સરળ ભાષામાં આપી છે. સોલિડ બરફ જેવા ભલભલા કઠણ મુદ્દાને પીગાળી નાખ્યો છે.



આઈન્સ્ટાઈનના અજીબોગરીબ બ્રહ્માંડમાં રોલરકોસ્ટર જેવી રાઇડ નગેન્દ્ર વિજય પોતાની કલમ વડે કરાવે છે

હવે વાંચો
HP MobiLib એપમાં

GET IT ON Google Play
Available on the App Store

આ પુસ્તકની ડિજિટલ આવૃત્તિ ખરીદવા માટે
www.harshalpublications.in/shop ની મુલાકાત લો.

સબમરિન વિમાન હતું. વિમાનવાહક જહાજના તૂતક પર વધુ જગ્યા ન રોકાય એ માટે તે બન્ને પાંખોને યોગીની અદામાં વાળી લેતું હતું. ઊડવામાં ઝડપ પ્રતિકલાકે ૩00 કિલોમીટરથી ખાસ વધારે નહિ. દુશ્મનની સબમરિનના નાશ માટે તેનાં મુખ્ય શસ્ત્રો ટોરપિડો અને જળગોળા / depth charge, પણ તદુપરાંત 68 mm નાં રોકેટો તથા AS.12 પ્રકારનાં wire-guided મિસાઇલ્સ વડે તે સજ્જ હતું.

'વિક્રાંત' નું બીજું વિમાન *Sea Hawk* સિંગલ-સીટર ફાઇટર તેમજ અમુક હદે બોમ્બર પણ ખરું. દેખાવે રૂપકડું, કદમાં નાનું અને સુરેખ કાયા પાતળી પરમાર જેવી, છતાં 20 mm ની ચાર તોપ, પ્રત્યેક ૨૭ કિલોગ્રામનું એવાં ૨૦ રોકેટો અને મિશન પ્રમાણે વિકલ્પરૂપે ૨૨૭ કિલોગ્રામના ચાર બોમ્બ તેને ભારે મારકણું બનાવતાં હતાં. આ વિમાનોના મુખ્ય લક્ષ્ય તરીકે પૂર્વ પાકિસ્તાનનું Cox Bazar/કોક્સ બઝાર તરીકે ઓળખાતું નૌકામથક પસંદ કરાયું હતું. 'વિક્રાંત' ના *Sea Hawk* વિમાનોએ તેના બળતણના ડેપો વાયરલેસ મથક વગેરેના દાટ વાળી નાખ્યો. પૂર્વ પાકિસ્તાનના કાંઠા પાસે બીજાં જે પણ જહાજો દેખાયાં તેમને ભડકે બળતાં કરી દીધાં. 'વિક્રાંત'માં ૧૮ *Sea Hawk* અને ૧૬ *Alize* હતાં. વારાફરતી બધાંએ પાક જહાજોને તેમજ બંદરોને ફટકા પર ફટકા માર્યા.

પરિણામ ભારત માટે અફલાતૂન નીવડ્યું. પાકિસ્તાનના સૈનિકો હારી રહ્યા હતા. જાનની ખેરિયત માટે વધુ ન લડવું એમાં જ સલામતી હતી. ભારતના યુદ્ધકેદી ન બનવું હોય તો ભાગી છૂટવું જરૂરી હતું. ભાગવાની એકમાત્ર દિશા તેમણે સમુદ્ર તરફની ધારી હતી, કારણ કે બાકીની ત્રણ દિશાઓ બંધ હતી. પશ્ચિમથી મેજર-જનરલ જેકબનું સૈન્ય ભીંસ જમાવી રહ્યું હતું. ઉત્તરથી લેફ્ટનન્ટ-જનરલ સાગતસિંહની Corps / કોર તરાપ મારતી હતી, પૂર્વથી લેફટનન્ટ-જનરલ સિંહની કોરનો હલ્લો આવી રહ્યો હતો. ઍડમિરલ સરદારીલાલ નંદાના વીરોએ સમુદ્રી માર્ગને ડૂચો મારી દીધો, એટલે ૯૩,૦૦૦ પાક સૈનિકો ભારતના સકંજામાં આવ્યા. આ 'મહેમાનો' ને યુદ્ધકેદીઓની છાવણીમાં રખાયા ત્યાં સુધી ભારતે ૧૯૭૧-૭૨ના તે જમાના એટલે કે પચાસ વર્ષ પહેલાં માસિક રૂા. ૫૦ લાખનો ખર્ચ તેમના માટે કરવો પડ્યો. આ સૌને પકડી જ રાખવાની અને તેમના છૂટકારાના બદલામાં POK/Pak-Occupied Kasmir નો પ્રશ્ન ભારતે પોતાની તરફેણમાં હલ કરી નાખવાની જરૂર હતી. આ સોનેરી મોકો જતો કરાયો, કારણ કે ૬૦૦ વર્ષ લાંબી ગુલામી વેઠ્યા પછી હૃદયમાં ખુમારી જેવું તો કશું હોય નહિ. વર્ષો સુધી પાંજરામાં રહેલા પોપટને છોડી મૂકવા બહાર કાઢો તો વળી પાછો તે પાંજરામાં જતો રહે એવી આપણી મનોદશા ક્યારે બદલાશે? અગર તે ક્યારેય બદલાવાની ખરી? ●

દિગમ્બર વ્યાસ

૧૯૭૧ ના ભારત-પાક યુદ્ધમાં પોતાનું નાક કપાયાનું વેર અમેરિકાના પ્રમુખ નિકસને શેખ મુજીબની હત્યા કરાવીને વાળ્યું

માનસિક રીતે બીમાર, સ્વભાવના તોછડા, અપશબ્દો બોલવાના વ્યસની અને સાંગોપાંગ ભારતદ્વેષી અમેરિકી પ્રમુખ નિકસનને પાકિસ્તાનના બે ટુકડા થતા રોકવા હતા. ભારતીય નૌકાદળના ખાત્મા માટે અમેરિકી નૌકાદળનો સાતમો કાફલો મોકલવાનું પાગલપનની કક્ષાનું પગલું પણ તેમણે ભર્યું. ઇન્દિરા ગાંધી તેમને ગણકાર્યા વગર પોતાનું ધાર્યું કરીને રહ્યાં. ભારતના સેનાપતિઓનું અને શૂરા જવાનોનું તેમને પીઠબળ હતું. શેખ મુજીબુર્ રહેમાનના નેતૃત્વ હેઠળ બંગાળી મુસ્લિમોના રાષ્ટ્ર બાંગલાદેશે જન્મ લીધો. નિકસનની સ્વભાવગત કિન્નાખોરીમાં ત્યારે ત્સુનામીનું મોજું ચડ્યું અને શેખ મુજીબના ઘરના બારણે મોતે ટકોરા માર્યા.

ડિસેમ્બર ૧૬, ૧૯૭૧ ના દિવસે પાકિસ્તાની સૈન્યના લેફ્ટનન્ટ-જનરલ અમીર નિઆઝીએ ઢાકામાં આપણા ઈસ્ટર્ન કમાન્ડના સેનાપતિ લેફ્ટનન્ટ જનરલ જગજિતસિંહ અરોરાને શરણાગતિનો પત્ર લખી આપ્યો ત્યારે ભારતના કમ સે કમ ડાબા પડખાની શૂળ નાબૂદ થયાનું આપણા રાજકીય નિરીક્ષકોને લાગ્યું. વિજયદિવસ ભવ્ય રીતે મનાવવામાં આવ્યો. વિગ્રહમાં ભારતે જાનમાલનો પુષ્કળ ભોગ આપ્યો હતો. આમ છતાં ભારત પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા અને મધ્યમમાર્ગી શેખ મુજીબુર રહેમાનની આગેવાની હેઠળ નવું રાષ્ટ્ર સ્થપાયું એ વાતે જાનની ખુવારી, યુદ્ધનો ખર્ચ તથા ખાનાખરાબી લેખે લાગ્યાનું સમજી લેવામાં આવ્યું.

ષડ્યંત્રના સમર્થક, પણ તેમાં સામેલ ન થયેલા મેજર-જનરલ ઝિયા ઉર રહેમાન

ખુશહાલ તકદીરે જો કે ભારતને સાથ આપવાનું થોડા જ વખતમાં બંધ કરી દીધું. ભારતના તમામ કર્યા-કરાવ્યા પર પાણી ફરી વળવાનું હતું—અને તે બનવા આડે ફક્ત ૨૪૨ દિવસ બાકી હતા. આખરે તે નોબત ઑગસ્ટ ૧૫, ૧૯૭૫ ના રોજ આવી પહોંચી. ભારતને જબરદસ્ત રાજકીય ફટકો મારતી ઘટના બની.

ઘટનાનું ઝેરી બીજ એ વખતે રોપાયું કે જ્યારે બાંગલાદેશના પાટનગર ઢાકામાં લશ્કરી છાવણીના ત્રણ અફસરો ભૂમિદળના નાયબ સેનાપતિ મેજર-જનરલ ઝિયા ઉર રહેમાનને મળવા અને મસલત કરવા તેમના બંગલે ગયા. મુલાકાત ખાનગી રાખવાની હતી, એટલે લેફ્ટનન્ટ-કર્નલ અબ્દુલ રશીદ, લેફ્ટનન્ટ-કર્નલ મહમદ ઉસ્માની તથા લેફ્ટનન્ટ-કર્નલ ફારૂક રહેમાન નામના તે અફસરોએ મોડી રાતનો સમય પસંદ કર્યો હતો. તારીખ હતીઃ માર્ચ ૨૦, ૧૯૭૫.



શેખ મુજીબઃ મોતનો પોકાર જેમને સંભળાવાયો, પણ તેમણે કાને ધર્યો નહિ

મેજર-જનરલ ઝિયા ઉર રહેમાનનો સહેજ પરિચય મેળવી લોઃ ‘આજથી મારો દેશ સ્વતંત્ર છે.’ એવી પહેલવહેલી ઘોષણા માર્ચ ૨૭, ૧૯૭૧ ના રોજ તેમણે ચિત્તાગોંગ રેડિઓ પર કરીને ઈસ્લામાબાદ હકૂમતને પડકાર ફેંક્યો હતો. ૧૯૭૧ નું ભારત-પાક યુદ્ધ થવા આડે હજી આઠ મહિના બાકી હતા અને થાય કે કેમ એ પણ ત્યારે અનિશ્ચિત હતું. મેજર-જનરલ ઝિયાના પરિચયમાં બીજું જણાવવાનું કે વર્ષો પછી

સત્તાલોભી અને કેટલાક અંશે પાકતરફી બગાવતી ખોંડાકર મુશ્તાક અહમદ

બાંગલાદેશના વડા પ્રધાન થનાર બેગમ ખાલિદા ઝિયાના તેઓ પતિ હતા. નોંધવાલાયક ત્રીજી બાબત એ કે યુદ્ધ દરમ્યાન ૮મી ઈસ્ટ બેંગાલ રેજિમેન્ટનું તેમણે મેજરની રૂએ તારીફભર્યું નેતૃત્વ કરી ચિત્તાગોંગ બંદરને કબજે લીધું હતું. બાંગલાદેશના સ્વાતંત્ર્યસંગ્રામ જેવા ૧૯૭૧ ના યુદ્ધ દરમ્યાન મેજર ઝિયાએ દાખવેલી હિંમત અને કુનેહ જોતાં વડા પ્રધાન શેખ મુજીબુર્ રહેમાનની સરકારે તેમને બઢતી આપીને મેજર-જનરલ બનાવ્યા હતા.

માર્ચ ૨૦, ૧૯૭૫ ની રાત્રે પેલા ત્રણ યુવાન અફસરોએ ઝિયાના બંગલે તેમની સાથે મંત્રણા કરી, જે ગુપ્ત હતી. એક કાવતરાનો પ્રસ્તાવ તેમની સમક્ષ મૂક્યો--બાંગલાદેશના સ્થાપક ગણાતા અને પ્રજાજનોમાં ‘બંગબંધુ’ તરીકે ઓળખાતા વડા પ્રધાન શેખ મુજીબુરની હત્યાનું કાવતરું ઘડવાનું હતું. એકલા મુજીબુરને નહિ, બલકે તેમના દરેકદરેક કુટુંબીજનને પણ ખતમ કરી દેવાની યોજના હતી. કોઇ બચવું ન જોઇએ, કારણ કે બચે તો પ્રજાની સહાનુભુતિના જોરે તે મુજીબુરના રાજકીય વારસ તરીકે સત્તાધીશ બને. સૌથી નાના (૧૦ વર્ષના) પુત્ર રસેલને પણ મારી નાખવાનો હતો. વિખ્યાત બ્રિટિશ તત્ત્વચિંતક અને નોબેલ પારિતોષિકના વિજેતા સર બર્ટ્રાન્ડ રસેલ પ્રત્યે શેખ મુજીબને ઘણો આદર, તેથી ઑક્ટોબર ૧૮, ૧૯૬૪ના દિવસે જન્મેલા પુત્રનું નામ તેમણે રસેલ પાડ્યું હતું.

TIME
The CIA
Has It Gone Too Far?
Director William E. Colby

અમેરિકાની CIA નો નિયામક વિલિયમ કોલ્બી એકમાત્ર ભાષા હત્યાની સમજતો હતો

ત્રણ કાવતરાબાજોના મોઢે ઝિયાએ ષડ્યંત્રની રૂપરેખા સાંભળી. એક જણે કાગળ પર કાચાં રેખાંકનો દોરીને કેટલાક મુદ્દા વધુ સ્પષ્ટ કર્યા. ઢાકામાં ધાનમંડી ખાતે આવેલા શેખ મુજીબુરના રહેઠાણનું સ્થાન તેણે એ કાગળ પર દોરી બતાવ્યું. રહેઠાણ તરફ જતા અને તેની આસપાસના રસ્તા પણ લીટીરૂપે આંક્યા. છેવટે કાગળનો ડૂચો વાળી કચરાટોપલીમાં નાખી દીધો.

આ ગુપ્ત મંત્રણા લગભગ ત્રણ કલાક ચાલી. એક સમયના પૂર્વ પાકિસ્તાનને એટલે કે પશ્ચિમ પાકિસ્તાનના ઓરમાયા બંગાળી પ્રદેશને સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવા માટે જેમણે પોતાના જાનની બાજી લગાડી દીધેલી એ શેખ મુજીબુરની હત્યા કરવાનો વિચાર જ અતિ ભયાનક અને ઘૃણાસ્પદ હતો, પરંતુ તે વિચારને અમલમાં મૂકવા ત્રણેય અફસરો મક્કમ હતા. અફસરોને કોનું અને કેટલું મજબૂત પીઠબળ છે એ સારી રીતે જાણતા મેજર-જનરલ ઝિયા ઉર રહેમાન છેવટે ન મારે કે ન ભણાવે એવા મહેતાની જેમ બોલ્યા:

‘હું સૈન્યનો વરિષ્ઠ અફસર છું. આ જાતના કાર્યમાં સક્રિય ભાગ લેવાનું મને શોભે નહિ. તમે યુવાનો જો તમારું ધાર્યું કરવા માગતા હો તો એ તમારી મરજીની વાત છે.’ આ જવાબનો મર્મ એ કે મેજર-જનરલ ઝિયા તેમને રોકવાના ન હતા એટલું જ નહિ, પણ તેમની બાજી ન બગડે એ માટે કડક મૌન પાળી ગુપ્તતા જાળવવાના હતા. ખરું પૂછો તો હત્યાના કાવતરામાં હસ્તક્ષેપ કરવો એ ઝિયાના ગજાની વાત ન હતી. કાવતરાનું જાળું અમેરિકન CIA જાસૂસી સંસ્થાના નિયામક વિલિયમ કોલ્બીએ વૉશિંગ્ટન સરકારના એટલે કે પ્રમુખ રિચાર્ડ નિક્સનના માનીતા શકુનિ હેન્રી કિસિન્જરની સૂચના મુજબ ગૂંથ્યું હતું. (વિલિયમ કોલ્બી CIA ના નિયામક તરીકે અગાઉ ઘણી વખત વિદેશી નેતાઓની કે પછી અમેરિકાના વિરોધીઓની હત્યા કરાવી ચૂક્યો હતો, માટે અમેરિકામાં વિવાદસ્પદ હતો. સપ્ટેમ્બર ૩૦, ૧૯૭૪ ની આવૃત્તિમાં *TIME* મેગેઝિને તેને ઝાટક્યો હતો.) બાંગલાદેશના ફોજી અફસરોને મદદ તથા માર્ગદર્શન આપવા નવી દિલ્હી ખાતેના CIA એજન્ટ ફિલિપ ચેરીને ક્યારનો ઢાકા ખાતેના અમેરિકન દૂતાવાસમાં નીમી દેવાયો હતો.

આ ગુપ્ત ચહલપહલ ભારતની ગુપ્તચર સંસ્થા રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ / Research and Analysis Wing (રૉ / RAW) ના બાહોશ વડા રામેશ્વરનાથ કાઓની રેડારછાપ નજર માટે છાની રહે એવું કેમ બને? ૧૯૭૧ ના ભારત-પાક યુદ્ધ વખતે બાંગલાદેશના મોરચે પાક સૈન્યની હિલચાલ વિશે છૂપી બાતમી પ્રાપ્ત કરી તેની દરેક વ્યૂહાત્મક ચાલને નિષ્ફળ બનાવનાર રૉના ઘણા જાસૂસો હજી ત્યાં સક્રિય હતા. જનરલ સામ માણેકશાના



પાંચ રાજ્યોને સ્પર્શતી બાંગલા દેશની સરહદ

વીર જવાનો પાકિસ્તાનને કારમો પરાજય આપ્યા બાદ ભલે સ્વદેશ પાછા ફર્યા, પરંતુ રામેશ્વરનાથ કાઓના એ જાસૂસો માટે યુદ્ધવિરામ પછીયે યુદ્ધ જાણે કે ચાલુ જ રહ્યું. માત્ર કાર્યના પ્રકારમાં ફેરબદલો આવ્યો. હવે તેમણે ભારતના હિતને જોખમાવતા રાજકીય પેંતરા બાંગલાદેશમાં ખૂણેખાંચરે કે બંધબારણે રચાય છે કે કેમ તેની જાસૂસી કરવાની હતી. આ કાર્યનું મહત્ત્વ કાઓને મન ૧૯૭૧ ના યુદ્ધ વખતની ખૂફિયા કામગીરી જેટલું જ હતું.

અગત્યની પહેલી વાત એ કે બાંગલાદેશની ૪,૦૯૬ કિલોમીટર લાંબી સરહદ આપણાં પશ્ચિમ બંગાળ, આસામ, મિઝોરમ, ત્રિપૂરા અને મેઘાલય એમ પાંચ સંવેદનશીલ રાજ્યોને સ્પર્શે, માટે એ નવા રાષ્ટ્રમાં બનતી ઘટનાઓ ભારતને અસર કર્યા વિના રહે નહિ. (જુઓ નકશો). બીજું એ કે પાક લશ્કરે પુષ્કળ દમન ગુજાર્યો હોવા છતાં પાકતરફી મુસ્લિમો બાંગલાદેશમાં ઘણા હતા. આમાં નાગરિકો તો ખરા, પણ તે ઉપરાંત કેટલાક બંગાળી મુસ્લિમ સૈનિકોને તથા રાજકીય આગેવાનોને પણ ‘હિન્દુ ભારત’ પ્રત્યે નફરત હતી. ઈન્દિરા ગાંધીના અહેસાન નીચેના શેખ મુજીબ કદાચ જતે દહાડે બાંગલાદેશને શક્તિશાળી ‘હિન્દુ ભારત’ના વાલીપણા નીચેનું રાષ્ટ્ર બનાવી મૂકે એવો પણ કેટલાક બંગાળી મુસ્લિમ સૈનિકો-અફસરોને ડર હતો. ત્રીજી વાત એ કે બંગાળી સૈન્ય ૧૯૭૧ ના યુદ્ધમાં જુસ્સાભેર લડ્યું અને ઘણી જાનહાનિ વેઠી, પરંતુ બાંગલાદેશને લોકતંત્ર જાહેર કર્યા પછી મનપ્રિય વડા પ્રધાન શેખ મુજીબુરે સૈન્યની બોલબાલા પર કાપ મૂકી તેને છાવણીમાં પરત મોકલી આપ્યું તે કેટલાક સત્તાલાલચુ અફસરોને ગમ્યું નહિ.

સત્તાની મહત્ત્વાકાંક્ષા ધરાવતા એક રાજકીય નેતા ખોંડાકર મુશ્તાક એહમદ હતા, જેમને શેખ મુજીબુરે પોતાની સરકારમાં વાણિજ્યમંત્રીનો હોદ્દો આપ્યો હતો. આ મંત્રીસાહેબે યુદ્ધ પહેલાં દેશનિકાલ પામીને ભારતમાં આશરો લીધેલો અને બાંગલાદેશની Government in Exile / નિવાર્સિત સરકાર બાંગલાદેશમાં સરહદે મુજીબનગર ખાતે સ્થાપેલી, છતાં તેઓ ભારતના કટ્ટર દુશ્મન અને મુસ્લિમધર્મી પાકિસ્તાનના મિત્ર હતા. ભારતનો વિરોધ કરનારાં આવાં પરિબળોનું જો કે કશું ચાલતું ન હતું. સત્તા શેખ મુજીબુર પાસે હતી, જેઓ બાંગલાદેશના સર્જનમાં ભારતે આપેલી લશ્કરી સહાયને તથા ભારતીય જવાનોનાં બલિદાનોને ભૂલ્યા ન હતા. શેખ મુજીબુર બાંગલાદેશનું વડા પ્રધાન પદ ભોગવતા રહે ત્યાં લગી તો ભારત માટે જાણે ચિંતા નહિ, પરંતુ એ સ્થિતિ હંમેશને માટે જળવાય ખરી? આ શક્યતા નજર સામે રાખીને જ રામેશ્વરનાથ કાઓ મુખ્યત્વે વરિષ્ઠ લશ્કરી હોદ્દાવાળા બાંગલાદેશી અફસરો પર જાસૂસી કરાવતા હતા. મેજર-જનરલ ઝિયા ઉર રહેમાનની ફરતે પણ RAW ની જાસૂસીજાળ બિછાયેલી હતી.

માર્ચ ૨૧, ૧૯૭૫ ની બપોરના સમયે ‘RAW’ નો એક બહુરૂપી જાસૂસ તેના રોજિંદા ક્રમ અનુસાર ઝાડુ અને ટોપલા સાથે મેજર-જનરલ ઝિયાના મકાનની બહારનો સાર્વજનિક

મુજીબનગરમાં જે નિર્વાર્સિત સરકાર / Government in Exile સ્થાપવામાં આવી તેના પ્રતીક તરીકે ૨૩ સ્તંભો હતા, જેઓ પૂર્વ પાકિસ્તાન (બાંગલાદેશ) પર ઈસ્લામાબાદનું ૨૩ વર્ષનું અન્યાયપૂર્ણ શાસન સૂચવતા હતા.

મુજીબુર રહેમાનની હત્યાના કાવતરાના કસબીઓઃ
પ્રમુખ રિચાર્ડ નિક્સન અને તેમના સલાહકાર હેન્રી કિસિન્જર

કચરાનો ડબ્બો ખાલી કરવા ગયો. જાસૂસના દીદાર નગરપાલિકાના મહેતર જેવા હતા. હંમેશની માફક તેણે અમુક જાતનો કચરો જ પસંદ કરીને નેતરના ટોપલામાં ભર્યો. આજનો દિવસ તેના માટે લાભદાયી નીવડ્યો, કેમ કે થોડા કલાક અગાઉ ઝિયા સાથેની ગુપ્ત મંત્રણા દરમ્યાન અબ્દુલ રશીદ, મહમદ ઉસ્માની અને ફારૂક રહેમાન એ ત્રણ અફસરો પૈકી એક જણે મુજીબના ધાનમંડી ખાતેના મકાનનો અને મુજીબ પરિવારની હત્યા કરવાના પ્લાનનો રફ સ્કેચનો જે કાગળ ડૂચો વાળીને કચરાટોપલીમાં ફેંકી દીધેલો તે ભારતીય જાસૂસના ટોપલામાં આવ્યો.

આ કાગળ બીજે દિવસે નવી દિલ્હીના લોદી કૉમ્પ્લેક્સ ખાતે રામેશ્વરનાથ કાઓના ટેબલ પર હતો. કાઓનો દરેક જ્ઞાનતંતુ જાણે પોલાદના તારનો બનેલો હતો. આથી કાગળ જોયા પછી તેમના માથે આભ તૂટી પડ્યું એમ તો કહેવાય નહિ, પરંતુ સ્થિતિ તેમને અત્યંત ગંભીર અને ચિંતાજનક લાગી. શેખ મુજીબુર સામે લશ્કરી બળવો થવાની તૈયારી હતી. તર્કવિતર્કો લડાવ્યા પછી કાઓને એમ પણ લાગ્યું કે શેખ મુજીબુરની હત્યા પણ થવાની હતી. બાંગલાદેશી સૈન્યમાં મધ્યમ કક્ષાનો એટલે કે લેફ્ટનન્ટ-કર્નલનો હોદ્દો ધરાવતા અફસરો 'ફાધર ઑફ ધ નેશન'ની શાખવાળા લોકનેતાની હત્યા કરવાનું પગલું ભરે તો ચોક્કસ તેમને એકાદ મહાસત્તાએ પીઠબળ આપ્યું હોવું જોઈએ. આ મહાસત્તા બેશક અમેરિકા જ હોય, કારણ કે--

- પાકિસ્તાનના ભાગલા પડતા રોકવા માટે અમેરિકી પ્રમુખ રિચાર્ડ નિક્સને પોતાના નૌકાદળનો સાતમો કાફલો બંગાળના ઉપસાગરમાં મોકલ્યા છતાં ભારતે તેની અવગણના કરી પાકિસ્તાનની પૂર્વ પાંખ કાપી નાખી હતી અને શેખ મુજીબુરને સત્તા અપાવી હતી. માનસશાસ્ત્ર પ્રમાણે અંગ્રેજીમાં જેને paranoia કહેવાય તે માનસિક બીમારીથી પીડાતા નિક્સન હવે મુજીબુરને ખતમ કરી અપમાનનો બદલો લેવા માગતા હતા. (paranoia એટલે બિનજરૂરી ઈર્ષ્યા, વધુ પડતો ઘમંડ, બીજા પર નાહકનો અવિશ્વાસ, વાતવાતમાં શંકા લાવવાની ટેવ વગેરેના છેવટે સરવાળા તરીકેનો કિન્નાખોર સ્વભાવ.) ઈન્દિરા ગાંધી વિશે દુર્યોધન રિચાર્ડ નિકસન અને શકુનિ હેન્રી કિસિન્જર વાતચીત કરે ત્યારે મિસિસ ગાંધી કે એવો બીજો નામોલ્લેખ કરવાને બદલે તેમના માટે હંમેશાં bitch શબ્દ વાપરતા હતા. આ શબ્દનો અર્થ જાણતા હો તો ઠીક, નહિતર ડિક્શનેરિમાં તપાસી લેજો. અહીં લખી શકાય તેમ નથી.

પ્રમુખ રિચાર્ડ નિકસનના બીમાર મગજની કમાન

SMART SUBSCRIBER SCHEME

'સફારી' ની કિંમતમાં વધારો કરાય તે પહેલાં માર્ટ સબસ્ક્રાઇબર સ્કીમનો લાભ મેળવી લો

બુદ્ધિશાળી વાચકો માટેનું મૅગેઝિન સફારી

'સફારી' છેલ્લાં ૪૧ વર્ષ થયે વ્યાપારી જાહેરખબરો વગર માત્ર જ્ઞાનપ્રસાર માટે લોકહિતાર્થે પ્રકાશિત કરાય છે. કોરોના મહામારીને લીધે તેને મોટો આર્થિક ફટકો પડ્યો અને તેનું અસ્તિત્વ પણ જોખમમાં આવ્યું. બીજી તરફ સફારી નાં ૬૪ પાનાં માટે બેલ્જિયમથી આયાત કરવામાં આવતા કાગળના તેમજ આર્ટ પેપરના ભાવો વધ્યા છે. પેટ્રોલ-ડીઝલ મોંઘું થવાને લીધે કાર્ટેજનો તથા પરિવહનનો ખર્ચ પણ વધ્યો છે. આ કારણોસર 'સફારી'ની છૂટક કિંમતમાં વહેલોમોડો રૂા. ૧૦/- નો નજીવો વધારો કરવો પડે તેમ છે. લવાજમનો દર થોડા વખત માટે વધારવાનો નથી. ઉપરાંત સ્માર્ટ સબસ્ક્રાઇબર સ્કીમ પણ અમલમાં છે. માર્ચ ૩૧, ૨૦૨૨ સુધી તે યોજના અમલમાં રહેશે. વાચકોને નમ્ર સલાહ અને વિનંતી કે તેનો લાભ મેળવી લે. શક્ય એટલા વધુ મિત્રો-સંબંધીઓને લવાજમ બંધાવી આપે, કેમ કે જ્ઞાન જેવી ભેટ બીજી એકેય નથી.

- નગેન્દ્ર વિજય
તંત્રી અને માલિક



આ ફોટોગ્રાફ ૧૯૭૧ બાદ ઘણાં વર્ષો વીત્યાં પછીનો છે. પાકિસ્તાનને તથા બાંગલાદેશને લગતી જાસૂસી બાબતોનો કાર્યભાર (એ વખતે) સંભાળતા શંકરન્ નાયર ફોટામાં ડાબી બાજુ છે. જમણે RAW ના ઑફિસર આર. કે. યાદવ છે.

છટક્યાનું બીજું કારણ:

- વડા પ્રધાન શેખ મુજીબુરે સામ્યવાદી રશિયાના નૌકાદળને બાંગલાદેશનું ચિત્તાગોંગ બંદર વાપરવાની મંજૂરી આપી હતી, જ્યારે અમેરિકન યુદ્ધજહાજો સામે મનાઇહુકમ હતો. રિચાર્ડ નિક્સનનો અને હેન્રી કિસિન્જરનો અહમ્ પણ એ વાતે ઘવાયો હતો.
- પ્રમુખ નિક્સનના રાજમાં અમેરિકાએ પહેલી વખત સામ્યવાદી ચીન તરફ દોસ્તીનો હાથ લંબાવ્યો હતો, જેથી સોવિયેત રશિયા અટૂલું પડી જાય અને ભેગાભેગ ચીનમાં અમેરિકન માલનું બજાર પણ ખૂલે. ચીન સાથે નિકટનો સંબંધ ધરાવતા પાકિસ્તાનનું લશ્કરી શાસન અમેરિકાને તે કાર્યમાં મદદ કરતું હતું. આ રાજકીય ગેમ સરસ રીતે ચાલતી હતી અને બરાબર જામી હતી, પણ ત્યાં ઈન્દિરા ગાંધીએ રંગમાં ભંગ પાડી અમેરિકાની યોજનાને ચોપટ કરી નાખી. પાકિસ્તાનને તેમણે લશ્કરી પરાજય આપ્યો, માટે ઈસ્લામાબાદમાં સરમુખત્યાર જનરલ યાહ્યા ખાનની લશ્કરી સરકારનો અંત આવ્યો. ઈન્દિરા ગાંધી માટે વાતવાતમાં અપશબ્દો વાપરતા બદમિજાજી અને બૂરી જબાનના નિક્સન ત્યાર પછી ઈન્દિરાને જાણે કે એમ બતાડી આપવાની જીદે ચડ્યા કે તમે અમારા રાજકીય દોસ્તની હકાલપટ્ટી કરાવી, તો હવે તમારા રાજકીય મિત્રના શા હાલ થાય છે તે જોજો.

રિસર્ચ એન્ડ ઍનાલિસિસ વિંગ / RAW માં બાંગલાદેશને તથા પાકિસ્તાનને લગતી જાસૂસી બાબતોનો કાર્યભાર શંકરન્ નાયર સંભાળતા હતા. રામેશ્વરનાથ કાઓએ તેમની સાથે ચર્ચાવિચારણા કરી. બન્નેનાં મંતવ્યો આમ તો સરખાં હતાં: અમેરિકાની CIA નો નિયામક વિલિયમ કોલ્બી બાંગલાદેશમાં સત્તાપલટો આણવા બધી વાતે પાકું કરીને બેઠો હોય ત્યારે રૉના હાથ તેમને રોકવા માટે ભલે ટૂંકા પડે, પણ કમ સે કમ શેખ મુજીબુરને ભારતે બચાવી લેવા જોઈએ. મુજીબુર વગરનું બાંગલાદેશ એટલે વળી એનું એ જ પાકિસ્તાન બને. માત્ર નામ જુદું--બાકી ભારત પ્રત્યેની વર્તણૂક પાકિસ્તાન કરતાં જુદી નહિ. મુજીબુર જીવતા રહે તો પ્રજામત અને સહાનુભૂતિના જોરે ફરી ક્યારેક સત્તા હાંસલ કરી શકે અને ભારત પ્રત્યે મુજીબુરની સહાનુભૂતિને લીધે આપણાં પાંચ સરહદી રાજ્યોમાં સ્થિતિ નોર્મલ રહી શકે, પરંતુ હિંસક લશ્કરી બળવા દરમ્યાન તેઓ માર્યા ગયા પછી આપણે બાંગલાદેશ પાસે શાંતિની કે મૈત્રીની રતીભાર આશા ન રાખી શકીએ. મુજીબુર સશસ્ત્ર બળવામાં માર્યા ન જાય એવી પણ આશા રાખવી નકામી હતી, કેમ કે CIA નો નિયામક વિલિયમ કોલ્બી હત્યાઓ કરાવવામાં ગેંગસ્ટર જેવા ખંધો અને પાવરધો હતો. દક્ષિણ અમેરિકી દેશ ચીલીના સામ્યવાદી પ્રમુખ સાલ્વાડોર એલેન્દ સહિત ઘણા વિદેશી આગેવાનોની હત્યા તેણે કરાવી હતી. શેખ મુજીબુરના તો કદાચ આખા કુટુમ્બને ઠાર મરાવે, જેથી તેમાંનો એકેય જણ ભવિષ્યમાં બાંગલાદેશનો રાજકર્તા ન બને.

કમાન્ડો પ્રકારનું મિશન હાથ ધરવાનું નક્કી કર્યા પછી રામેશ્વરનાથ કાઓ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીને મળ્યા અને બાંગલાદેશમાં થનાર સંભવિત બળવા અંગે તેમને માહિતગાર કર્યાં. પરિસ્થિતિનું વિવરણ સાંભળ્યા પછી એકાદ-બે મિનિટ સુધી વડા પ્રધાન ઊંડા વિચારમાં ડૂબેલાં રહ્યાં. કંઈ ન બોલ્યાં. છેવટે તેમણે કાઓની ધારણા મુજબનો જ સવાલ પૂછયો: ‘કોઈક રીતે આપણે શેખસાહેબને બચાવી શકીએ?’

આ સવાલ કાઓ માટે ‘આગે બઢો!’ના સિગ્નલ જેવો હતો, જેનો બીજો અર્થ એ કે ભારતની સુરક્ષાનો મામલો હોય ત્યારે પારકા દેશમાં ઘૂસી ત્યાંના વડા પ્રધાનને સહકુટુમ્બ ‘હાઈજેક’ કરી લાવવાનું કમાન્ડો ઢબનું મિશન ઈન્દિરા ગાંધીને વાંધાજનક જણાતું ન હતું. આંતરરાષ્ટ્રીય ધારાધોરણ મુજબ અને જિનિવા સમજૂતી અનુસાર ગેરકાયદે ખરું, પણ ભારતનું રાજકીય તથા લશ્કરી હિત જાળવવા માટે જે કરવું પડે તે બધું

RAWના સ્થાપક નિયામક અને સુપરસ્પાય રામેશ્વરનાથ કાઓ

ઈન્દિરા ગાંધીને મન વાજબી હતું.

હવે ઝપાટો બોલાવવાનો હતો. દિવસો નહિ, કલાકો ગણાતા હતા. ઢાકામાં બાંગલાદેશી સૈન્યના અફસરો ગમે તે ક્ષણે ધાનમંડી ખાતે મુજીબુર રહેમાનના ઘર પર ત્રાટકે, એટલે રામેશ્વરનાથ કાઓ પાસે સમયની કમી હતી. બીજી તરફ સંજોગો કટોકટીના હતા. સૌથી મોટી સમસ્યા એ કે મુજીબુરનો સંપર્ક કેવી રીતે કરવો? ધાનમંડીનો વિસ્તાર સૈન્યના બાતમીદારો વડે ખદબદતો હતો. ઘરના સશસ્ત્ર ચોકિયાતો પણ કદાચ ચીભડાં ગળતી વાડ જેવા હતા.


અપશબ્દોના મહારથી પ્રમુખ રિચાર્ડ નિક્સન

આ ડખા જાણે ઓછા હોય તેમ CIAના પ્રપંચનો સૂત્રધાર પેલો ફિલિપ ચેરી નામનો જાસૂસ પાટનગર ઢાકામાં ખોડાયો હતો અને રાજકીય બનાવો પર નજર રાખતો હતો. ઢાકાનું ભારતીય હાઈ કમિશન (દૂતાવાસ) પણ કદાચ તેના નિરીક્ષણ હેઠળ હતું, છતાં નવી દિલ્હીના વિદેશ મંત્રાલય અને હાઈ કમિશન વચ્ચે જે પત્રોની તથા દસ્તાવેજોની આપ-લે થાય તે હંમેશાં ખાનગી રહેતી હતી. આ સામગ્રી ભરેલી ‘ડિપ્લોમેટિક બેગ’ને યજમાન દેશનું કસ્ટમખાતું રોકે અગર તપાસે તો એ પગલું આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર ગુનો બને. જૂન, ૧૯૭૫ માં આવા પત્રો સાથે રૉના શંકરન્ નાયરનું એક સીલબંધ પરબીડિયું ઢાકાના ભારતીય હાઈ કમિશનમાં ડ્યૂટી બજાવતા અને ડિપ્લોમેટનો સત્તાવાર દરજ્જો ધરાવતા એક ગુપ્તચરને પહોંચ્યું.

થોડા દિવસ પછી ઈન્ડિયન ઍરલાઈન્સનું ફૉકર ફ્રેન્ડશિપ પ્રકારનું વિમાન તેના પચ્ચીસ-ત્રીસ પેસેન્જરો સાથે ઢાકા એરપૉર્ટ પર ઊતર્યું. પેસેન્જરોમાં આધેડ વયનો એક લૂંગીધારી ચશ્મેઢબ માણસ હતો, જેણે લૂંગી જેવો જ થોડોક ચોળાયેલો ઝભ્ભો પહેર્યો હતો. પાસપૉર્ટમાં લખેલી વિગત જો સાચી હોય તો તે એક્સપૉર્ટનો બિઝનેસ કરતો વેપારી હતો. એરપૉર્ટના કસ્ટમ અધિકારીએ પૂછેલા ‘શેની નિકાસ કરો છો?’ એવા પ્રશ્નના જવાબમાં તેણે કહ્યુંઃ ‘પાનની.’

એરપૉર્ટની બહાર નીકળ્યા પછી વેપારીએ ટેક્સી કરી. શાકભાજીની અને નાગરવેલ પાનની હોલસેલ માર્કેટ તરફ જવાને બદલે જુદો રસ્તો પકડ્યો. માર્કેટ જવાનું આવશ્યક પણ ન હતું. વેપારીએ ફક્ત સ્વાંગ વેપારીનો ધારણ કર્યો હતો. બાકી અસલિયત પૂછો તો એ બહુરૂપી શખ્સ RAW ના નિયામક અને સુપરસ્પાય રામેશ્વરનાથ કાઓ હતા.

થોડી મિનિટો બાદ એક પૂર્વનિર્ધારિત સ્થળે કાઓ વડા પ્રધાન મુજીબુરને રૂબરૂ મળ્યા. આ રીતનો મેળાપ ગોઠવવાનું પગલું મુજીબુરને બહુ નાટકીય લાગ્યું હતું અને કાઓ શા માટે ધાનમંડી નિવાસસ્થાન પર ‘ઑફિશિયલ’ મુલાકાતે ન પધાર્યા એ તેમને સમજાયું ન હતું. આનો ખુલાસો તેમને હવે કાઓના મોઢે જાણવા મળ્યોઃ અમેરિકાની CIAના નામીચા સૂત્રધાર વિલિયમ કોલ્બીની દોરવણી હેઠળ લશ્કરી બળવાનું કાવતરું ઘડાયું હતું, જેમાં બંગબંધુ મુજીબુર અને કદાચ તેમનાં સૌ કુટુંબીજનો પણ નિશાન બનવાનાં હતાં.

કાઓની વાત બંગબંધુના ગળે ન ઊતરી. વાતમાં તથ્ય જ ન લાગ્યું. જાનના ખતરાને લગતી અત્યંત ગંભીર ચેતવણીને આટલી હળવાશમાં લેવાય એ પણ કાઓની દૃષ્ટિએ ગંભીર વાત હતી, માટે તેમણે પોતાની બાતમી આધારભૂત હોવાનો ઠોસ પુરાવો આપવા અને તે બાતમી મુજીબુરના મગજમાં ઠસાવવા કાવતરાબાજોનાં નામ ગણાવ્યાંઃ ખોંડાકર મુશ્તાક એહમદ, ખોંડાકરનો ભાણેજ લેફ્ટનન્ટ-કર્નલ ફારૂક રહેમાન, ખોંડાકરનો ભત્રીજો લેફ્ટનન્ટ-કર્નલ અબ્દુલ રશીદ, લેફ્ટનન્ટ-કર્નલ મહમદ ઉસ્માની વગેરે. દુનિયાભરમાં (એ વખતે) ૭૦ જાસૂસી કેન્દ્રોનું અને કુલ મળીને ૭,૦૦૦ જાસૂસોનું તથા

બાંગલાદેશ સાથે પહેલી વિમાની સેવા ઈન્ડિયન એરલાઈન્સે શરૂ કરી, જેનું ઢાકા પહોંચેલું એક Fokkar Friendship વિમાન રહસ્યમય બાબત જોડે સંકળાયેલું હતું

વિશ્લેષકોનું નેટવર્ક ધરાવતા Research and Analysis Wing / RAW નો જાસૂસી રિપોર્ટ અધ્ધરતાલ તો હોય જ નહિ, છતાં ભોળાભટક મુજીબુરે કાવતરાખોરોનાં નામો સાંભળીને કહ્યુંઃ

‘આ બધા તો મારાં સંતાનો જેવા છે. મારી સામે તેઓ શસ્ત્રો ન ઉગામે!’

મિટિંગ એકાદ કલાક ચાલી, પણ ભલીવાર ન વળ્યો. રામેશ્વરનાથ કાઓ નિરાશ થયા અને શેખ મુજીબુરની સલામતી માટે પોતાની મનોકામના વ્યક્ત કરી નવી દિલ્હી પાછા ફર્યા. અલબત્ત, મુજીબુરની સલામતીનો આધાર હવે તો ખોંડાકર મુશ્તાક એહમદ પર હતો, જેઓ હત્યાના કાવતરામાં મુખ્ય ખલનાયક હતા.

ખલનાયકનાં કારસ્તાનો જરા તપાસીએઃ પાકિસ્તાનના જનરલ યાહ્યા ખાને સ્વાયત્તતાની માગણી કરનાર પૂર્વ પાકિસ્તાનના બંગાળી આગેવાનોની હકાલપટ્ટી કરી ત્યારે સરહદ ઓળંગી સૌએ ભારતમાં આશરો લીધો હતો. મુજીબનગર ખાતે પોતાની નિર્વાસિત સરકાર / Government in Exile રચી હતી. શેખ મુજીબુર રહેમાન ત્યારે પાકિસ્તાનની જેલમાં હોવાને કારણે તેમના સાથી નેતા તાજુદ્દીન એહમદ તે સરકારના ‘વડા પ્રધાન’ બન્યા હતા. ખોંડાકર મુશ્તાક એહમદને ‘વિદેશ પ્રધાન’નો હોદ્દો અપાયો હતો. આ હોદ્દાને લીધે તેઓ કલકત્તામાં અમેરિકાના નાયબ રાજદૂત / Consul General ના સંપર્કમાં આવ્યા.

ખોંડાકરને અમેરિકા પ્રત્યે ભારોભાર પ્રેમ અને ‘હિન્દુ ભારત’ માટે સખત અણગમો હોવાનું જાણ્યા પછી CIAનો દિલ્હી ખાતેનો જાસૂસ ફિલિપ ચેરી તેમને મળવા ગયો. મૈત્રી વધારી અને સત્તાની લાલચ આપી, પરંતુ દુર્ભાગ્ય અમેરિકાનું કે ત્યાર પછી ખેલાયેલા ૧૯૭૧ ના યુદ્ધમાં ભારતીય જવાનોએ પાકિસ્તાનના બે ટુકડા કર્યા અને ભારતના મિત્ર શેખ મુજીબુર રહેમાન નવા રાષ્ટ્ર બાંગલાદેશના વડા પ્રધાન બન્યા.

લેફ્ટનન્ટ-કર્નલ ફારૂક રહેમાને ટેન્ક પર ચડી આગ ઝરતું ભાષણ આપ્યું



ભારતીય વાયુસેનાનું Mi-8 હેલિકોપ્ટર શેખ મુજીબ અને તેમના પરિવારજનોને ભારત લાવી દેવા માટે રવાના કરાયું, પરંતુ એ ગુપ્ત મિશને જુદો મોડ લીધો

અમેરિકાના ખાપરાકોડિયા પ્રમુખ રિચાર્ડ નિક્સન અને હેન્રી કિસિન્જર હાથ ઘસતા રહી ગયા.

સાડા ત્રણ વર્ષ બાદ જૂન, ૧૯૭૫ માં પરિસ્થિતિ જુદી હતી. મુજીબુર રહેમાનને ચેતવવાના નિષ્ફળ પ્રયાસો કરીને નવી દિલ્હી પરત આવેલા રામેશ્વરનાથ કાઓ ચિંતિત હતા. ઇન્દિરા ગાંધી પણ તેમના મોઢે બધી વિગત જાણ્યા પછી ફિકરમાં હતાં. મુજીબુર રહેમાન માર્યા જાય તો સમજી લેવાનું કે બાંગલાદેશ ભારતનું મિત્ર રહેવાને બદલે ભારત માટે પડખાની શૂળ બન્યું. પાકિસ્તાનને બે ટુકડે વહેંચી દેવા આપણે ૧૯૭૧ ના યુદ્ધ વખતે લીધેલી જહેમત અને વેઠેલી જાનહાનિ પણ નિરર્થક રહી એમ ગણી લો. આ નોબત ટાળવી હોય તો શેખ મુજીબુરને ગમે તે ભોગે બચાવવા જોઇએ.

ઇન્દિરા ગાંધીનો મક્કમ ટેકો અને પૂરો સહકાર ધરાવતા રામેશ્વરનાથ કાઓની RAW ગુપ્તચર સંસ્થાએ બહુ જોખમી સાહસ હાથ ધર્યું. ૧૯૭૫ ના ઑગસ્ટની શરૂઆતે (એક રીપોર્ટ મુજબ જુલાઇના છેલ્લા સપ્તાહમાં) Mi-8 પ્રકારનું સૈનિકવાહક હેલિકોપ્ટર ઘણું કરીને કૃષ્ણનગર પાસે સરહદ ઓળંગીને ઢાકાની દિશામાં ઊડ્યું. મુજીબુર રહેમાનને લશ્કરી બળવાની ગંધ મળી ચૂકેલી કે કેમ એ તો કાઓ અને તેમના ઢાકાસ્થિત એજન્ટો જાણે, પરંતુ કલાકના ૨૬૦ કિલોમીટરના વેગે ઊડતા અને સ્વબચાવ માટે 57 mm નાં સંખ્યાબંધ રોકેટો ધરાવતા હેલિકોપ્ટરનું મિશન બહુ સ્પષ્ટ હતુંઃ શેખ મુજીબુર રહેમાન અને તેમનાં કુટુંબીજનોને તેણે હેમખેમ ભારત લાવવાનાં હતાં.

હેલિકોપ્ટર ગયું, પણ કદી પાછું ન ફર્યું. બાંગલાદેશના સૈનિકોએ તેને માર્ગમાં જ ક્યાંક તોડી પાડ્યું. સૈન્યે ભારત સામે ગોકીરો ન મચાવ્યો, કારણ કે ત્યાર પછીની સામસામી આક્ષેપબાજીમાં મિશનનું ધ્યેય જો છતું થાય તો મુજીબુર

મુજીબનો કરુણ અંજામ (સૌજન્યઃCIA)

‘બંગબંધુ’ શેખ મુજીબનું નિવાસસ્થાન ધાનમંડી ઑગસ્ટ ૧૫, ૧૯૭૫ની રાત્રે કતલખાનું બન્યું

રહેમાનની હત્યાનું ષડ્યંત્ર પણ ખુલ્લું પડી જવાની વકી હતી. આમેય ભારતને તો એ કારસા અંગે રજેરજની જાણકારી હોવાનો ચોંકાવનારો સંકેત બાંગલાદેશી સૈન્યને મળી ચૂક્યો હતો, કેમ કે દિલ્હી સરકાર એ વિના પોતાનું હેલિકોપ્ટર ન મોકલે.

આ બનાવ પછી લશ્કરી બળવાનો અમલ તરત કરવામાં આવ્યો. વરસાદની ઋતુ હતી. પાટનગર ઢાકાના બીજા એરપૉર્ટનું બાંધકામ તત્પૂરતું રોકી દેવાયું હતું, એટલે ત્યાંની ખુલ્લી જગ્યામાં Bengal Lancers ના અને બાંગલાદેશ Armoured Corps / બખ્તરિયા દળના સૈનિકો દરરોજ રણગાડીઓ ચલાવવાની પ્રેક્ટિસ કરતા હતા. ટેન્કયુદ્ધની રણનીતિ પણ શીખતા હતા.

ઑગસ્ટ ૧૪, ૧૯૭૫ ની મોડી રાત્રે કેટલીક રણગાડીઓ એરપૉર્ટ પાસેના કેન્ટોનમેન્ટની બહાર નીકળી. ત્રણ સમાંતર કતારો રચાયા બાદ તેમનો કાફલો અટક્યો. કમાન્ડિંગ ઑફિસર લેફ્ટનન્ટ-કર્નલ ફારૂક રહેમાન પોતાની ટેન્ક પર ચડ્યો. આગ ઝરતી ગોલંદાજી જેવું ભાષણ તેણે શરૂ કર્યું. ૧૯૭૧ ના યુદ્ધ પછી સૈન્યની અવહેલના કર્યા બદલ તેણે વડા પ્રધાન મુજીબુર રહેમાનને અપશબ્દો વડે નવાજ્યા. મુજીબુરના રાજમાં ફેલાયેલા ભ્રષ્ટાચાર માટે આફરો કાઢ્યો. મુજીબુરે બાંગલાદેશને ઈસ્લામી પ્રજાસત્તાક નહિ, પણ બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર બનાવ્યું એ મુદ્દા પર તેણે મેજરની કક્ષાના સૌ ટેન્ક અફસરોને ઉશ્કેર્યા. લોહિયાળ હત્યાકાંડ માટે સૌને તૈયાર કરવા ઉશ્કેરાટ જરૂરી હતો. મેજર શરીફુલ દલિમ, મેજર ફઝલુલ હુદા, મેજર શરિયાર ઈકબાલ, મેજર મોઈનુદ્દીન એહમદ, મેજર મુર ચૌધરી, મેજર શરીફુલ હુસેન, મેજર સુલતાન રશીદ વગેરે અફસરો પોતપોતાની રણગાડીના ટરેટનો ઉપલો પ્રવેશમાર્ગ ખોલી સીટ પર ઊભા હતા. દરેકે હાથમાં મશીનગન પકડી હતી. પૂરી શક્યતા કે દરેકના મગજનો પારો આસમાને હતો. કમાન્ડિંગ ઑફિસર ફારૂક રહેમાનના જલદ ભાષણને અંતે રણગાડીઓની ત્રણેય કતારો ત્રણ જુદા રસ્તે વળી, પણ આગળ જતાં એ રસ્તાનો ત્રિભેટો એક જ સ્થળ પાસે થતો હતો. સ્થળનું નામ હતુંઃ નં. ૬૭૭, ધાનમંડી.

અડધા કલાક પછી બધા ‘અફસરો’ અમાનુષી કૃત્ય આચરવા માટે ધાનમંડીવાળા બંગલામાં પ્રવેશ્યા એ વખતે શેખ મુજીબુર રહેમાન ઉપરાંત તેમની પત્ની, દસ વર્ષના રસેલ સહિત ત્રણ પુત્રો, બે પુત્રવધૂઓ, નાનો ભાઈ અને બીજાં કેટલાંક આપ્તજનો મોજૂદ હતાં. મશીનગનો ધણધણી કે તરત રાત્રિનું વાતાવરણ મરણચીસો વડે કંપવા લાગ્યું. ‘આ શું કરી રહ્યા છો તમે? અટકી જાવ...’ મુજીબે કહ્યું. બંગલાના જુદા જુદા રૂમોમાં કુલ ૨૬ લાશો ઢળી ચૂકી હતી. રક્તપાતનું પ્રમાણ કમકમાટી જગાડે એવું હતું, પણ જલ્લાદો માટે એ માહોલ કલેજું ઠારે એવો હતો. અલબત્ત, જનતાની પ્રતિક્રિયા બહુ જુદી હોય એ નક્કી હતું. હિંસક સત્તાપલટાની જાહેરાત વહેલી સવારે

સ્વતંત્ર બાંગલાદેશના સર્જક ‘બંગબંધુ’ પથ્થરદિલ કાતિલોની દૃષ્ટિએ મૃત્યુદંડને લાયક હતા. માત્ર તેમને નહિ, બલકે આ તસવીરોમાં દેખાતા તેમનાં સૌ કુટુંબીજનોને વીંધી નાખવામાં આવ્યાં.

મુજીબનો કરુણ અંજામ (સૌજન્યઃ CIA)

‘રેડિઓ બાંગલાદેશ’ પર કરાય એ પહેલાં શેખ મુજીબુરના શબને હેલિકોપ્ટર દ્વારા ફરિદપુર નજીક એમના તુંગીપાડા ગામે મોકલી ‘પૂરા લશ્કરી સન્માન’ સાથે દફન કરી દેવામાં આવ્યું.


બંગબંધુનો ૧૦ વર્ષીય પુત્ર રસેલ

બીજી તરફ ઢાકામાં તેમની ખાલી પડેલી ખુરશી પર અમેરિકાના ભાડૂતી ટટ્ટુ ખોંડાકર મુશ્તાક એહમદ બિરાજ્યા. ઈન્દિરા ગાંધી તો એ વખતે દિલ્હીના લાલ કિલ્લા પરથી સ્વાતંત્ર્ય દિનનું ભાષણ આપવાની તૈયારી કરતાં હતાં. શેખ મુજીબુર અને તેમનાં કુટુમ્બીજનો સહિત કુલ ૨૬ જણાં માર્યાં ગયાના સમાચારે ઈન્દિરાને દુઃખી કરી દીધાં. દુઃખ એ વાતનું તો ખરું કે ભારતે તેના મિત્ર રાજકર્તાને ગુમાવ્યા, પણ મુજીબુરની વ્યક્તિગત ખોટ કરતાં વધુ વ્યથાજનક વાત એ કે પાકિસ્તાનની જેમ હવે બાંગલાદેશનું પણ અસ્થિર રાજકારણ ભારત માટે સરદર્દ બનવાનું હતું.

--અને સાચે જ બન્યું. શેખ મુજીબુર પછી ખોંડાકર મુશ્તાક એહમદની સરકાર માત્ર ૮૦ દિવસ ટકી. પ્રજાના આક્રોશનો લાભ ઉઠાવી બાંગલાદેશના સેનાપતિ જનરલ ખાલેદ મુશર્રફે તેની સામે બળવો કર્યો અને ખોંડાકરને જેલમાં પૂરી દીધા. ત્રણ દિવસ બાદ તો એ સેનાપતિ પણ ઉથલી પડ્યા. મેજર-જનરલ ઝિયા ઉર રેહમાન બાંગલાદેશના સત્તાધીશ બન્યા. આમ ૧૧૦ દિવસમાં ત્રણ લશ્કરી બળવા થયા, જેમણે ૫,૦૦૦ જણાનો ભોગ લીધો. પરિસ્થિતિ જરા થાળે પડ્યા બાદ ઝિયા ઉર રેહમાન ભારતની શુભેચ્છા મુલાકાતે આવ્યા ત્યારે વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ તેમની સાથે યોજેલી મિટિંગમાં રામેશ્વરનાથ કાઓ પણ મોજૂદ હતા. ઈન્દિરાએ બાંગલાદેશની રાજકીય પરિસ્થિતિ અંગે સવાલ કર્યો કે તરત કાઓ તરફ આંગળી ચીંધીને તેમજ મલકીને પ્રમુખ ઝિયા બોલ્યાઃ ‘આ માણસને પૂછો! મારા દેશ વિશે મારા કરતાં એમને વધારે જાણકારી છે !’

ઝિયાએ નાની અમથી ટકોર કરી, પણ એ ટકોર દ્વારા તેમણે ભારતના જાસૂસીતંત્રને મોટી સલામી આપી. બરાબર પચાસ વર્ષ પછી આજે ભૂતકાળ તરફ નજર કરો તો એમ થાય કે રામેશ્વરનાથ કાઓની જાસૂસીકળા ઉપરાંત તેમની દૂરંદેશી પણ સલામીને લાયક હતી. ૧૯૭૫ માં તેમણે શેખ મુજીબુરના બચાવ માટે સરહદપાર હેલિકોપ્ટર મોકલવા સુધીનું જોખમ ખેડ્યું તેનું કારણ એ કે શેખ મુજીબ જો માર્યા જાય તો ભારત માટે ઉપાધિનો પાર રહેવાનો ન હતો. શેખ મુજીબ ઉદારમતવાદી હતા. અયુબખાન તથા યાહ્યાખાન જેવા પંજાબી અને પઠાણ સરમુખત્યારોના સકંજામાંથી બંગાળી પ્રજાને ભારતે જ છૂટકારો અપાવ્યો તે બાબતની તેમને કદર હતી. રાજકારણમાં તેઓ ધર્મને વચ્ચે લાવતા ન હતા. પડોશી ભારત સાથે આર્થિક સહયોગ કરી બાંગલાદેશને સમૃદ્ધ બનાવવું એ જ તેમની નેમ હતી, માટે તેમણે ધર્મઝનૂની તત્ત્વોને દાબમાં રાખવાની નીતિ અપનાવી હતી. આ બધાં કારણોને લીધે જ રામેશ્વરનાથ કાઓને પણ મુજીબુર રેહમાનની વ્યક્તિગત સલામતીમાં ભારતનું હિત દેખાતું હતું. એ વાત જુદી છે કે મુજીબે તેમની સલાહ તેમજ સહાય અવગણી અને મૃત્યુને ભેટ્યા, પણ દીર્ઘદ્રષ્ટા કાઓનું ભવિષ્યનિદાન કેટલું સચોટ ઠર્યું તેની પણ થોડીક વાત છેલ્લેછેલ્લે કરી લઈએ.

એપ્રિલ ૨૧, ૧૯૭૫ના દિવસે ભારતે ગંગા નદી પરના ૬૦૦ મેગાવૉટના ફરાક્કા બંધનું ઉદ્‌ઘાટન કરી વીજળીનું ઉત્પાદન આરંભ્યું હતું. બંધ પાછળ ગંગા નદીનું પાણી સહેજ રોકાય, એટલે દર ઉનાળે ૪૦ દિવસની સૂકી ઋતુ દરમ્યાન બાંગલાદેશ માટે વધુ પાણી છોડવાની શેખ મુજીબ સરકારને લેખિત બાંહેધરી આપી. મુજીબની હત્યા પછી બાંગલાદેશના રાજકર્તા ઝીયા ઉર રેહમાને ઈસ્લામી રાષ્ટ્રોની પરિષદમાં એટલી તો કાગારોળ મચાવી કે ભારતે ગંગાના પાણીની વહેંચણી માટે ૪૦:૬૦નું ધોરણ સ્વીકારવું પડ્યું. ભારતનો હિસ્સો ફક્ત ૪૦ ટકા, પાણીની અછતને લીધે આપણા હૂગલી



બાંગલા દેશને ફાયદો કરાવતો ફરાક્કા બંધ



ભારતની બાંગલા દેશને ભેટ: તીન બિઘા

બંદરે મોટા જહાજોનો ટ્રાફિક બંધ થયો, જળવિદ્યુતનું ઉત્પાદન ઘટ્યું અને સિંચાઈ પર નભતાં ખેતરોને માઠી અસરો પહોંચી. વાર્ષિક અબજો રૂપિયાનું નુકસાન, છતાં ચાલીસ ઈસ્લામી દેશોના (ખાસ તો પેટ્રોલિયમ વેચતા આરબ રાષ્ટ્રોના) સંયુક્ત દબાણ સામે ભારતનું શું ચાલે ? ફરાક્કાનો ૨,૨૪૫ મીટર લાંબો બંધ અને સિંચાઈ માટે ૩૮ કિલોમીટર લાંબી નહેર બાંધવાનો ખર્ચ છેવટે મોંઘો પડી ગયો.

ભારતની કનડગત માટે બાંગલાદેશે તેના બિહારી, ચકમા તથા બીજી અમુક પછાત કોમોના મુસ્લિમોને પશ્ચિમ બંગાળ, આસામ તથા ત્રિપુરામાં ધકેલી દેવાનું શરૂ કર્યું. આસામમાં તો એ પછી તરતના અરસા દરમ્યાન દોઢ કરોડ બાંગલાદેશીઓ ઘૂસ્યા અને વસી પણ ગયા. કોંગ્રેસની સરકારે તેમનાં નામો ચૂંટણીના મતદારપત્રક પર લખાવી આપ્યાં, જેથી એ મુસ્લિમો કોંગ્રેસની સત્તા ટકાવવામાં મદદકર્તા બને. આસામની મૂળ પ્રજાનું સંખ્યાબળ અંતે માંડ ૩૭% રહ્યું. ત્રિપુરામાં એ જ રીતે બાંગલાદેશના ચકમા ઘૂસણખોરોએ ભારતીયોને લઘુમતીમાં મૂકી દીધા. એક રીતે વિચારો તો બાંગલાદેશે યુદ્ધ કર્યા વિના આપણાં આસામ અને ત્રિપુરા એમ બન્ને રાજ્યોને જીતી લીધાં.

બાંગલાદેશની કટ્ટરપંથી સરકારે ત્યાર પછી તો ઘૂસણખોરીનું શસ્ત્ર દેખાડી ભારતનું બ્લેક મેઈલિંગ શરૂ કર્યું. ઈસ્લામી રાષ્ટ્રોએ તેને એમાં સાથ આપ્યો. ભારતના રાજકર્તાઓ પણ એવા નબળા અથવા તો નમાલા કે તીસ્તા નદી પાસે સરહદ પરનો ‘તીન બીઘા’ (ત્રણ વીઘા) કહેવાતો જમીનનો અત્યંત મહત્ત્વનો ટુકડો બાંગલાદેશે માગ્યો અને મેળવીને જ રહ્યું. લંબાઈમાં એ જમીનનું માપ ૧૭૮ મીટર અને પહોળાઈમાં તો માંડ ૮૫ મીટર, પણ ભારતે ત્રીસ વર્ષ માટે ‘તીન બીઘા’ વાર્ષિક રૂા.૧ ના ભાડેથી બાંગલાદેશના હવાલે કરી, એટલે કુચલીબારી નામનો આપણો ૫૦,૦૦૦ની વસ્તીવાળો પ્રદેશ આપોઆપ બાંગલાદેશમાં જતો રહ્યો અને ‘તીન બીઘા’નું વાર્ષિક રૂપિયા એકનું ભાડું પાછું તત્કાલીન દરિયાવદિલ ભારત સરકારે માફ કર્યું.

■

છેલ્લે CIAને મુજીબ પરિવારની સામુહિક કતલ માટે જવાબદાર ઠેરવતી કેટલીક વિગતો જોઈએ. ચોંકાવનારી છે. માનવ અધિકારોના દંભી ઝંડાધારી અમેરિકાનો ભૂંડો ચહેરો ખુલ્લો કરે છે.

અમેરિકાની CIA દ્વારા શેખ મુજીબની અને તેમના પરિવારસભ્યોની હત્યા કરાવવામાં આવી તે વાત અફવા કે આશંકા તરીકે વહેવા માંડી હતી, પણ *Far Eastern Econimic Review* મેગેઝિનના સિનિયર ખબરપત્રી અને લેખક લોરેન્સ લિફ્શુલ્ટ્ઝ એમ જ બન્યું હોવાનું મક્કમ રીતે માનતો હતો. આથી તેણે CIAના કારસો ખુલ્લો પાડવાનું નક્કી કર્યું. માહિતી આપી શકે તેવો ‘ચાવીરૂપ’ લોકોને મળ્યો, ઈન્ટર્વ્યૂ લીધા અને કટકે કટકે વિગતો એકઠી કરતો હતો. અમેરિકાના વિદેશખાતા અને ઢાકા ખાતેની એલચી કચેરી વચ્ચે ઘણો સંદેશાવ્યવહાર થયો હતો. લોરેન્સ લિફ્શુલ્ટ્ઝે Freedom of Information Act નીચે તે સંદેશાઓની લેખિત પ્રત માગી, પણ વિદેશખાતાએ ઈન્કાર કરી દીધો.

મુજીબની દીકરીઓ રેહાના અને હસીના બચી જવા પામી, કેમ કે કારમી દુર્ઘટના વખતે તે પશ્ચિમ જર્મનીમાં હતી.



વિસ્ફોટક પુસ્તકનો લેખક લોરેન્સ લિફ્શુલ્ટ્ઝ

લિફ્શુલ્ટ્ઝને સારો એવો 'દારૂગોળો' અમેરિકી સરકારના કેટલાક નિવૃત્ત અધિકારીઓના ઈન્ટર્વ્યૂ લેતી વખતે મળ્યો. (ચાર વર્ષ દરમ્યાન બધું મળી લગભગ ૨૦૦ જણાના ઈન્ટર્વ્યુ તેણે લીધા.) તપાસ દરમ્યાન એ પણ ખબર પડી કે Carnegies Endowment for Peace નામની સ્વયંસેવી (અને માનવ અધિકારોની તરફદાર) સંસ્થાએ મુજીબની હત્યા CIA દ્વારા કરાવવામાં આવ્યાના સબૂતો એકઠા ક્ર્યા હતા.

નિક્સન-કિસિન્જરે તે સંસ્થાના દસ્તાવેજો પર રાષ્ટ્રીય સલામતીને લગતા કાયદા હેઠળ પ્રતિબંધ મૂકી દીધો, પણ લિફ્શુલ્ટ્ઝે કોઈક રીતે તેમાના ઘણા ખરા મેળવી લીધા. આ મોટો દલ્લો હતો, કેમ કે Carnegies સંસ્થાએ પ્રાપ્ત કરેલા સબૂતો CIA ને ગુનેગાર ઠરાવતા હતા. ઢાકામાં અમેરિકાનું દૂતાવાસ હતું અને રાજદૂત પણ હતો, પરંતુ CIA પોતાના એજન્ટ ફિલિપ ચેરી જોડે બારોબાર સંપર્ક રાખતી હતી.

૧૯૭૪ દરમ્યાન રહસ્યમય ઘટના બની. શેખ મુજીબના નિકટતમ મિત્ર અને નાણાંમંત્રી તાજુદીન એહમદને ચેતવવામાં આવ્યા કે મુજીબની સલામતી જોખમમાં હતી. આ ગુપ્ત બાતમી RAW દ્વારા તેમને મળી હોય તે બનવાજોગ હતું, પણ ખાત્રીપૂર્વક કહી શકાય નહિ. તાજુદીન એહમદ ફક્ત નાણાંમંત્રીની હેસિયતના લીડર ન હતા. આઝાદી માટે થયેલા સંઘર્ષ વખતે જે 'કાર્યકારી' સરકાર રચવામાં આવી તેનું વડા પ્રધાનપદ તેઓ સંભાળતા હતા. તાજુદીન ઉપરાંત સૈયદ નઝરૂલ ઈસ્લામ, મુહમ્મદ મન્સૂરઅલી તથા એ.એચ.એમ. કમારૂઝમાન પણ મુજીબના વિશ્વાસુ સાથીદારો હતા. આ ત્રણ જણાને મુજીબુર રહેમાનના માથે જોખમ તોળાતું હોવા વિશે ગંધ મળી હોય કે કેમ તે પણ અટકળનો વિષય હતો.

અચાનક ૧૯૭૪માં જ મુજીબ કેબિનેટના મંત્રી તાજુદીન એહમદે રાજીનામું મૂકી દીધું. આ પગલું ભરવાના ખુલાસા તરીકે એમ જણાવ્યું કે તેઓ રાજકારણ છોડી રહ્યા હતા અને બાકીનું જીવત શાંતિમય રીતે વીતાવવા માગતા હતા.

કહેવાય છે કે જુલાઈ, ૧૯૭૫માં મુજીબની હત્યાના કાવતરા વિશે તાજુદીનને પાકી બાતમી મળી ત્યારે તેઓ મુજીબના ધાનમંડી નિવાસસ્થાને ગયા અને વડા પ્રધાનને ચેત્વયા. ભોળા મુજીબ જો કે ખોટા આત્મવિશ્વાસમાં રહ્યા.

અમેરિકાની CIA દ્વારા જ કાવતરું રચાયું હોવાનો તેમજ કરપીણ રીતે અમલમાં મુકાયું હોવાનો વજનદાર સંકેત મુજીબની હત્યા પછી મળ્યો. મહત્વાકાંક્ષી અને ધર્માંધ મોશતાક અહમદ ખોંડાકરે સત્તા કબજે લીધી. તાજુદીન એહમદ, સૈયદ નઝરૂલ ઈસ્લામ, મુહમ્મદ મન્સૂરઅલી તઆ એ.એચ.એમ. કમરૂઝમાન એમ ચારેય જણાને ખોંડાકરે ઢાકા સેન્ટ્રલ જેલમાં ધકેલ્યા. નવેમ્બર ૩, ૧૯૭૫ના રોજ બંદૂકધારીઓને મોકલી કારાવાસમાં જ તેમને ઠાર મરાવી દીધા. કંઈ નહિ તો એ ચાર જણાના મોઢે ત્યાર પછી CIA ના કાવતરા અંગે ત્યાર પછી કદી સંભળાવાનું ન હતું.

આ બધું હોંગ કોંગના જાણીતા *Far Eastern Economic Review*ના વરિષ્ઠ ખબરપત્રી અને લેખક લોરેન્સ લિફ્શુલ્ટ્ઝે તેના પુસ્તક *Bangladesh: The Unfinished Revolution* માં વર્ણવ્યું છે અને ઢાકા ખાતેના CIA એજન્ટ ફિલિપ ચેરીને હત્યાકાંડનો સૂત્રધાર ગણાવ્યો છે. (આજે પુસ્તક અપ્રાપ્ય છે.) લિફ્શુલ્ટ્ઝે CIA નો સારો એવો ભાંડો ફોડ્યા છતાં પડદા પાછળ શું બન્યું તેનો પૂરેપૂરો ખુલાસો પ્રકાશમાં આવે તેમ નથી. અમેરિકાની બદનામ ગુપ્તચર સંસ્થા પાપ કરવા ઉપરાંત પાપ પર પિછોડો નાખી દેવામાં પણ એટલી જ પાવરધી છે.■

નવેમ્બર, ૧૯૭૫માં CIA ના મળતિયા ખોંડાકરે ષડયંત્રને ખુલ્લું પાડી શકતા ચાર જણાને (ડાબેથી અનુક્રમે સૈયદ નઝરૂલ ઈસ્લામને, તાજુદીન અહમદને, મન્સૂરઅલીને તથા એ.એચ.એમ. કમારૂઝમાનને) જેલમાં પૂર્યા અને ઠાર મરાવી નાખ્યા.

યુદ્ધ '૭૧
ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા
■ નગેન્દ્ર વિજય
યુદ્ધ '૭૧
■ નગેન્દ્ર વિજય

પ્રગટ થઈ ગયું છે....

- કુલ ૨૩ પ્રકરણોની સળંગ યુદ્ધકથા
- સંખ્યાબંધ ચિત્રો, નકશા તથા આકૃતિઓ
- શસ્ત્રોની આશ્ચર્યજનક માહિતી

યુદ્ધ '૭૧

ભારત-પાક સંગ્રામની સિલસિલાબંધ સત્યકથા

ફક્ત ૧૪ દિવસમાં
પાકિસ્તાનના જેણે
બે ટુકડા કરી નાખ્યા એ
૧૯૭૧ના ભારત-પાક યુદ્ધની સત્યકથાનું
નગેન્દ્ર વિજયની કલમે લખાયેલું
બેસ્ટ-સેલર પુસ્તક...

₹ 350/-
(પોસ્ટેજ ચાર્જ અલગ)

આજે જ www.harshalpublications.in પરથી ઓનલાઈન ખરીદો.

અનુસંધાન અંકના છેલ્લા કવરથી

અંગ્રેજોની ગણતરીપૂર્વકની ચાલ એ કે તેઓ રાજદ્રોહ / sedition, નમકવેરો / salt tax, અનિયતકાલિન કારાવાસ / Indefinate Detention Act વગેરે જેવા અન્યાયપૂર્ણ કાયદા ઠોકી બેસાડે અને ગાંધીજી તે કાનૂનોના વિરોધમાં પ્રવચનો આપવાનું શરૂ કરી દે. સભાઓ ભરે, સત્યાગ્રહના મોરચાઓ કઢાવે અને પછી ઉપવાસો પર ઊતરી જાય, જેને લીધે આખા દેશના પ્રજાજનો વ્યાકુળ બને. અંગ્રેજ શાસકો ઠંડું કલેજું રાખી પરિસ્થિતિને અમુક હદ સુધી વણસવા દે અને ત્યાર બાદ વિવાદાસ્પદ કાયદો પાછો ખેંચી લે. ભારતીય જનતાનો મોટો વર્ગ અબુધ, માટે તેના મન પર ભ્રામક પટોળાછાપ એ પડે કે અહિંસા જેવું શસ્ત્ર બીજું એકેય નથી. ગાંધીજીએ ભગતસિંહે હિંસાનો માર્ગ અપનાવ્યા બદલ તેમની આલોચના કરી હતી.

આ જાતની 'ગાંધીગીરી' ના દેશવ્યાપી માહોલે ભારતના લશ્કર પર લગામ નાખી દીધી. ન ભુલાય કે અખંડિત ભારતના લશ્કરનું સંખ્યાબળ દસ લાખ કરતાં વધારે હતું. પ્રથમ વિશ્વવિગ્રહમાં વધીને ૧૭,૫૦,૦૦૦ અને દ્વિતીય વિશ્વવિગ્રહમાં તો ૨૫,૦૦,૦૦૦ હતું. ભારતીય પ્રજાનો વસ્તીઆંક ૩૨ કરોડની આસપાસનો હતો. બીજી તરફ આપણા દેશ પર આપખુદીના ધોરણે રાજ ચલાવતા ઊચ્ચકક્ષાના બ્રિટિશ અમલદારોની સંખ્યા ૧૫,૦૦૦-૧૬,૦૦૦ કરતાં વધારે નહિ. આ સંજોગોમાં ગોરા લોકોને ભારતીય સૈનિકોનું પીઠબળ રહે અને કરોડો ભારતીય લોકો અહિંસાને જ સર્વોત્તમ પ્રભાવી શસ્ત્ર માનતા રહે તે જરૂરી હતું. આ કારણસર અંગ્રેજોએ સત્યાગ્રહના તેમજ અહિંસાના પૂજારી ગાંધીજીને હંમેશાં 'જીતવા' દીધા. સરદાર ઉધમસિંહે જલિયાંવાલા બાગના હત્યાકાંડના ખલનાયક ઓ'ડ્વાયરને શૂટ કરી નાખ્યો તેની સામે પણ ગાંધીજીએ અણગમો દર્શાવ્યો અને જણાવ્યું કે અંગ્રેજ હકૂમતનો આવી રીતે (હિંસાની રીતે) પ્રતિકાર કરવાનું યોગ્ય ન હતું.

એક મહત્ત્વપૂર્ણ બાબત ક્યારેક જરા શાંત ચિત્તે વિચારો. ઇતિહાસમાં નોંધાયેલી એકેય ક્રાંતિ થોડા દિવસ, થોડા સપ્તાહ કે થોડા મહિના કરતાં લાંબો સમય ચાલી નથી, કેમ કે એવી જરૂર પડી નથી. ૧૭૮૯ની ફ્રેન્ચ ક્રાંતિ, ૧૯૧૭ની રશિયન બલ્શેવિક ક્રાંતિ, ૧૯૪૯ની ચીનના માઓ ઝે દોંગની સામ્યવાદી ક્રાંતિ વગેરે ટૂંકી મુદતની રહી, કેમ કે જોતજોતામાં તેમણે સત્તાપલટો લાવી દીધો. ગાંધીજીએ તેમની અહિંસક ક્રાંતિ (દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા આવ્યાના બીજે વર્ષે) ૧૯૧૭માં ચંપારણ ખાતે શરૂ કરી અને ૧૯૪૭ સુધી અંગ્રેજો સામે અહિંસક લડત જ ચલાવતા રહ્યા.

કોઇ એક દાખલો ક્રાંતિનો બતાવી શકો છો કે જે ક્રાંતિ ૩૦ વર્ષ સુધી ચાલી હોય? અને ન ભુલતા કે બીજા વિશ્વયુદ્ધ પછી બ્રિટનમાં જે ચૂંટણી યોજવામાં આવી તેમાં મજૂર પક્ષના ઉમેદવાર ક્લેમેન્ટ એટલી 'બધા સંસ્થાનોને આઝાદ કરી દો' એ ચૂંટણીઢંઢેરાના જોરે ચૂંટાઇ આવ્યા હતા અને વડા પ્રધાન બન્યા હતા. ભારત પછી મલાયા, ઘાના, પેલેસ્ટાઇન, કેન્યા, સિંગાપુર, ઝાંઝીબાર, સિએરા લોન, સાયપ્રસ, યુગાન્ડા વગેરેને બ્રિટને સ્વતંત્રતા આપી દીધી. આ દેશોમાં ગાંધીજી ન હતા.

ગાંધીજીના સમગ્ર જીવનને સમુચ્ચય રીતે તપાસો તો તે કોકટેલ જેવું હતું. પ્રથમ વિશ્વવિગ્રહમાં તેઓ સાર્જન્ટ-મેજર હતા ત્યારે તેમણે ભારતીયોને બ્રિટિશરાજ વતી લડવા સૈન્યમાં ભરતી કરાવવાની ઝુંબેશ ચલાવી હતી. બ્રિટન માટે ફંડફાળો પણ આપ્યો હતો એટલું જ નહિ, પણ તેમણે પોતાના તરફથી ફંડમાં રૂા. ૧૦૨ આપ્યા હતા. દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા પછી તેઓ જુદી વ્યક્તિ હતા. (ગાંધી વચલી હરોળમાં વચ્ચે)

આઝાદી પ્રાપ્ત કરવાના શસ્ત્ર તરીકે અહિંસાને બાજુ પર રાખી આપણે હિંસાની વાત કરીએ (સ્પષ્ટતા: હિંસા એટલે વધ, ખૂન નહિ. બે શબ્દો વચ્ચે મોટો અર્થફરક છે.) વિયેતનામી (ફ્રેન્ચ ઇન્ડો-ચાઇનાની) ગેરિલા ફોજે આઝાદી માટે હિંસક લડત ચલાવી એટલા બધા ફ્રેન્ચોને મોતભેગા કર્યા કે ફ્રાન્સે ત્યાંના બિસ્તરા-બોરિયાં સંકેલી લીધાં. ઇથિયોપિઆના સશસ્ત્ર ક્રાંતિકારોએ ઇટાલિયન સામ્રાજ્યવાદીઓને તગેડી મૂક્યા. જાપાનના યુદ્ધા જૂથોએ રશિયનોને ઘરભેગા કરી દીધા. ક્યૂબાના ગેરિલા સૈનિકોએ સ્પેનિયાર્ડોને વીણી વીણીને માર્યા અને હિંસાના જોરે આઝાદી છીનવી લીધી. અમેરિકાએ ફિલિપાઇન્સને પોતાનું ગુલામ રાખ્યું હતું. ફિલિપિનોએ


NEW WAR IN ASIA
TIME
THE WEEKLY NEWSMAGAZINE
PAKISTAN'S AYUB
INDIA'S SHASTRI

સશસ્ત્ર ક્રાંતિ વડે તેનેય હાંકી કાઢ્યું. ઉદાહરણો માગો એટલાં છે.

દેશ માટે પોતાનું જીવન સમર્પિત કરી દેનાર ગાંધીજીની મહાનતા વિશે બે મત નથી. વિશાળ દેશની બત્રીસ કરોડ જેટલી પ્રજાને તેમણે એકસૂત્રે બાંધી તેને તો ગાંધીજીની અસાધારણ સિદ્ધિ લેખવી જોઇએ. ઇતિહાસમાં બીજે ક્યાંય અને ક્યારેય એવું બન્યાની નોંધ નથી.

અહીં સુધીનું જે વૃત્તાંત લખ્યું તેની પાછળનો આશય બે ખાસ મુદ્દાઓને અન્ડરલાઇન કરવાનો છે. પહેલી વાતઃ આદર્શથી શરૂ કરીને માણસ વાસ્તવિકતા તરફ ધીમે ધીમે આગળ જાય તો હંમેશાં નિરાશા સાંપડે, કેમ કે વાસ્તવિકતા સાવ નઠારી ન હોય તો પણ અચૂકપણે કઠોર હોય છે. વાસ્તવિક્તાથી શરૂ કરીને માણસે આદર્શ તરફ આગળ વધવું જોઇએ અને સમાજ-દેશને ધીમે ધીમે તથા ધીરજપૂર્વક આદર્શ વ્યવસ્થાના બનાવવા પ્રયાસ કરવો જોઇએ. આમાં પૂરેપૂરી સફળતા મળે એ તો સંભાવ્ય જ નથી.

બ્રિટિશરાજે ભારતને આર્થિક રીતે લૂંટ્યું, જલિયાવાલા સહિતનાં અનેક હત્યાકાંડો ચલાવ્યા, આંદામાનની નર્ક કરતાં બદતર જેલમાં આપણા ક્રાંતિકારો પર અમાનુષી દમનો ગુજાર્યાં, વિશ્વયુદ્ધોમાં બ્રિટને જીતવા માટે ભારતનાં ખનિજો, કપડાં, રેલવે એન્જિનો, યુનિફોર્મનું કાપડ, અનાજ વગેરે તફડાવ્યાં અને વધુમાં હજારો જેટલા ભારતીય સૈનિકોને બલિ ચડાવ્યા ત્યારે વાસ્તવિક્તા શી હતી? ભારતનું લશ્કર જો અહિંસાના વાઇરસથી મુક્ત હોત તો અંગ્રેજ હકૂમતખોરોને ફક્ત બોંતેર કલાકમાં હાંકી કાઢત, પરંતુ રાષ્ટ્રપિતા દ્વારા ભગતસિંહને, રામપ્રસાદ બિસ્મિલને, ચંદ્રશેખર આઝાદને, રોશનસિંહને, બટુકેશ્વર દત્તને તથા અન્ય ક્રાંતિકારોને 'ગુમરાહ' ઠેરવવામાં આવ્યા હોય ત્યાં લશ્કરમાં કોણ માથું ઊંચકે?

અન્ડરલાઇન કરવાપાત્ર બીજો મુદ્દોઃ રાજકીય નેતાની કે પ્રજાકીય નેતાની અંગત વિચારધારા ગમે તે હોય, પણ એ તેણે દેશ પર ઠોકી બેસાડવી ન જોઇએ. ધારો કે એ નેતા ખુદ પ્રયત્નપૂર્વક ઠોકી બેસાડતા ન હોય અને તેમના વગર કહે જનમાનસ પર અસર બિલકુલ એવી જ થતી હોય તો પછી એ નેતાએ સ્વેચ્છાએ 'લાઇમલાઇટ' ની બહાર નીકળી જવું બહેતર છે. ગાંધીજીની અહિંસા વિચારધારાએ દેશમાં એટલાં તો ઊંડાં મૂળિયાં નાખ્યાં કે ૧૯૪૭માં જે તિબેટનો ચાર્જ અંગ્રેજો ભારતને સોંપી ગયા અને જમ્મુ-કાશ્મીરના મહારાજા હરિસિંહે ભારતમાં વિલિનીકરણના દસ્તાવેજમાં પોતાને જે તિબેટના 'દેશાધિપતિ' તરીકે ઓળખાવ્યા ત્યાંની ભારતીય લશ્કરી ફોજને ભારત સરકારે પાછી બોલાવી લીધી. ભારતીય લશ્કર દ્વારા સુરક્ષિત રહેલા તિબેટને સાવ રેઢું મૂકી દીધું.


૧૯૬૫: યુદ્ધવિરામ વખતની સ્થિતિ
યુદ્ધવિરામ રેખા
સિંધુ નદી
હાજીપીર
તિથવાલ
મુઝફ્ફરાબાદ
ઉરી
કારગિલ
દ્રાસ
શ્રી નગર
ઇસ્લામાબાદ
પૂંચ
કોટલી
મેન્ધાર
રાજૌરી
ભા
ર
ત
ચિનાબ નદી
મીરપુર
નૌશેરા
બિયાસ નદી
જેલમ નદી
જેલમ
જમ્મુ
છામ્બ
સામ્બા
સિયાલકોટ
ચાવિન્દા
પાકિસ્તાન
શકરગઢ
નોરવાલ
ડેરા બાબા નાનક
લાહોર
અજનાલા
અટારી
બર્કી
અમૃતસર
કાસુર
ખેમ કરણ
સહેજરા
હુસૈનીવાલા
ફિરોઝપુર
■ ભારતે મેળવેલો પ્રદેશ
▨ પાકિસ્તાને મેળવેલો પ્રદેશ
ભા ર ત
રા જ સ્થા ન
પા કિ સ્તા ન
મુનાબાઉ
ગદરા રોડ
ગદરા શહેર

રાજકારણમાં ચાતુરીભર્યા દાવપેચ ખેલી જાણવા બદલ ઈન્દિરા ગાંધી પંકાયેલા હતાં, છતાં ભુટ્ટો સામે તેમની અમુક રાજકીય સોગઠીઓ ઊંધી વાગવાની હતી

પરિણામ આપણે જાણીએ છીએ. નેપાળના રાજા ત્રિભુવન પોતાના દેશને ભારતમાં વિલિન કરી દેવા માગતા હતા. પારકા દેશમાં હસ્તક્ષેપ ન કરવો એ વિતંડાવાદ હેઠળ દિલ્લીની કેન્દ્ર સરકારે એમ થવા ન દીધું. ભારતની પણ સુરક્ષા પ્રત્યે ધ્યાન અપાયું નહિ, કેમ કે અહિંસાની શીખ મળી હતી. આનુંય ૧૯૬૨માં મળેલું પરિણામ આપણે જાણીએ છીએ.

અહિંસાની તદ્દન અવહેવારુ વિચારધારાએ કેટલે સુધીનાં ઊંડાં મૂળિયાં નાખ્યાં તે ૧૯૬૫ના ભારત-પાક યુદ્ધ વખતે પણ જોવા મળ્યું. વિજય મેળવ્યા બાદ પાકિસ્તાનનો આપણે જીતેલો (અત્યંત મહત્ત્વના હાજીપીર ઘાટ સહિતનો) બધો પ્રદેશ તાશ્કંદ મંત્રણા વખતે શાસ્ત્રીજીએ પાકિસ્તાનને ફરી સુપરત કરી દીધો. ભારત સામે એવી તે શી મજબૂરી હતી? ઇઝરાયેલ ગણકારે છે કોઈને?

આજે ૧૯૭૧ના યુદ્ધમાં જ્વલંત વિજય મેળવ્યાની ગોલ્ડન જ્યૂબિલીના અવસરે સિમલા કરારને પણ કેમ ભૂલી શકીએ? ઇન્દિરાએ નરબંકા ભારતીય જવાનોનું કર્યુંકારવ્યું બધું ધૂળમાં ભેળવી દીધું. આપણા જવાનોનું રેડાયેલું લોહી જાણે કે નળના પાણી બરાબર હતું.

ઇન્દિરા ગાંધી જોડે સિમલા મંત્રણા વખતે ભુટ્ટો સમક્ષ બે જટિલ કાર્યો હતાં, જેમને સમેસુતર પાર પાડવા માટે સલૂકાઈથી માંડીને ચતુરાઈ અને લુચ્ચાઈ સુધીનાં તમામ ગુણો-અવગુણોનો ખપ પડે તેમ હતો. એક કાર્ય ભારતના કબજામાં રહેલા પાકિસ્તાનના ૯૨,૭૫૩ યુદ્ધકેદીઓને મુક્ત કરાવવાનું હતું. આમાં પૂર્વ મોરચે એટલે કે પૂર્વ પાકિસ્તાનમાં ગિરફતાર કરાયેલા યુદ્ધકેદીઓ ૯૨,૨૦૮ હતા, જ્યારે બાકીના ૫૪૫ પશ્ચિમ સરહદે ખેલાયેલા યુદ્ધ દરમ્યાન પકડાયા હતા. આની સામે પાકિસ્તાને ભારતના જે યુદ્ધકેદીઓને અટકાયતમાં લીધા તેમની સંખ્યા ૬૧૬ હતી--અને તે બધા કચ્છ, રાજસ્થાન, પંજાબ અને કાશ્મીર સરહદે દુશ્મનના સકંજામાં આવ્યા હતા. આમ ભારતીય કરતાં પાકિસ્તાની યુદ્ધકેદીઓની સંખ્યા બરાબર ૧૫૦ ગણી વધારે હતી, માટે એ બાબતમાં પાકિસ્તાનનો હાથ ભારતની એડી નીચે હતો.

પ્રમુખ ઝુલ્ફિકાર અલી ભુટ્ટો સમક્ષ પહાડ જેવડું બીજું કાર્ય ભારતે પાકિસ્તાનનો બધું મળીને (પૂર્વ પાકિસ્તાન યાને બાંગલાદેશ સિવાયનો) ૧૬,૨૭૯ ચોરસ કિલોમીટરનો જે પ્રદેશ જીત્યો તે પાછો મેળવવાનું હતું. સૌથી વધુ પ્રદેશ કચ્છ-રાજસ્થાન મોરચે સિંધનો જીતાયો હતો, જેનું ક્ષેત્રફળ ૧૪,૨૭૨ ચોરસ કિલોમીટર હતું. (જુઓ, સામેનો નકશો). પ્રમુખ ભુટ્ટો સિંધી હોવાને કારણે તેમને આવડો મોટો પ્રદેશ ગુમાવ્યાનો વસવસો જરા વધારે હોય એ સ્વાભાવિક વાત હતી. લડાઈમાં ભારતે કુલ મળી ફક્ત ૩૫૯ ચોરસ કિલોમીટરનો પ્રદેશ ગુમાવવાનો થયો, જે મેળવેલા પ્રદેશની સરખામણીએ ફક્ત ૪૫મા ભાગનો હતો. આ સરવૈયાનો દેખીતો સૂચિતાર્થ એ કે સમાધાનના ટેબલ પર આવવા માટે વડા પ્રધાન ઇન્દિરા ગાંધી કરતાં પ્રમુખ ઝુલ્ફિકાર અલી ભુટ્ટો વધુ મજબૂર હતા. પાક યુદ્ધકેદીઓને વહેલી તકે મુક્ત કરાવવા લાખો આપ્તજનોનું ભુટ્ટો પર દબાણ પણ વધતું જવાનું હતું. સાથોસાથ પાક લશ્કર પોતાના સૈનિકોને હેમખેમ પાછા લાવવા તત્પર હતું. આ પેચીદા સંજોગો જોતાં ભુટ્ટોએ પોતાના તુંડમિજાજને અને તોછડી જબાનને અંકુશમાં રાખી ભારત સાથે શાંતિમંત્રણા અને શાંતિકરાર કર્યા વગર છૂટકો ન હતો. આ તરફ ઇન્દિરા ગાંધીને કશી ઉતાવળ ન હતી, એટલે તેમણે યુદ્ધમાં ખુવાર થયેલા બાંગલાદેશને ફરી પગભર કરવા પર ધ્યાન આપ્યું.

ભુટ્ટોને જાણે લેશમાત્ર ગરજ ન હોય એવું તેમનું વલણ હતું. ઇન્દિરા ગાંધીના દરેક નેહલા પર તેઓ દેહલાનું પત્તું ખેલી બાજી કાપી નાખતા હતા, જે રમતની તેમને જબરી ફાવટ હતી. ઇન્દિરા ગાંધીએ જોયું કે પાકિસ્તાને ૧૯૪૯માં કાશ્મીરનો ૭૮,૧૧૪ ચોરસ કિલોમીટરનો જે પ્રદેશ હડપ કર્યો એ તો કદી પાછો મળવાનો ન હતો, એટલે ૧૯૭૧ના યુદ્ધ પછીની લગભગ ૭૪૦ કિલોમીટર લાંબી Line Of Control/LOCને તેઓ આંતરરાષ્ટ્રીય સરહદમાં ફેરવી નાખવા માગતાં હતાં. એક વાર અંકુશરેખા બે દેશો વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદમાં ફેરવાય, એટલે પછી પાકિસ્તાન ભારતીય હિસ્સાના કાશ્મીર પર દાવો ન કરી શકે અને તે મામલે કદી યુદ્ધ પણ થાય નહિ. કાશ્મીરના પ્રશ્નનો અંત લાવવાનો તેના સિવાય બીજો માર્ગ ન હતો. ઇન્દિરાની દરખાસ્તને ભુટ્ટોએ એમ કહી નકારી

કે પાકિસ્તાનનો જનમત આવા ધરખમ ફેરફાર માટે તૈયાર ન હતો, છતાં ઈન્દિરા ગાંધી જો થોડી ધીરજ રાખી તેમને થોડોક સમય આપે તો તેઓ એ દિશામાં જનમત કેળવવા તૈયાર હતા. ટૂંકમાં, દિશા સાચી હતી, પણ એ દિશામાં ધીમે ધીમે આગળ વધવું જરૂરી હતું.

આ તરફ સિમલાની ગ્રાન્ડ હોટલમાં જેમણે મુકામ કરેલો એ પત્રકારો ‘બ્રેકિંગ ન્યૂઝ’ માટે ક્યારના રાહ જોતા હતા, પણ મંત્રણાનાં સ્થળો ધ રિટ્રીટમાં કે બાર્ન્સ કોર્ટમાં નવાજૂની બનતી હોય એમ જણાતું ન હતું. જુલાઇ ૧નો દિવસ પૂરો થયો અને જુલાઇ ૨ની બપોરે પાકિસ્તાની મોવડી મંડળના નેતા અઝીઝ અહમદે જાહેર કર્યું કે વાટાઘાટોનો દોર સમાપ્ત થયો હતો. પાકિસ્તાનને ભારત દ્વારા રજૂ કરાયેલો સુધારાવધારા બાદનો ત્રીજો મુસદ્દો/draft પણ માન્ય ન હતો, માટે આગળ ચર્ચા કરવાની આવશ્યકતા રહેતી ન હતી.

પ્રમુખ ભુટ્ટોએ પોતે ત્યાર બાદ તેમના ઉતારા ખાતે ઊંચા પ્લેટફોર્મ પર ઊભા રહી પત્રકારો સહિતના ઉપસ્થિતો સમક્ષ જાહેરાત કરી કે સમજૂતી પર આવવાના પ્રયાસો નિષ્ફળ ગયા હતા. શિયાળવૃત્તિના ભુટ્ટોનું એ માત્ર નાટક હતું. ઈન્દિરા ગાંધીની ધીરજને કસોટીએ ચડાવવા તેઓ છેલ્લા પાટલે બેસી ગયા હતા. બીજે દિવસે તેઓ અને તેમના મુત્સદ્દીઓ સ્વદેશ જવા નીકળી જવાના હતા. હવે મઝધારે અટવાયેલી શાંતિમંત્રણાને કિનારે પહોંચાડવા ભારતનાં વડા પ્રધાને કશીક બાંધછોડ કરવી પડે તેમ હતી.

પ્રમુખ ભુટ્ટો પોતાના ગર્ભિત અલ્ટિમેટમની શી અસર થાય છે તેની રાહ જોતા આવાસમાં બેસી રહ્યા. આખરે નમતી બપોરે તેમણે મેસેજ પાઠવ્યો કે તેઓ ઈન્દિરા ગાંધીને મળવા ઈચ્છુક હતા. ઈન્દિરાએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો. સાંજે ૬:૦૦ વાગ્યે બન્ને નેતાઓ ધ રિટ્રીટમાં મળ્યાં. પત્રકારો તો શાંતિમંત્રણા નિષ્ફળ ગયાનું સમજી ગ્રાન્ડ હોટલે જતા રહ્યા હતા. ભુટ્ટોએ ધ રિટ્રીટ પર આવતાવેંત વડા પ્રધાનના સલાહકારો પી. એન. હકસરને તથા પી. એન. ધરને કહ્યું : ‘તમે (રાજદ્વારી) અધિકારીઓ બહુ જલદી મેદાન છોડી જાઓ છો.’ બન્ને નેતાઓ વચ્ચે એકાદ કલાક મંત્રણા ચાલી. ભુટ્ટોએ ફરી એ જ વાતનું રટણ કર્યું કે કાશ્મીરના પ્રશ્નનું ભવિષ્યમાં તબક્કાવાર નિરાકરણ લાવવા માટે તેમની સંપૂર્ણ તૈયારી હતી. અહીંના સંજોગોમાં પાક જનતાનો તથા પાક નેશનલ અસેમ્બ્લીનો યાને સંસદનો એવો મૂડ ન હતો કે યુદ્ધવિરામ રેખાનું કે LOC/અંકુશરેખાનું આંતરરાષ્ટ્રીય સરહદમાં રૂપાંતર તેઓ સ્વીકારી લે. ઈન્દિરા ગાંધી તે માટે તેમની ‘ગૂડવિલ’ જીતવા યુદ્ધકેદીઓને મુક્ત કરે એવો ભુટ્ટોએ આગ્રહ રાખ્યો.

પી. એન. ધરે પોતાના આશ્ચર્ય વચ્ચે જોયું કે આંતરરાષ્ટ્રીય સરહદ અંગે ભારતનાં વડા પ્રધાનનું વલણ બદલાયું હતું.



નરમાંસ આરોગીને મોત સામે ઝઝૂમેલા બહાદુરોની રોમાંચક સત્યકથા...

એક જ બેઠકે વાંચવા મજબૂર કરે તેવી
થ્રિલરકથાનો અનુભવ કરાવતી
કલમનું નામ છે--
વિજયગુપ્ત મૌર્ય

જિંદગી જિંદગી

બાર હજાર ફીટ ઊંચે એન્ડિઝનાં બર્ફિલાં શિખરો વચ્ચે ૪૫ મુસાફરોનું પ્લેન તૂટી પડ્યું છે. અમુક મુસાફરો તો માર્યા ગયા છે. બીજી તરફ જેઓ બચી ગયા છે તેમને માટે એક જ સવાલ છે : **બર્ફિલો શિયાળો પૂરો થાય અને મદદ શોધવા નીકળી શકાય ત્યાં સુધી જીવતા રહેવા માટે શું ખાવું ?** આ બધા મુસાફરોએ કેટકેટલી મુસીબતોનો સામનો કર્યો, ગગનચુંબી પહાડોના કેદખાનામાં અઢી મહિના સુધી કેમ કરીને જીવતા રહ્યા અને છેવટે તેમનો કેવો ચમત્કારિક બચાવ થયો તેની અજોડ સત્યકથા એટલે **‘જિંદગી જિંદગી’** ...જેમાં ડગલે ને પગલે સસ્પેન્સનો પાર નથી !

કુલ પાનાં : ૧૦૪

કિંમત રૂ.૫૦/-

સંપાદન : નગેન્દ્ર વિજય

આજે જ આપના ફેરિયા પાસે માગો અથવા www.harshalpublications.in પર ઓર્ડર કરો.

'રેખા'ને બદલે 'સરહદ' શબ્દ કરારના દસ્તાવેજમાં વાપર્યાનો અર્થ એ થાય કે પાકિસ્તાને ૧૯૪૭-૪૯માં આક્રમણ વડે કબજે લીધેલા Pak-Occupied Kashmir પર ભારતનો હક્કદાવો ન રહે, જે વળી ભારતની પ્રજા સાંખી ન લે. છેવટે થયું એવું કે મંત્રણાના અંતે ભુટ્ટો ખુશખુશાલ ચહેરે બહાર આવ્યા. ભારતીય સલાહકારોને તેમણે જણાવ્યું : 'અમે સમજૂતી પર આવી ગયા છીએ. રાત્રિના ભોજન પહેલાં થોડુંક હોમવર્ક કરવાનું છે.' હવે કરારનો નવો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો. પાકિસ્તાને તે પણ નકારી કાઢ્યો. મંત્રણા ફરી વખત પડી ભાંગી.

આ વખતે દંભી ભુટ્ટોએ જુદો ડ્રામા રચ્યો. ભારતથી તેઓ ખાલી હાથે પાછા ફરે તો ફૌજી યુદ્ધકેદીઓને ન છોડાવ્યા બદલ પાક લશ્કર તેમને પદભ્રષ્ટ કરે અને જનરલ યાહ્યા ખાન જેવા માથાફરેલ લશ્કરી સરમુખત્યાર જોડે ભારતે કામ પાડવાનું થાય એવો ડર તેમણે ભારતનાં વડા પ્રધાનને બતાવ્યો. ઉપરાંત કાશ્મીરનો પ્રશ્ન ઉકેલવા માટે ફક્ત બે મહિનામાં ઘરઆંગણે યોગ્ય વાતાવરણ સર્જવાનું વચન આપ્યું. વચન મૌખિક હતું અને મૌખિક જ રાખવું એવી તેમની માગણી હતી. કરારના દસ્તાવેજમાં તેનો લેખિત ઉલ્લેખ થાય તો પાકિસ્તાનમાં જબરો ઉહાપોહ મચે અને તેઓ ઘડીભર પણ સત્તા પર ટકી શકે નહિ. પી. એન. ધરે તેમના સંસ્મરણોમાં નોંધ્યા મુજબ ઈન્દિરા ગાંધીએ છેલ્લે ભુટ્ટોને પૂછ્યું: 'આ સમજૂતીને આપણે પાકી ગણી આગળ વધીએ?' જનાબ ભુટ્ટોનો જવાબ: 'આપ મુઝ પર ભરોસા કીજિયે.'

સિમલાની ગ્રાન્ટ હોટલ પર રાત્રે ૧૦:૦૦ વાગ્યે સમાચાર પહોંચ્યા કે શાંતિમંત્રણા આખરે સફળ નીવડી હતી. પથારી ભેગા થયેલા કે સામાન બાંધી રહેલા પત્રકારો તરત પેન અને નોટપેડ કાઢી બાર્ન્સ કોર્ટ જવા નીકળ્યા, જ્યાં સિમલા કરારનો વળી નવો મુસદ્દો તૈયાર કરાતો હતો. ભુટ્ટોની લગભગ બધી માગણીઓ તેમાં સામેલ કરવામાં આવી રહી હતી. ઈન્દિરા ગાંધીએ અને ઝુલ્ફિકાર અલી ભુટ્ટોએ સિમલા કરારના દસ્તાવેજ પર સહી કરી તેને કાયદેસરનું સ્વરૂપ આપ્યું. ઈન્દિરા પાસે એકંદરે પોતાના ધાર્યા મુજબનું લખાણ કરાવી ભુટ્ટો સવારે તેમના પ્રતિનિધિ મંડળ ભેગા વાયા ચંદીગઢ સ્વદેશ જવા નીકળી ગયા.

સિમલા કરાર મુજબ ભારતે હવે પાકિસ્તાનના તમામ ૯૨,૭૫૩ યુદ્ધકેદીઓને મુક્ત કરી દેવાના હતા, પાકિસ્તાનનો કબજે લેવાયેલો ૧૬,૨૭૯ ચોરસ કિલોમીટરનો પ્રદેશ તેને પાછો સુપરત કરવાનો હતો અને લગભગ ૭૪૦ કિલોમીટર લાંબી ૧૯૪૯ની યુદ્ધવિરામ રેખાને નજીવા ફેરફાર સાથે અંકુશ રેખા/Line Of Control/LOC એવા જુદા નામે ઓળખવાની હતી. બીજી તરફ પાકિસ્તાને યુદ્ધમાં જીતેલા ભારતના ૩૫૯ ચોરસ કિલોમીટરના નગણ્ય (ગુમાવેલાની સરખામણીએ ૧૫૦મા ભાગના) વિસ્તારને પરત કરવા સિવાય બીજો કશો ભોગ આપવાનો થતો ન હતો. બધા ટંટાફસાદના મૂળ જેવો કાશ્મીરનો પ્રશ્ન સિમલા કરારના અન્વયે જેમનો તેમ રહેતો હતો. ટૂંકમાં, પાકિસ્તાન 'કિંગ પડે તો તમે હાર્યા અને સ્કેલ પડે તો અમે જીત્યા' એવી ઉક્તિ મુજબની રમત સફળતાપૂર્વક ખેલી ગયું હતું.


યુદ્ધ '૭૧: પશ્ચિમ મોરચે ભારતે જીતેલા પ્રદેશ
સરહદ રેખા
ભારતે જીતેલો ગુરેઝનો વિસ્તાર
ભારતે જીતેલી કારગિલ ચોકીઓ
ગુરેઝ
યુદ્ધવિરામ રેખા
કેરાન
ભારતે જીતેલો તિથવાલનો સરહદી વિસસ્તાર
દ્રાસ
કારગિલ
પા કિ સ્તા ન
તિથવાલ
મુઝફ્ફરાબાદ
કા શ્મી ર
ઉરી
ગુલમર્ગ
શ્રીનગર
બાઘ
પુંચની લિપ્પા ખીણ ભારતના કબજામાં
પુંચ
ઈસ્લામાબાદ
કોટુ
ભા ર ત
મિરપુર
ઈસ્લામગઢ
તનોત
ભિમ્ભર
ચિકન્સ નેકમાં ભારત વિજયી
છામ્બ
જૈસલમેર
પાકને મળેલો છામ્બ વિસ્તાર
જમ્મુ
શકરગઢ પર ભારતની હકૂમત
રાજસ્થાન
ગદરા
ભારત
ચાચરા
સિંધ
શકરગઢ
હિ. પ્ર.
નારોવાલ
નગર પારકર
પંજાબ
છાડ બેટ

સિમલા કરારે ભારતમાં ઉગ્ર પ્રત્યાઘાતો જન્માવ્યા અને સંસદમાં વડા પ્રધાન સામે ભારે ઉહાપોહ જાગ્યો. અટલ બિહારી વાજપેયીએ ભારતીય સૈનિકોનાં બલિદાનો એળે

ગયાનું જણાવ્યું અને બીજા આગેવાનોએ પણ સરકાર પર ટીકાનો મારો ચલાવ્યો. સંસદમાં દિવસો સુધી ગરમાગરમીનું વાતાવરણ રહ્યું. વિરોધપક્ષોના બધા ધારાસભ્યોને સરકારની ઝાટકણી કાઢવાનું પૂરક કારણ એ વાતે મળ્યું કે સરહદની પેલી તરફ પ્રમુખ ભુટ્ટોએ કાશ્મીરનો મુદ્દો ફરી ચગાવવાનું અને ભારત સામે ઝેર ઓકવાનું શરૂ કરી દીધું હતું. ઈન્દિરા ગાંધીએ છેવટે જુલાઈ ૩૧, ૧૯૭૨ના રોજ લોકસભાને જણાવ્યું કે, 'મેં સિમલા કરાર અંગે મોટા દાવા કર્યા નથી. અત્યારે પણ કરતી નથી.'

આ બચાવ ન હતો. ભૂલો કર્યાની આડકતરી જરૂર કબૂલાત હતી. ભૂલોની યાદી આજે ૫૦ વર્ષે યાદ કરો તો એમ થાય કે પાકિસ્તાન સાથે કામ પાડવાની બાબતે ઈન્દિરા ગાંધી અને તેમના પિતા પંડિત જવાહરલાલ નેહરુ વચ્ચે આખરે ફરક શો હતો? આ રહી યાદી:

■ સિમલા મંત્રણા ભારતના સંરક્ષણ જોડે સંકળાયેલી હતી, કારણ કે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવતા પ્રદેશોમાંથી ભારતીય લશ્કરને પાછું ખેંચવાના તેમજ અંકુશરેખાનું સ્વરૂપ બદલવાના મુદ્દા તેમાં અગ્રસ્થાને હતા. આમ છતાં વાટાઘાટો દરમ્યાન સલાહસૂચન લેવા એકેય લશ્કરી અફસરને હાજર કેમ રાખવામાં આવ્યો નહિ ? ૧૯૬૫ના યુદ્ધ પછી તાશ્કંદ મંત્રણા વખતે લાલ બહાદુર શાસ્ત્રી ખુશ્કીદળના સેનાપતિ જનરલ કુમાર મંગલમ્‌ને સાથે લેતા ગયા હતા.

■ પ્રારંભમાં ભારતે બાંગલાદેશને ત્રીજા પક્ષ તરીકે મંત્રણામાં સામેલ કરવાનું મક્કમ વલણ અપનાવ્યું હતું, કેમ કે પાક યુદ્ધકેદીઓ ભારત-બાંગલાદેશના સંયુક્ત લશ્કરી કમાન્ડના શરણે થયા હતા. બાંગલાદેશના નેતા મુજીબુર રહેમાનના અંદાજ પ્રમાણે પાકિસ્તાની લશ્કરે તેમના ૩૦,૦૦,૦૦૦ નાગરિકોને રહેંસી નાખ્યા હતા. બાંગલાદેશ ૧૯૫ પાક સૈનિકો સામે યુદ્ધગુના બદલ કાનૂની પગલાં લેવા માગતું હતું. ઈન્દિરા ગાંધીએ તો પછી બાંગલાદેશને બાજુ પર રાખી બધા પાક યુદ્ધકેદીઓને કેમ છોડી મૂક્યા?

■ તાશ્કંદ કરાર વખતે લાલ બહાદુર શાસ્ત્રી પર રશિયાનું સખત દબાણ હતું તેમ અમેરિકાનો પણ જરાય સાથ ન હતો. ભારત એકલું પડીને 'ભીંસમાં' આવ્યું હતું. સિમલા મંત્રણામાં રશિયા જેવી મહાસત્તાની દખલગીરી કે દબાણ ન હતું. મંત્રણા દ્વિપક્ષી જ હતી. પાકિસ્તાનનો હાથ બધી રીતે ભારતની એડી નીચે હોય ત્યારે ભારતે મચક આપવાની જરૂર ન હતી.

■ સિમલા ખાતે વાટાઘાટો દરમ્યાન ભારતે જે મુસદ્દા/draft ઘડ્યા તે દરેકમાં ભુટ્ટોએ સુધારા કરાવ્યા હતા. બધું મળીને ૬ મુસદ્દા તેમણે નકાર્યા અને ૭મો છેવટે સ્વીકાર્યો. સવાલ એ છે કે પાકિસ્તાનના જણાવ્યા મુજબનો જ કરારપત્ર જો તૈયાર કરવાનો હોય તો મંત્રણા યોજવાની આવશ્યકતા ક્યાં હતી? રાવલપીંડીમાં બેસીને ભુટ્ટો જે દસ્તાવેજ લખી મોકલે તેના પર શેરો મારી દેવા સિવાય ભારતે બીજું શું કરવાનું હતું ?

■ કરારના દસ્તાવેજમાં કાશ્મીર અંગે unsettled issue એવો શબ્દપ્રયોગ સામેલ હતો, જેને લાલ બહાદુર શાસ્ત્રીએ તાશ્કંદ કરારમાં મક્કમતાપૂર્વક ટાળ્યો હતો. આ વાંધાજનક શબ્દપ્રયોગને ફરી પાછો ચિત્રમાં કેમ લાવવામાં આવ્યો?

■ સિમલા મંત્રણા વખતે ભારતીય લશ્કરનો એકેય પ્રતિનિધિ હાજર ન હતો, એટલે ભારતના જે ૫૪ જવાનો-અફસરો પાકિસ્તાનની જેલોમાં સબડતા રહી ગયા તેમને પણ એ વખતે (કે પછી) પ્રતિનિધિત્વ મળ્યું નહિ. આજે ૫૦ વર્ષે પણ તેઓ પાક જેલોમાં ગોંધાયેલા છે. આ પૈકી કેટલા જણા જીવંત હોય તે પણ આપણે જાણતા નથી. ડિપ્લોમેટિક રમતનાં પ્યાદાં બનેલાં તે કમનસીબોનો દોષ હોય તો એ કે તેઓ માતૃભૂમિને ખાતર યુદ્ધ લડ્યા.

ઈન્દિરાના મુખ્ય સલાહકાર પી. એન. ધરે વર્ષો બાદ તેમનો બચાવ કરતો બે હપ્તાનો લેખ *Times of India* માં લખ્યો, જેના જવાબમાં પાકિસ્તાનના રાજકીય સમીક્ષક હુમાયૂં ગોહરે *Political and business Weekly* માં ટીપ્પણી કરી : 'Face it Mr. Dhar, even if we accept what you say, Mr. Bhutto fooled your Prime Minister.'

ધ્યાન રહે કે આજે બરાબર ૫૦ વર્ષ બાદ અહીં સિમલા કરારને લગતો જે ઘટનાક્રમ આલેખ્યો તેને રાજકારણ સાથે કશું સ્નાતસૂતક નથી. કેંદ્રીય મુદ્દો દેશના સંરક્ષણ અંગેનો છે, માટે એ જ દષ્ટિકોણે સિમલા કરારને મૂલવવા રહ્યા. ઈન્દિરા ગાંધીએ કરી એવી ભૂલો રખે ભારતીય જનતા પક્ષના કે ગમે તે બીજા પક્ષના આગેવાનો કરે તો તેમને પણ કસૂરવાર ગણવા જોઈએ. સિમલા કરારનો બોધપાઠ એ છે કે દુશ્મનો પ્રત્યે જાનના ભોગે પૃથ્વીરાજ ચૌહાણ દ્વિતીય જેવા ઉદાર થવાને બદલે જેવા સાથે તેવા થવું જોઈએ. ●

ફેક્ટ ફાઇન્ડર

Q&A

૧૯૭૧ના યુદ્ધને પચાસ વર્ષ પૂરાં થયાંના અવસરે પ્રસ્તુત અંકમાં તે વિષયને લગતું વિસ્તૃત્ત બયાન કરવાનું થયું છે. આપણા શૂરા જવાનોનાં સાહસો માંડીને વર્ણવ્યાં છે. ઉપરાંત 'સુપર સવાલ' પણ સ્વતંત્રતા પછી આપણા નસીબે લખાયેલા અમુક માટીપગા નેતાઓની બાલિશ તથા બોગસ વિચારધારાને સ્પર્શે છે. આથી સ્થળસંકોચને લીધે 'ફેક્ટ ફાઇન્ડર' નો કાયમી વિભાગ આપી શકાયો નથી.

- તંત્રી

■ સુશીલ ભાટિયા

સુપર ક્વિઝ

જનરલ નોલેજની સેલ્ફ-ટેસ્ટ

ક્વિઝમાંથી સુપરક્વિઝ બન્યાના ૨૫૦ અંકો

અંગ્રેજી શબ્દ QUIZ નું મૂળ શું એ તો ઠીક, પરંતુ તેનો અર્થ પણ શો થાય તેના અંગે ભાષાશાસ્ત્રીઓ પણ ચોક્કસપણે કહી શકતા નથી. એક માન્યતા એ છે કે QUIZ ફ્રેન્ચ ભાષાના qui es tu? (‘તમે કોણ છો?’) શબ્દોનું ક્રમિક રીતે થયેલું અપભ્રંશ છે.

બીજો મત સાવ જુદો છે, જેના મુજબ આયર્લેન્ડના ડબલિન શહેરમાં ૧૮મી સદી દરમ્યાન એક થિએટરના માલિકે તેના મિત્ર જોડે શરત લગાડી કે પોતે અર્થ વગરના શબ્દને ચોવીસ કલાકમાં પ્રસિદ્ધ બનાવી શકે તેમ છે. શહેરની દીવાલો પર ઠેર ઠેર તેણે શબ્દ નહિ, પણ q.u.i.z. અક્ષરો લખાવ્યા. આવતા-જતા લોકોએ વાંચ્યા. મતલબ સમજાવાનો પ્રશ્ન ન હતો, કેમ કે ધડમાથા વગરના હતા. ઘણા વખત બાદ વિચિત્ર ખોપરીની વ્યક્તિને quiz તરીકે ઓળખાવવાની પ્રથા પડી અને ત્યાર પછી અકળ વસ્તુ quiz તરીકે ગણાવા લાગી.

એક લોકપ્રિય અમેરિકી રેડિઓ સ્ટેશને ૧૯૩૦ના દસકામાં Quiz Show નો આરંભ કર્યો. આ કાર્યક્રમમાં Doctor I.Q. નામનો ક્વિઝમાસ્ટર સ્ટુડિઓમાં હાજર રહેલા શ્રોતાઓને તેમની યાદશક્તિ, સામાન્ય જ્ઞાન તથા બુદ્ધિને ચકાસતા સવાલો પૂછતો હતો અને જે શ્રોતા પહેલો સાચો જવાબ આપે તેને ચાંદીનો સિક્કો ભેટ મળતો હતો.

આ કાર્યક્રમ ખૂબ ચાલ્યો. ઈનામની રકમ ત્યાર પછી વધતી રહી અને ૧૯૫૫માં ટેલિવિઝનનો યુગ શરૂ થતાં ઈનામ $64 નું કરવામાં આવ્યું. લોકપ્રિયતા જામી અને ટી.વી. નેટવર્કને જાહેરખબરો દ્વારા આવક થવા માંડી, એટલે $ 64,000 સુધી આંકડો પહોંચ્યો. કોણ જાણે કેમ, પણ તે આંકડો મેજિક ફિગરનું સ્વરૂપ પામ્યો. અંગ્રેજી ભાષામાં રૂઢિપ્રયોગ તરીકે પ્રવેશ્યો. કોઈ મહત્ત્વના કાર્યમાં જટિલ ડખો પેદા થાય ત્યારે એ પ્રશ્નને $ 64,000 question લેખાવાય, કેમ કે રકમ બહુ મોટી હતી. ૧૯૯૯માં શરૂ કરાયેલા *Who wants to be a millionaire* ક્વિઝ પ્રોગ્રામે તે રકમને પરચૂરણ ઠરાવી દીધી. પરંતુ $ 64,000 question રૂઢિપ્રયોગ ચાલુ રહ્યો.

અમેરિકાના *Who wants to be a millionaire* માં અને તેમાંથી ‘પ્રેરણા’ મેળવી ભારતમાં શરૂ કરાયેલા ક્વિઝ શૉમાં દરેક ક્વિઝ એવી કે જેનો જવાબ ફક્ત એક શબ્દનો હોય, એટલે ‘સફારી’ એ અંક નં. ૭૩ થી આરંભેલા ‘સુપરક્વિઝ’ વિભાગમાં એ જ ધારો રાખ્યો. (દા.ત. અંક નં. ૭૩માં સવાલ પૂછેલો કે મુંબઈ ખાતે અમેરિકન કંપની જનરલ મોટર્સે ૧૯૪૩માં ભારતનું પ્રથમ મોટરકાર બનાવતું કારખાનું સ્થાપ્યું હતું. આ કારખાનામાં બનતી મોટરો ક્યા નામે ઓળખાતી હતી? જવાબઃ શેવરોલેટ.) વિચાર કરતાં એમ લાગ્યું કે તેમાં વાચકોના સામાન્ય જ્ઞાનની કસોટી તેમાં લેવાતી હતી, પરંતુ વિભાગ તેમના સામાન્ય જ્ઞાનમાં વધારો કરી આપતો ન હતો. આથી અંક નં. ૭૯થી માળખું બદલી નાખ્યું. સવાલ દ્વારા પણ જનરલ નોલેજ મળે અને જવાબ દ્વારા પણ મળે એ પ્રકારનું ગોઠવ્યું. વિભાગને જ્ઞાનકોષ જેવો બનાવી દીધો. આ વાતને ચાલુ અંકે ૨૫૦ અંકો પૂરાં થાય છે.

આ અંકે પણ વિભાગ જ્ઞાનકોષ છે અને વિષયો જુદા જુદા પસંદ કર્યા છે. ●

Q 1

દિલ્લીના ચાણક્યપુરી વિસ્તારમાં આવેલા National Rail Museum ની ક્યારેય મુલાકાત લીધી છે? લીધી હોય તો ભાગ્યશાળી છો. (ન લીધી હોય તો હજી ભાગ્યશાળી બની શકો છો.) આ મ્યૂઝિયમ ભારતીય રેલવેના વર્તમાનમાંથી ભૂતકાળમાં ટાઈમ ટ્રાવેલ કરાવે છે. રેલવેની વિરાસત જેવાં ઘણાં એન્જિનો, વિશિષ્ટ બાંધણીના કોચ તથા રજવાડી સલૂનો ત્યાં પ્રદર્શિત છે. સૌથી મોટું (અહીં તસવીરમાં બતાવેલું) Beyer-Garratt સ્ટીમ એન્જિન ખાસ જોવાલાયક છે. લંબાઈ ૨૭.૭૫ મીટર યાને ૯૧ ફીટ અને વજન ૨૩૫ મેટ્રિક ટન એટલે કે ૨,૩૫,૦૦૦ કિલોગ્રામ છે. એન્જિન ૯૦,૦૦૦ રતલનો ધક્કો / thrust પેદા કરે છે, જેના બળે Beyer-Garratt ૨,૪૦૦ ટનની ગૂડ્ઝ ટ્રેનને 1 to 100 ની પ્રણવતા / gradient ના પાટે કલાકના ૭૨ કિલોમીટરની ગતિએ આગળ ધપાવે છે. (1 to 100 gradient = કપાતા દર ૧૦૦ મીટર અંતરે ૧ મીટર લેખે ટ્રેનનું આરોહણ). હવે Beyer-Garratt વિશે સામટી બે ક્વિઝ: (૧) એન્જિનો ભારેખમ હોવા છતાં તેમના માટે અતિ મજબૂત બાંધણીના ખાસ રેલવે ટ્રેક બિછાવવાનું શા કારણે ટળ્યું? (૨) એન્જિનો articulated હતાં. આર્ટિક્યૂલેટેડ એટલે શું? નીચેની આકૃતિમાં રચના જોઈ લો.

Q 2

સઘળેસઘળા ખાધા તો ન જ હોય, પરંતુ ખબર પણ જો ન હોય તો જાણી લો કે પિઝા બધું મળીને ૬૮૭ પ્રકારના બને છે. (કોણે ગણ્યા તે ન પૂછો, કેમ કે એ ખબર નથી.) આંકડો official છે, એટલે સાચો માની લેવો રહ્યો. સૌથી લોકપ્રિય વેરાયટી નેપોલિતાના છે, જેના પછી બીજો નંબર માર્ઘેરિતાનો છે. એક વાત માર્ઘેરિતા વિશે: જુદાં જુદાં ૮ રાજ્યો-રજવાડાંમાં વહેંચાયેલા ઈટાલિનું માર્ચ ૧૭, ૧૮૬૧ના રોજ unification / એકીકરણ થયું અને તે વન-પીસ રાષ્ટ્ર બન્યું. કહેવાય છે કે ખુશાલીના તે પ્રસંગે નિમિત્તે રફાલ એસ્પોસિતો નામના પાકશાસ્ત્રીએ ત્રણ અલગ જાતના પિઝા એકીકૃત ઈટાલિની રાણી માર્ઘેરિતા ઑફ સેવૉય (જુઓ તસવીર) માટે બનાવ્યા. આમાંના બે રાણીસાહેબાને ન ભાવ્યા. ત્રીજાનો સ્વાદ મજેદાર લાગ્યો, એટલે પછી સ્વાભાવિક કે તે પિઝાને માર્ઘેરિતા લેબલ લાગ્યું. બનવાજોગ છે કે પિઝા માટે વપરાયેલી લાલ ટૉમેટો સૉસ, સફેદ મોઝારેલા ચીઝ તથા લીલાં તુલસીપાન એ ચીજોના રંગ એકીકૃત્ત ઈટાલિના રાષ્ટ્રધ્વજના પણ રંગો હોવાને લીધે રાણીએ તે પિઝાને માન્યતા આપી. રાણીના મનમાં ખરેખર શું હોય તે વાત જવા દો. અહીં રજૂ

Beyer - Garratt એન્જિનની રચના





થતી ક્વિઝને માર્ઘેરિતા પિઝા જોડે સંબંધ નથી. રાણી માર્ઘેરિતા સાથે છે. વાંચો પ્રશ્નઃ આ રાણીના નામે આશરે ૨૭,૦૦૦ ની વસ્તીવાળું માર્ઘેરિતા શહેર ભારતના ક્યાં પ્રદેશમાં છે? હિન્ટઃ આ શહેર Coal Queen કહેવાય છે.

Q3

ધાર્મિક પુરાણકથાઓમાં વાસ્તવિકતાની દૃષ્ટિએ તથ્ય કેટલું તે શોધવાનો પ્રયાસ કરવો વ્યર્થ છે. વિષય આસ્થાનો ગણાય, વિજ્ઞાનનો નહિ. પુરાણકથા માત્ર જાણવા ખાતર જાણો તોય પૂરતું છે. પુષ્કર્ણા બ્રાહ્મણોનું જે મૂળ વતન લેખાય તે (રાજસ્થાનના) પુષ્કરમાં સંપૂર્ણપણે બ્રહ્માને સમર્પિત મંદિર છે (જુઓ ફોટો) અને ત્યાં પુષ્કર સરોવર પણ છે. (પૌરાણિક ધર્મકથા પ્રમાણે) બ્રહ્માંડનું સર્જન કર્યા પછી તેના કલ્યાણ અર્થે બ્રહ્માજી યજ્ઞ કરવા બેસે તે પહેલાં તેમના હાથમાંનું કમળ નીચે પડ્યું અને જ્યાં પડ્યું ત્યાં આપોઆપ પુષ્કર સરોવર બન્યું. (પુષ્કર = કરમાંનું એટલે કે હાથમાંનું પુષ્પકમળ.) પુષ્કરનું બ્રહ્મામંદિર પવિત્ર યાત્રાધામ લેખાય છે. વર્ષે દહાડે આશરે ૪,૦૦,૦૦૦ જણા તેની મુલાકાત લે છે. પૂછવાની થતી ક્વિઝઃ ધર્મકથા મુજબ બ્રહ્માજી યજ્ઞ કરવા બેઠા એ વખતે શું બન્યું કે જેને લીધે તેમનાં મંદિરો બીજે કશે જોવા મળતાં નથી?

Q4

અહીં ફોટોગ્રાફમાં દેખાતા બેઠા ઘાટના મકાનને ઓળખી શકો છો? જાન્યુઆરી ૧૦, ૧૮૭૦ ના દિવસે ખુલ્લું મુકાયેલું પણ આજે ન રહેલું મકાન મુંબઇના ચર્ચગેટ સ્ટેશનનું હતું. બ્રિટિશ માલિકીની Bombay Baroda & Central India / BB&CI કંપની ગ્રાન્ટ રોડ, મહાલક્ષ્મી, લોઅર પરેલ, ભાયખલા વગેરે suburbun / પરાં વિસ્તારો માટે ટ્રેન વ્યવહાર ચલાવવા માગતી હતી. મુંબઇના fort / કિલ્લાને એ વખતે ઍપોલો ગેટ, બઝાર ગેટ તથા ચર્ચ ગેટ એમ ત્રણ દરવાજાઓ હતા. ચર્ચ ગેટ મુંબઇના હાર્દ સમાન ફ્લોરા ફાઉન્ટનની નજીક હોવાને લીધે ત્યાં સ્ટેશન બાંધવામાં આવ્યું. અહીંથી પહેલી ટ્રેને એપ્રિલ ૧૨, ૧૮૬૭ના રોજ સવારે ૫:૦૦ વાગ્યે યાત્રા શરૂ કરી અને છેલ્લી રવાના થયાનો સમય રાત્રિના ૧૧:૦૦ વાગ્યાનો હતો. સામા છેડે વિરાર સ્ટેશનથી પણ એ જ રીતે ટ્રેને ચર્ચ ગેટ સુધીનો પ્રવાસ કર્યો. દરેકેદરેક ટ્રેનને ૪ મેઇડ-ઇન-ઈંગ્લેન્ડ પેસેન્જર કૉચ હતા, જેમને સ્ટીમ એન્જિન જોતરેલું હતું. ફક્ત અનુમાન લગાવીને કહો કે પહેલા વર્ષે કેટલા મુસાફરો એ આવી suburbun ટ્રેનોમાં પ્રવાસ કર્યો?



Q5

ઓગણીસમી સદીમાં જુલાઇ ૨૯, ૧૮૯૯ ના દિવસે The Hague Convention નામની આંતરરાષ્ટ્રીય સમજૂતી હેઠળ Dum Dum પ્રકારની રાઇફલ બુલેટ પર પ્રતિબંધ મૂકી દેવાયો હતો. (The Hague નેધરલૅન્ડનું શહેર છે અને તેના નામ આગળ હંમેશા The આર્ટિકલ લખવામાં આવે છે.) બ્રિટિશ Enfield .303 રાઇફલ માટે લેફ્ટ. કર્નલ નેવિલ બર્ટી-ક્લે નામના લશ્કરી અફસરે (જુઓ ફોટો) તેની ડિઝાઇન બનાવી હતી. બુલેટ અન્ય ગોળીઓ કરતાં બે રીતે જુદી હતીઃ (૧) ટેરવા ફરતે ધાતુનું મજબૂત આવરણ / jacket હતું; (૨) બુલેટનો આગળનો ભાગ અંદરખાને પોલો હતો. આથી નિશાન પર ટીચાય ત્યારે ટેરવું એકદમ ચપટું બની જતું હતું. (જુઓ ચિત્ર). સામી વ્યક્તિના શરીરને

વાગતી બુલેટ એવો મોટો જખમ કરે કે લોહીનો સ્ત્રાવ થવાને બદલે રીતસરનો દદૂડો વહેવા લાગતો હતો. ઘણીવાર ગોળી શરીરની આરપાર નીકળી પાછળના ભાગે ગાબડું પાડી દેતી હતી. આ બુલેટ કલકત્તા (કોલકાતા) નજીકના ડમ ડમ ખાતે શસ્ત્રોની પ્રયોગશાળામાં બની, તે માટે Dum Dum bullet નામે ઓળખાવા લાગી. નેધરલેન્ડના ધ હેગમાં કરાયેલી સમજૂતીને અમેરિકાએ માન્ય ન રાખી, જ્યારે બ્રિટને સમજૂતી થયાના એ જ વર્ષે દક્ષિણ અમેરિકામાં (૧૮૯૯માં) Boer War / બૂર યુદ્ધ દરમ્યાન નેધરલેન્ડના જ ડચ લશ્કર સામે ડમ ડમ બુલેટો વાપરી અને ત્યાર બાદ પહેલા વિશ્વયુદ્ધમાં તે પ્રતિબંધિત બુલેટોએ અનેક સૈનિકોનો ભોગ લીધો. જંગાલિયત દાખવવામાં સામસામા બેય પક્ષો એકબીજાને આંટી ગયા. ક્વિઝઃ શા કારણસર લેફ્ટ. કર્નલ નેવિલ બર્ટી-ક્લેને (કે પછી અંગ્રેજોના શસ્ત્રખાતાના વહીવટદારોને) આવી ઘાતક ગોળી બનાવવાનો પ્રોજેક્ટ સૂઝયો?

Q 6

આ સાથેના ચિત્રમાં કેટલીક સંજ્ઞાઓ છે. અચૂક ગૂઢ લાગવાની, કેમ કે અમુક કે તમુક ભાષાના મૂળાક્ષરો સંજ્ઞારૂપે રજૂ કરાયા નથી. ઉપરાંત સંજ્ઞાઓ જેમની સૂચક છે તેમની વચ્ચે ગુણધર્મ યા આકાર કે પ્રકાર તરીકે મેળ નથી. બધા પૃથક એટલે કે ભિન્ન છે. દાખલા તરીકે Air અને Hour વચ્ચે તથા Day અને Copper વચ્ચે દૂરનોય સંબંધ નથી. આકારમાં પણ બધી સંજ્ઞાઓ મેળમાથા વગરની છે—જેમ કે Fire નો સિમ્બોલ ત્રિકોણ છે અને Alum / ફટકડીનો સીધાસાદા વર્તુળના સ્વરૂપનો છે. આ સંજ્ઞાઓ ૭૦૦-૮૦૦ વર્ષ પહેલાં ક્યા ખાસ વર્ગના સંશોધકોએ યોજી હતી? જવાબ વિચિત્ર છે.

Q 7

અમેરિકાના ન્યૂ મેક્સિકો રાજ્યમાં Jornada del muerto નામનો અમુક રેગિસ્તાની પ્રદેશ છે. પ્રદેશના કેન્દ્રીય ક્ષેત્રમાં મ્યૂઝિયમ છે. અનોખું છે. વર્ષમાં ફક્ત બે વખત કુલ ૧૨ કલાક પૂરતું તેને ખુલ્લું રાખવામાં આવે છે. છ કલાક માટે વસંત ઋતુ દરમ્યાન અને છ કલાક માટે પાનખર દરમ્યાન મુલાકાતીઓને તેમાં પ્રવેશ અપાય છે. મ્યૂઝિયમનું પાકું મકાન નથી. અમુક પ્રતિબંધિત વિસ્તાર એ જ મ્યૂઝિયમ છે. મ્યૂઝિયમ ખૂલ્યાનો અર્થ એ કે સરકારે પ્રતિબંધ તત્પૂરતો ઉઠાવ્યો. (જુઓ, ફોટો). દરેક મુલાકાતીને ત્યાં જૂજ મિનિટો જ ગુજારવા મળે છે. લાંબો સમય રોકાવાની છૂટ નથી. સુપર લેખવી પડે તેવી ક્વિઝઃ અંગ્રેજીમાં Trinity Site નામે ઓળખાતું આ મ્યૂઝિયમ શેને લગતું છે?


Air
Mercury
Alum
Niter
Antimony
Oil
Aqua Fortis
Quicklime
Copper
Retort
Day
Sal Ammoniac
Earth
Silver
Fire
Sulfur
Gold
Verdigris
Hour
Vinegar
Iron
Vitriol
Lead
Water

Q 8

ભારતમાં Mysore અને Malbar એમ બે વેરાયટીની એલચી થાય છે. બન્ને વચ્ચે ખાસ્સો ભેદ છે. એકની સોડમ 'નાજુક' હોય છે, જ્યારે બીજી જાતમાં તીવ્રતા છે. અમુક લોકો એલચીને મુખવાસ તરીકે પ્રાધાન્ય આપે છે, પણ એલચી તેની ખરી ભૂમિકા પેશાવરી છોલે, રાજમા, બિરયાની તથા કેટલીયે બીજી પંજાબી તથા દક્ષિણ ભારતની વાનગીઓમાં બજાવે છે. એલચીની બે તસવીરો અહીં પ્રસ્તુત કરી છે. બન્ને એલચીઓ વચ્ચેનો ફરક જણાવી શકો છો? જવાબ વિચારો ત્યારે એલચી વિશેની યાદ રાખવા જેવી આપણી ગામઠી કહેવતઃ 'મસાણિયા લાડુમાં એલચીનો સ્વાદ હોય નહિ.' સદ્‌ગતિ પામેલી વ્યક્તિના અગ્નિસંસ્કાર વખતે (જૂની પ્રથા મુજબ) ડાઘુઓને જે લાડુ વહેંચાય તેને લગતી કહેવત છે. ●



A 1

ઈંગ્લેન્ડના હર્બર્ટ વિલિયમ ગેરેટે, જાજરમાન એન્જિનનાં પૈડાં માટે 4-8-4+4-8-4 નું ધોરણ વાપર્યું હતું. આ પરિભાષિક અંકોનો મતલબ એ થાય કે એન્જિનના મોખરામાં બે જોડીઓ leading wheels ની, ત્યાર પછી વચ્ચે ચાર જોડીઓ driving wheels ની અને છેલ્લે બે જોડીઓમાં trailing wheels હતી. (જુઓ ડાયાગ્રામ). ઉપરના અંકોમાં + (વત્તાનું) ચિહ્ન એ વાતનું સૂચક છે કે કમ સે કમ પૈડાંની ગોઠવણ પૂરતું Beyer-Garratt સિંગલ એન્જિન નથી. બે 'એન્જિનો' ભેગાં કરાયાં છે. આને લીધે એન્જિન articulated / સંધિત બન્યું છે. (જુઓ, ક્વીન્સલૅન્ડ રેલવેના ગેરેટ એન્જિનનો ફોટો). આગલો હિસ્સો તથા પાછલો હિસ્સો પરસ્પર જોડાયેલા હોવા છતાં એકમેકથી સ્વતંત્ર છે. આથી તીવ્ર વળાંક આવતો હોય ત્યાં ૯૧ ફીટ લાંબું એન્જિન સીધી લીટીએ અક્કડ રહેવાને બદલે તેમજ અચૂકપણે ખડી પડવાને બદલે 'મરોડ' લેતું આગળ ધપ્યા કરે છે. રહ્યો પ્રશ્ન Beyer-Garratt ના ૨૩૫ મેટ્રિક ટન વજનનો, તો કુલ ૩૨ પૈડાં વચ્ચે તે ભારણ વહેંચાય છે. અને પાટાને વરતાતું પૈડાદીઠ દબાણ પણ એ માપે વહેંચણી પામે છે. આજે સોએક વર્ષ બાદ ભારતમાં આવાં ફક્ત બે 4-8-4+4-8-4 એન્જિનો બચ્યાં છે. એક દિલ્લીના National Rail Museum માં છે. બીજું ખડગપુર રેલવે સ્ટેશને છે, જ્યાં તેને દોડાવવાના પ્રયાસો કરાયા છે. અમુક હદે તે સફળ પણ નીવડ્યા છે.



A 2

માર્ઘેરિતા નામે ઓળખાતું મિનિ શહેર આસામમાં છે અને માર્ઘેરિતા ઑફ સેવૉયના માનમાં જ તે નામ રાખવામાં આવ્યું

মাৰ্ঘেৰিটা আৰক্ষী থানা
MARGHERITA POLICE STATION




ઇશાન ભારતમાં ઇટાલિયન છાપ

છે. (જુઓ, નકશો). કહાણી જરા લાંબી છે. સ્થળસંકોચને લીધે સંક્ષેપમાં નોંધીએ. ઈશાન ભારતની સરહદે પહેરો રાખવા ૧૯ મી સદીમાં જે પહેલી બ્રિટિશ લશ્કરી ટુકડી તે જંગલપ્રદેશમાં પહોંચી તેના સૈનિકોએ કેટલેક ઠેકાણે જમીનમાંથી ખનિજ તેલનો ચૂવાક થતો દીઠો. ક્યાંક ક્યાંક તેલનાં ખાબોચિયાં પણ હતાં. આ બાતમી મળતાં Geological Survey of India ના નિષ્ણાતોએ ભૂસ્તરીય સર્વેક્ષણ કર્યું. પરિણામ આશાસ્પદ જણાતાં તેમણે શારકામ કરવાનું સૂચવ્યું. ઉત્તર આસામ પ્રદેશમાં તે સ્થળનું Diboi Nallah હતું. (g મૂળાક્ષર તેમાં નહિ.) ઉચ્ચારભ્રંશને લીધે અને ખાસ તો ઉત્સાહના ઍટેકને લીધે 'Dig, boy, dig!' શબ્દો લોકજીભે વસ્યા. આસામ ઓઈલ કંપની તથા બર્મા ઓઈલ કંપનીએ સેંકડો તેલકૂવાઓ નાખ્યા. રોજના હજારો બેરલ લેખે પેટ્રોલિયમ ઉપરાંત કોલસાના ભૂગર્ભ ભંડારો મળી આવતાં રેલવે લાઈનનો બંદોબસ્ત કરવાનું આવશ્યક બન્યું. લાઈનને કોલસાક્ષેત્ર સુધી લંબાવવાની હતી. ઈટાલિના શેવાલિઅર રોબર્તો પાગનાનિ નામના ઈજનેરને તે માટે રોકવામાં આવ્યો. કોલસાનું ખાણકામ તરત મોટા પાયે શરૂ થતાં એન્જિનિયરોનું, કર્મચારીઓનું તથા ખાણિયા મજૂરોનું તેમના પરિવારો સહિતનું ગામ જોતજોતામાં વસ્યું અને વખત જતાં ટાઉનશિપ બન્યું. ઈટાલિના શેવાલિઅરે તેનું નામકરણ રાણીના માનમાં માર્ઘેરિતા કરી નાખ્યું. આજે ભારતમાં ગુરગાઁવનું ગુરુગ્રામ, બેંગલોરનું બેંગલુરુ, મૈસૂરનું માયસુરુ વગેરે સેંકડો નામબદલા થયા છે, પણ આસામનું માર્ઘેરિતા હજી માર્ઘેરિતા જ છે.

A 3

ધાર્મિક પુરાણકથા મુજબ બ્રહ્મા સાથે તેમની પત્ની સાવિત્રીએ યજ્ઞમાં બેસવાનું હતું. કૈલાસપતિ શંકરને જ દેવોમાં દેવ એટલે કે મહાદેવ ગણતા નારદજીએ બ્રહ્માનું મહત્ત્વ ઘટાડવાના હેતુસર સાવિત્રીને યજ્ઞનું ખોટું મુહૂર્ત જણાવ્યું. આ કારણસર સાવિત્રીને આવવામાં વિલંબ થયો અને યજ્ઞનું મુહૂર્ત વીતી જાય એવી સ્થિતિ પેદા થતાં બ્રહ્માએ ગાયત્રી નામની કન્યા જોડે વિવાહ કરી લીધા. યજ્ઞના સમાપન બાદ સાવિત્રીનું આગમન થયું અને તેમણે વસ્તુસ્થિતિ જાણી ત્યારે ક્રોધિત બન્યાં. બ્રહ્માને શાપ આપ્યો કે હવે પછી ન તો બ્રહ્માનાં મંદિરો બનશે કે ન ભક્તો તેમને પૂજશે. આ પૌરાણિક કથાનો પ્રભાવ આજે પણ જોવા મળે છે. મહાદેવના અને વિષ્ણુના મંદિરે ક્યારેક બ્રહ્માની પ્રતિમા હોય ખરી, પરંતુ મંદિરના sanctum sanctorum / ગર્ભગૃહમાં નહિ. મંદિર બહાર પ્રાંગણમાં તેની સ્થાપના કરવામાં આવે છે.

A 4

પ્રથમ વર્ષે કુલ મળી ફક્ત ૩,૭૦૦ મુંબઈગરા લોકોએ BB&CI ની સબર્બન ટ્રેનોમાં પ્રવાસ કર્યો. (જુઓ પહેલવહેલી ટ્રેનનો ફોટો). આ મામૂલી સંખ્યા જોતાં જ ચાર પેસેન્જર કોચની જરૂર ન પડે, પરંતુ ત્રણ class ઉપરાંત મહિલા યાત્રીઓ માટે અલગ કોચ હતો. સેકન્ડ ક્લાસની ટિકિટનો દર ૧ માઈલદીઠ એટલે કે ૧.૬ કિલોમીટરદીઠ ૭ પાઈ અને થર્ડ ક્લાસનો ૩ પાઈ હતો. (FYI: ૧૨ પાઈ = ૧ આનો; ૧૬ આના = ૧ રૂપિયો.) ઉતારુઓની સંખયા આજના હિસાબે નગણ્ય એટલા માટે કે મુંબઈની વસ્તી ત્યારે ફક્ત ૬,૪૫,૦૦૦ હતી. આજે મુંબઈ કીડીયારું છે. રોજના આશરે ૧૭ લાખ જણા મુંબઈની ટ્રેનોમાં પ્રવાસ કરે છે. દોઢસો વર્ષ પહેલાં ૧૮૬૭ના આખા વર્ષ દરમ્યાન ૩,૭૦૦ લોકોએ ટ્રેનયાત્રા કરી, જ્યારે હવે તો નોકરીધંધાએ જવાના તથા પાછા આવવાના સમયે એક જ ટ્રેનમાં સરેરાશ ૪,૫૦૦ મુસાફરોએ ગીર્દી જમાવી હોય છે.

A 5

ભારતમાં બ્રિટિશ રાજ વખતે ઝારશાહી રશિયા લશ્કરી બળે પોતાના સીમાડા પૂર્વ, દક્ષિણ તથા પશ્ચિમ તરફ લંબાવી રહ્યું હતું. ફેલાવો દક્ષિણ તરફ વધારે હતો. અઝરબૈજાન,

કઝાખિસ્તાન, ઉઝબેકિસ્તાન, આર્મેનિયા, જ્યોર્જિયા અને તુર્કમેનિસ્તાનનું સ્વતંત્ર દેશો કે સ્વાયત્ત પ્રદેશો તરીકેનું અસ્તિત્વ મિટાવી તેમને રશિયન સામ્રાજ્યના પ્રાંતો બનાવી દીધા. રશિયન ઑક્ટોપસે તુર્કમેનિસ્તાન સુધી પગ લંબાવ્યો ત્યારે તો ભારતના અંગ્રેજ શાસકો ગભરાયા, કેમ કે રશિયન સીમાડો તુર્કમેનિસ્તાનના પડોશી અફઘાનિસ્તાન સુધી પહોંચ્યો. વર્ષોથી અંગ્રેજોનો મનોરથ ભારત અને રશિયા વચ્ચેના અફઘાનિસ્તાનને buffer state તરીકે જીતી લેવાનો હતો. આ મુરાદે તેમણે અફઘાનિસ્તાન પર એક પછી એક કુલ ત્રણ આક્રમણો ક્ર્યાં, પણ દર વખતે તેમને પહાડી અફઘાનોની ખુમારીનો તથા ખડતલપણાનો માઠો અનુભવ મળ્યો. એકાદ ગોળીના જખમને બહુ ન ગણકારતા આવા દરેક અફઘાન યોદ્ધાને એક ગોળીનો ઘરાક બનાવવા નેવિલ બર્ટી-ક્લેએ ડમ ડમની શસ્ત્રોને લગતી પ્રયોગશાળામાં / Dum Dum Arsenal માં પોચા ટેરવાની બુલેટ ૧૮૯૭માં તૈયાર કરી, જે નૈતિક રીતે ન કરવા જેવું કામ હતું. અંગ્રેજ સૈનિકોએ પાટનગર કલકત્તાના (કોલકાતાના) ડમ ડમ વિસ્તારની જ ફાયરિંગ રેન્જમાં આઠ-નવ મહિના સુધી તે બુલેટનું પરિક્ષણ ક્ર્યું. આ ભયાનક બુલેટ ભેગી .303 રાઈફલ પણ કુખ્યાત બની.

A 6

આઠમી સદીથી શરૂ કરીને અરબસ્તાનના, યુરોપના તથા ભારતના પણ કીમિયાગરો હલકા મૂલ્યની ધાતુઓને ભારે મૂલ્યની ધાતુઓમાં ફેરવવાના અખતરા યોજતા હતા. પારામાંથી સોનું બનાવવું તેમજ મનુષ્યને અમરત્વ બક્ષે તેવું 'પાણી' (આબ-એ-હયાત) બનાવવું એ તેમના બે મુખ્ય અજેન્ડા હતા. આના માટે તેઓ હવા, સરકો યાને વિનેગર, તાંબું, સીસું, ફટકડી અને કેટલીક abstract / અમૂર્ત (દા.ત. day / દિવસ) ચીજો પર પ્રયોગો અજમાવતા હતા. આ ચીજો માટે તેમણે સંજ્ઞાઓ રચી, જે અગાઉ ક્વિઝમાં આપી ચૂક્યા.

A 7

ન્યૂ મેક્સિકો રાજ્યમાં આવેલા Jornada del muerto મ્યૂઝિયમનું સ્થળ એ કે જ્યાં અમેરિકાએ તેના Manhattan Project હેઠળ ગુપ્ત રીતે બનાવેલો સર્વપ્રથમ અણુબોમ્બ જુલાઈ ૧૬, ૧૯૪૫ ના રોજ સવારે 5:29 વાગ્યે ફોડ્યો. (જુઓ વિસ્ફોટનો ફોટો.) અણુવિજ્ઞાની રોબર્ટ ઓપનહેઈમરે તે નામ અંગ્રેજ કવિ જહોન ડોન / Donne ની કવિતાના આધારે પસંદ ક્ર્યું હતું. આમ તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર પણ Trinity / ત્રિદેવ કહેવાય, પણ સંસ્કૃતના જાણકાર ઓપનહાઈમરે વિનાશકારી અણુબોમ્બના વિસ્ફોટ પછી ગીતાનો શ્લોક બોલી કવિ જહોન ડોનની માફક જ મૃત્યુને ઓળખાવ્યું હતું. ગીતાનો શ્લોક નીચે મુજબ છે, જે ઓપનહાઈમરે ઉચ્ચાર્યો:

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ॥ ॥३२॥

અથાત્ 'હું લોકોનો નાશ કરનારો મહાકાળ છું, સૌને નષ્ટ કરવા માટે હું પ્રવૃત્ત થયો છું.'

A 8

ક્વિઝમાં ડાબી તરફના ફોટોગ્રાફમાં દર્શાવેલી એલચી 'અસલી માલ' છે. કુદરતી ગુણધર્મો વડે સમૃદ્ધ છે. અમુક લોકો નિસ્યંદન / distillation ની પ્રક્રિયા વડે એલચીમાં નું તેલ જુદું તારવી લેતા હોય છે. આ તેલને essential oil કહે છે. એલચીનો તે રસકસ છે, જે કાઢી લેવાયા પછી એલચી તેની નૈસર્ગિક ઓળખ ગુમાવી દે છે. ફિક્કા સ્વાદવાળી થાય છે. ખરીદનાર છેતરાય છે. જમણી તસવીરમાં એલચી તેનો 'આત્મા' હણી લેવાયા પછીની છે. અમુક સમાજદ્રોહી લોકો મરી સાથે પપૈયાનાં સૂકાં બીજ ભેળવે છે. અસલ મરી પાણીમાં ડૂબે, જ્યારે તેમાં ભેળવાયેલાં પપૈયાનાં બીજ તરી નીકળે છે. (જુઓ, તસવીરો). દૂધથી માંડીને કઠોળ સુધીનો એકેય ખોરાક તેના શુદ્ધ સ્વરૂપે બજારમાં સાંપડતો નથી. ●





માઇન્ડગેમ્સ

ધાન્યની ગુણની મોટુભાની કોઠાસૂઝની ગુણ

ખેતઉપજના હોલસેલ બજારમાં ઘણુંખરું અનાજ વેચી ચૂકેલા મોટુભા પાસે (માર્કેટ બંધ થયે) ૨૫ કિલો ઘઉ અને ૨૫ કિલો બાજરો બાકી રહ્યા. વધેલાં તે બન્ને ધાન્યો સાથે ગામભેગા થવાનું તેમણે નક્કી કર્યું. કંતાનની એક જ મોટી ગુણ તેમની પાસે બચી હતી.

મોટુભાએ કોઠાસૂઝ વાપરી ગુણમાં પહેલાં ઘઉ ઠાલવ્યા. અડધે લગી ભરાયેલી ગુણ ફરતે એ જ સ્તરે દોરી મુશ્કેટાટ લપેટી ઘઉ તે ભાગમાં સીલ કર્યા. ગુણના ઉપલા ખાલી ભાગમાં ત્યાર પછી બાજરો ભરીને દોરી બાંધી દીધી. ગામે જવા તેઓ રવાના થાય તે પહેલાં લેવાલ આવ્યો, જેને માત્ર ઘઉ ખપતા હતા. ઘઉ ભરવા તેની પાસેય એક જ ગુણ હતી. બમણી મોટી હતી અને સારી હતી, તેથી મોટુભાની ગુણ સાથે તે અદલબદલ કરવા તૈયાર ન હતા.

મોટુભા થોડી વાર મૂંઝાયા, પણ ત્યાર બાદ ઉપાય જડી આવ્યો. ઘઉની રોકડી કરીને રહ્યા. કઇ રીતે તેમણે સમસ્યાનો હલ કાઢ્યો?

નૌકાદળની પરેડ માટેના નાવિકો કેટલા?

ભારતીય નૌકાદળના ડિસેમ્બર ૪ના (૧૯૭૧માં કરાંચી બંદર પરના હુમલાની સ્મૃતિમાં) Navy Day નિમિત્તે પરેડ યોજવાની છે. આના માટે ખાસ પસંદ કરાયેલા નાવિકોની એકની પાછળ એક હરોળો રચવાનું નક્કી થયું છે. બને છે એવું કે -

- ત્રણ-ત્રણ નાવિકોની હરોળો ગોઠવવા જતાં ૧ નાવિક વધી પડે છે.
- ચાર-ચારની ગોઠવણમાં અંતે ૨ નાવિકો બાકાત રહી જાય છે.
- પાંચ-પાંચનું ધોરણ અપનાવાય તો ૩ નાવિકો વધે છે.
- છ-છ ની હરોળમાં પણ મેળ જામતો નથી, કેમ કે ૪ નાવિકો બાકી રહે છે.

નાવિકોની કુલ સંખ્યા તો પછી કેટલી છે? જણાવી દેવાનું કે ૧૦૦ કરતાં વધારે નથી. ઊલ્ટું, ઘણી ઓછી છે.

દાર્જિલિંગ ટૉય ટ્રેનના પાટે રચેલી પઝલ



સિલિગુડીથી દાર્જિલિંગ સુધી ૮૮ કિલોમીટરનું અંતર કાપતી ટૉય ટ્રેન તેના પ્રવાસ દરમ્યાન ઘણી જગ્યાએ loop / ચાપ એટલે કે પાશ રચે છે. વળાંક લેતી જ્યાંની ત્યાં પરત આવે છે અને પછી ત્યાંથી પ્રવાસ આગળ ચલાવે છે. (જુઓ પહેલું રેખાંકન.) વિશિષ્ટ પહાડી ભૂપૃષ્ઠને લીધે આવો ઢાંચો ગોઠવવો પડ્યો છે.

આ રેલવે કરતાં ખાસ્સું અટપટું નેટવર્ક કોયડા તરીકે અહીં બીજા રેખાંકનમાં દર્શાવ્યું છે. ગાળિયા જેવા loops / ચાપને રેલવેના ટ્રેક સમજી લેજો. દરરોજ સવારે પેસેન્જર ટ્રેન સ્ટેશન A થી રવાના થાય છે અને સ્ટેશન B પર તેની યાત્રાનો છેડો આવે છે. ‘શરતો લાગૂ’ વગરનો કોયડો તો કોયડો ગણાય જ નહિ, માટે નીચે જણાવેલા નિયમો ધ્યાનમાં લો.



- ટ્રેનને ગતિ ધીમી પાડીને અને પછી સ્થિગિત કરીને રિવર્સમાં જવાની અનુમતિ નથી. માની લો કે એન્જિનમાં રિવર્સ ગીઅર નથી.
- રેલવેના પાટા ઘણી જગ્યાએ loop / ચાપ (પાશ) રચે છે. આ જાતના પાટે ટ્રેન પોતાની forward motion / અગ્રગામી ગતિ ચાલુ રાખીને ફરી જ્યાંની ત્યાં આવી શકે છે. આ રિવર્સ પ્રવાસ નથી.
- ફાંટા પડે ત્યાં ટ્રેન બેમાંથી ગમે તે પાટે આગળ વધી શકે છે.

આ ત્રણેય શરતોનો અમલ થાય એ રીતે ટ્રેનને A થી B સુધીનો માર્ગ આંકી બતાવવાનો છે.

અનાયાસે થયેલી આબાદ બેઠક વ્યવસ્થા

મિસ્ટર અને મિસિસ દેસાઇ તેમનાં લગ્ન થયાનાં ૨૫ મા વર્ષ નિમિત્તે હોટલમાં મિજબાની ગોઠવે છે. આમંત્રિતોમાં ૪ (ચાર) દંપતીઓ છે, એટલે કે કુલ આઠ જણાં છે. ઉપરાંત બે યજમાનો, એટલે સંખ્યા દસ થાય છે.

હોટલમાં નોંધાવેલું ટેબલ અંગ્રેજી L આકારનું છે. દરેક જણે પોતાની મરજી અનુસાર જ્યાં બેસવું હોય ત્યાં બેસવાની છૂટ છે. સૌ ગોઠવાયા પછી આપોઆપ જ રચાયેલી વિશિષ્ટ બેઠકવ્યવસ્થા જોવા મળે છે. આ રીતની-



૧) દરેક મહિલા તેના પતિની બાજુની ખુરશી પર બેઠી છે. રેખાંકનમાં આગળપાછળ બેય છેડે તીરવાળી લીટી ‘બાજુની ખુરશી’ એવો નિર્દેશ કરે છે.

૨) દરેક મહિલાનું સ્થાન પુરુષની તદ્દન સામેવાળી ખુરશી પર છે. લાલ રંગની લીટીના છેડાઓ ‘તદ્દન સામેવાળી ખુરશી’ ને ચીંધી બતાવે છે.

૩) મિસિસ દેસાઇ તેમના પતિ મિસ્ટર દેસાઇની જમણી તરફની ખુરશી પર બેઠાં છે.

૪) મિસિસ દેસાઇ એકમાત્ર મહિલા કે જેમની ખુરશી બીજી મહિલાની જમણી કે ડાબી ખુરશીના પડખે નથી.

પ્રશ્નઃ મિસિસ દેસાઇની ખુરશી A, B, C, D, E, F, G, H, I, તથા J પૈકી કઇ?

બોર્ડ ગેમ જેવી એક જાપાની પઝલ

આ પઝલ ૧૯૯૧ દરમ્યાન લેનિન નામના જાપાનીએ રચી અને ખૂબ લોકપ્રિય બની. (લેનિન તે ભેજાબાજનું ઉપનામ છે. અસલ નામ જાણવામાં નથી.) પ્રકાર સહેજ જુદો છે, માટે થોડીક સમજૂતી આપી દેવાનું જરૂરી છે. રીતસરનું દૃષ્ટાંત જ રજૂ કરી દઇએ. A થી F એમ છ કોઠાઓ તેમના ક્રમમાં જુઓ.

માની લો કે દરેક કોઠો સમુદ્ર છે. (કલ્પના વિલક્ષણ લેખાય, પણ કોયડામાં ચાલે.) સંદર્ભ માટે કોઠો A જુઓ. માત્ર અંકો લખ્યા છે. સમુદ્ર ખાલી છે. ખાનામાં ભૂરું પાણી ભરવાનું છે, પણ જે તે અંક (સંખ્યા) જેટલાં ખાનાંને ટાપુરૂપે કોરાં રહેવા દેવાનાં છે. દાખલા તરીકે પ્રથમ હરોળમાં છેક ડાબી તરફ અંક 2 છે, તો એ ખાનાં સહિત કુલ બે ખાનાં ફરતે સમુદ્ર હોવો જોઇએ. બે કોરાં ખાનાં ટાપુ છે એમ કલ્પી લો.



ઉકેલ શોધવાનો ક્રમ A, B, C, D, E તથા F એમ ૬ કોઠાઓમાં વહેંચી દીધો છે. જુઓ કે તબક્કાવાર શી રીતે ખાના F માં આપેલા જવાબ સુધી વાત પહોંચે છે. દરેક ટાપુ જે તે સંખ્યા જેટલાં ખાનાં વડે રચાયો છે—જેમ કે અંક 5 મુજબ પાંચ ખાનાં ટાપુ તરીકે કોરાં છોડી દેવાયાં છે.

	7		9						
		4						4	
									6
6									
	3						2		
					3			2	

8		3					2		
								3	
				4					
4				1					
					3				1
					5				
	3								
		4					1		3

સમજૂતી સમાપ્ત અને હવે કોયડાની રજૂઆત તરીકે બે કોઠાઓ અહીં દર્શાવ્યા છે. ઉપરછલ્લી રીતે સાદા-સરળ દેખાય છે, પણ ઉકેલ શોધવામાં થોડોક બૌદ્ધિક શ્રમ કરવો પડે તેમ છે. શ્રમ જો કે મોજદાયક લાગવાનો છે.

૧૯૩૦ના દસકામાં viral બનેલી પઝલ

ખેતરમાં હળ સાથે જોતરેલો બળદ ખેડ કરતી વખતે ચાસ પાડતો જાય છે. એક છેડાથી બીજા છેડા સુધીનો પ્રત્યેક ચાસ ૫૦ મીટર લાંબો છે. દરેક મીટરે બળદની ખરી પોચી જમીનમાં ૮ છાપ / footprints પાડે છે. બરાબર ૪૦ મા ચાસે ખેડ પૂરી થાય છે. બળદે પોચી જમીનમાં કુલ મળી (ગોબા જેવી) કેટલી ફૂટપ્રિન્ટ વડે ખેતરને છેવટે અંકિત કરી નાખ્યું? ●

અંકની પઝલ્સના સાચા જવાબો

● **ધાન્યની ગુણના મોટુભાનો કોઠાસૂઝનો ગુણ:** કોયડામાં જણાવ્યું કે મોટુભાની કંતાન ગુણમાં ઘઉ નીચેના ભાગે હતા અને બાજરો તેમણે ઉપલા હિસ્સામાં ભરી હતી. બે ધાન્યોને નોખાં રાખવા વચ્ચે દોરી એકદમ કરીને બાંધી હતી. કોયડામાં એ પણ ચોખવટ કરી કે મોટુભાની ગુણ કરતાં લેવાલની ગુણ બમણી મોટી હતી.

આ છેલ્લી બાબતના આધારે મોટુભાએ નુસખો લડાવી પોતાની ગુણમાંનો બાજરો લેવાલની ગુણમાં ઠાલવ્યો. દોરી બાંધી તેને પેક કર્યો અને ત્યાર બાદ તે ગુણનો ખાલી ભાગ ઊલટાવીને બીજી તરફ લાવી દીધો. આ ભાગમાં ઘઉ ભર્યા અને ગુણના મોઢે દોરી બાંધી. છેલ્લે વચ્ચેની દોરી છોડી નાખી. (ન ભુલાય કે ગુણ ઊલટાવેલી હતી.) મોટુભાએ તે ગુણનો પાછલો હિસ્સો ખોલીને બાજરો ફરી પોતાની ગુણમાં ભરી લીધો.

● **નૌકાદળની પરેડ માટેના નાવિકો કેટલા?:** નાવિકોની જુદી જુદી રીતે રચવામાં આવતી હરોળોના આંકડાઓ જોતાં સ્પષ્ટ થાય કે પરેડ માટે પસંદ થયેલા નાવિકોની સંખ્યાને ૩, ૪, ૫ અથવા તો ૬ વડે ભાગતાં દરેક વેળા સમાન વહેંચણી કરવામાં ૨ નાવિકો ખૂટે છે. કોયડાનો જવાબ તારવવાનું તો પછી સહેલું છે. લઘુતમ સાધારણ અવયવ / Least Common Multiple / LCM તરીકેની ૩, ૪, ૫ તથા ૬ ને લગતી ન્યૂનતમ સંખ્યા શોધો અને પછી તેમાંથી ૨ બાદ કરી નાખો. અહીં ૩, ૪, ૫ તથા ૬ માટે લઘુતમ સંખ્યા ૬૦ છે, એટલે ૬૦ - ૨ = ૫૮ નાવિકો પરેડ માટે પસંદ થયા હોવા જોઈએ.

● **દાર્જિલિંગ ટૉય ટ્રેનના પાટે રચેલી પઝલ:** જવાબ તરીકેના રેખાંકનમાં લાલ રંગે બતાવેલી લીટી ટ્રેનનો A થી શરૂ કરીને B સુધીનો પ્રવાસમાર્ગ છે.



● **અનાયાસે થયેલી આબાદ બેઠક વ્યવસ્થા:** આમંત્રિતોમાં પુરુષ અને સ્ત્રી એમ બે જાતિઓ છે. પુરુષ માટે આપણે x અને સ્ત્રી માટે y સંજ્ઞા રાખીએ. આમ પતિ y-1 હોય તો તેની પત્ની x-1 છે અને ત્યાર પછી x-2 તથા y-2 એ રીતે ક્રમ આગળ વધે છે. મિસ્ટર દેસાઇ અને મિસિસ દેસાઇ અને મહેમાનો સહિત કુલ ૧૦ જણા છે. સૌ પોતપોતાના સ્થાને ગોઠવાયા પછી જોવા મળતી બેઠકવ્યવસ્થા ચિત્રમાં દર્શાવી છે.



કોયડામાં જણાવેલી બધી શરતોનું પાલન થાય છે. (૧) પતિ-પત્ની એકમેકની બાજુમાં છે; (૨) દરેક સ્ત્રીની બિલકુલ સામેવાળી વ્યક્તિ પુરુષ છે; (૩) મિસિસ દેસાઇ મિસ્ટર દેસાઇની જમણી તરફ છે; (૪) મિસિસ દેસાઇ એકમાત્ર સ્ત્રી કે જે બીજી સ્ત્રીની બાજુમાં નથી.

આથી મિસિસ દેસાઇ કોયડામાંના ચિત્રમાં બતાવેલી J ખુરશી પર બેઠાં છે અને તેઓ y-1 છે.

● **બોર્ડ ગેમ જેવી એક જાપાની પઝલ:**



● **૧૯૩૦ના દસકામાં viral બનેલી પઝલ:** ખેતર પર છેવટે બળદની ફૂટપ્રિન્ટ રહેવા જ પામી નથી. ખેડ વખતે બળદ આગળ રહીને ચાલ્યો છે. પાછળથી હળે ચાસ પાડી માટીને બે તરફ ખસેડી ફૂટપ્રિન્ટને ભૂંસી નાખી છે. ફક્ત ભરમાવવા માટે કોયડામાં બળદનાં પગલાંની તથા ચાસની સંખ્યા લખી. ●

જવાબો વાંચવાની ઉતાવળ કરી પઝલ્સ ઉકેલવાની મજા જતી ન કરવા ભલામણ છે.

PT-76: ૧૯૭૧ માં દંગ રાખનાર રણગાડી

પાકિસ્તાનનું યુદ્ધખોર માનસ તથા અમેરિકા દ્વારા તેને વિનામૂલ્યે મળેલાં અદ્યતન શસ્ત્રોને ધ્યાનમાં લેતાં ક્યારેક ને ક્યારેક પૂર્વ પાકિસ્તાનના મોરચે પણ ભારતે તેનો મુકાબલો કરવાનો થાય એ સ્પષ્ટ હતું. પૂર્વ પાકિસ્તાન (બાંગલાદેશ) નદી-નાળાંનો પ્રદેશ, એટલે ભારતે રશિયન બનાવટની ઉભયજીવી / amphibious રણગાડી PT-76 માટે મોસ્કો સાથે સોદો કર્યો. પાણી પર તરી શકતી માત્ર ૧૪ ટન વજનની રણગાડીએ ૧૯૭૧ના યુદ્ધમાં પ્રભાવી રોલ ભજવ્યો. આ ગ્રાફિક PT-76 નો થોડોક પરિચય આપે છે.



76.2 m gun =
76.2 mm ના નાળચાની તોપ, જે High-Explosive Anti-Tank/ HEAT, Armour Piercing High Explosive / HEAP તથા Fragmentation HE તોપગોળા દાગે છે.

Schnorkel =
રણગાડી પાણીમાં ડૂબેલી રહી હંકારવી હોય ત્યારે હવા લેવાની ટ્યૂબ બહાર ડોકાયેલી રહે છે.

Gunner = તોપચી

Commander = કમાન્ડર

Extra Fuel Tank =
બળતણની અનામત ટાંકી

Central driver periscope =
ડ્રાઈવર માટે પેરિસ્કોપ

Front hall armour =
આગળના ભાગે વધુ જાડું વખ્તર

સુપર સવાલ

RNI No.38380/80. Registered under Postal Reg. No. GAMC-1015/2021-23 valid upto 31-12-2023 issued by SSPO Ahd City Division. Permitted to post at Ahmedabad PSO on 1st of every month. Licence to post without prepayment No. PMG/HQ/021/2021-23. Valid upto 31-12-2023. Date of publication : 1st of every month. No. of pages 68

Q ‘યુદ્ધ ૭૧’ પુસ્તકમાં ‘કાંડાં કાપી લેતા તાશ્કંદ કરાર’ પ્રકરણ વાંચ્યું. દેશની સુરક્ષાના વિષયમાં આપણે નેહરૂને કમજોર અને શાસ્ત્રીજીને બહાદુર માનતા, પરંતુ પ્રકરણ વાંચીને પ્રશ્ન થયો કે આપણા જવાનો લોહી રેડીને જે યુદ્ધ જીતે તેના પર રાજકર્તાઓ પરાજયનું પાણી કેમ ફેરવી દે છે? શા માટે હંમેશાં આવું બનતું આવ્યું છે?

રશ્મિકાંત પી. મહેતા, હેમલતાબેન, પ્રીતિ અને સાર્થક, અડાજણ, સુરત

A આમાં નવું શું છે? નવાઈ જેવું પણ શું છે? આ તો હંમેશાં બનતું આવ્યું છે. નવાઈ પામવા જેવું હોય તો એ કે હિન્દુ ધર્મમાં પાપીને એટલે કે અધર્મીને ક્ષમા આપવાને લગતી જોગવાઈ નથી. જોગવાઈ (અને તે પણ નૈતિક દાયિત્વ તરીકેની) માત્ર અધર્મનાશની છે. અહિંસાનો મહિમા ક્યાંય નથી. શ્રી રામે વાલીને મૃત્યુદંડ આપવા છળપૂર્વક તીર માર્યું ત્યારે ઘાયલ વાલીએ રામને પ્રશ્ન કર્યો કે ‘હું આપનો કે આપ મારા રિપુ (શત્રુ) નથી, છતાં મને તીર કેમ માર્યું?’

રામે જે ઉત્તર આપ્યો તેનો સારાંશ આમ હતો: દરેક વ્યક્તિને પિતૃવત એવા ત્રણ જણા હોય છે. એક જૈવિક પિતા, બીજા એ વ્યક્તિને શિક્ષા-સંસ્કારો આપનાર ગુરુ અને વડિલ બંધુ કે જે પણ પિતાતુલ્ય છે. વાલિ તેના અનુજ બંધુ સુગ્રીવ માટે પિતાતુલ્ય લેખાય અને તેથી સુગ્રીવની પત્ની રુમા તેની પુત્રવધુ ગણાય, છતાં વાલીએ રુમા સાથે દુર્વ્યવહાર કર્યો હતો. આ ઘોર પાપ હતું. અધર્મ હતો. આથી તેને મૃત્યુદંડ મળવો રહ્યો. બાણ વડે તેને છળપૂર્વક વીંધવામાં આવ્યો કે કેમ એ વાતનું મહત્ત્વ ન હતું, રામે છળ માટે અપનાવ્યો તે આદ્ધર્મ (આપદ્ધર્મ) હતો, અધર્મતાશ માટે તે અપનાવવાની ધર્મશાસ્ત્રમાં છૂટ હતી.

જવાનોએ લોહી રેડીને તથા જાનનું બલિદાન આપીને મેળવેલા વિજય પર માટીપગા રાજકારણીઓ અંતે પાણી ફેરવી દેતા આવ્યા છે.

અગાઉ લંકામાં બંધક સીતાજીએ તેમને ઉગારવા આવેલા હનુમાનજીને કહેલું કે શ્રી રામ અધર્મી લંકેશનો વધ કરે એ પછી જ તેઓ મુક્તિ સ્વીકારવા તૈયાર હતાં, ‘રામાયણ’ ની માફક ‘મહાભારત’ માં શત્રુનાશની એ જ વાત--જેમ કે કુરૂક્ષેત્રના યુદ્ધ વેળા મહાન યોદ્ધા કર્ણના રથનું પૈડું પોચી ભૂમિમાં ફસાયું, કર્ણ બાહુબળે તે કાઢવા મથ્યો, પરશુરામના શ્રાપને કારણે તે પોતાનું બ્રહ્માસ્ત્ર વાપરી ન શક્યો અને તે સમયે શ્રી કૃષ્ણએ અર્જુનને તેને વધ કરી નાખવા જણાવ્યું ત્યારે કર્ણએ યુદ્ધનુ નીતિશાસ્ત્ર આગળ ધર્યું, દલીલ કરી કે રથનું પૈડું ફસાવાને લીધે એ લડી રહ્યો ન હતો. આ સ્થિતિમાં અર્જુન તેને મારે તે ધર્મ લેખાય નહિ. શ્રીકૃષ્ણએ કર્ણને યાદ અપાવ્યું તેણે અર્જુન-સુભદ્રાના પુત્ર અભિમન્યુ પર પાછળથી વાર કરી દગાપૂર્વક માર્યો ત્યારે તેનો ધર્મ ક્યાં ગયો હતો? શ્રીકૃષ્ણ તે પછી અર્જુનને કર્ણનો વધ કરવાની આજ્ઞા આપે છે. અર્જુન અંજલિકા અસ્ત્ર છોડી કર્ણનું મસ્તક વાઢી નાખે છે. કોઈ પણ સંજોગોમાં ક્ષમા ન આપવીતે આચારનીતિ ‘મહાભારત’ માં તો છેવટ સુધી જોવા મળે છે. શ્રીકૃષ્ણએ કૌરવવંશનો અંત લાવી દીધો, માટે કૌરવોની માતા ગાંધારી શ્રીકૃષ્ણને તેમના યાદવકુળના સર્વનાશનો અભિષાપ આપે છે.

એક વાત ધ્યાન પર લો કે હિન્દુ ધર્મમાં અહિંસક ઝુંબેશની કે ચળવળની વાત ક્યાંય આવતી નથી. સત્યાગ્રહ, અનશન યાને ભૂખહડતાલ, અસહકાર, અહિંસક આંદોલન વગેરે ખ્યાલો ગાંધીજીના હતા જેમની ભારતના અંગ્રેજ શાસકો પર કશી જ અસર થતી ન હતી. ઊલ્ટું, એમાં તેમને ફાવતું મળતું હતું. બ્રિટનના એક ભૂતપૂર્વ ધારાસભ્ય જણાવેલું કે, ‘Gandhi was a useful idiot.’ આ તોછડાઈભર્યું વાક્ય આપણા મગજને આક્રોશ વડે ભરી દે, પરંતુ એ ધોળિયાએ ત્યાર પછી અંગ્રેજોની કપટભરી નીતિ અંગે જે ફોડ પાડ્યો તે આપણે જાણવો રહ્યો.

(અનુસંધાન ૫૧ મા પાને)

Contact Office : Harshal Publications, 401-404, Aaryan Gloria Commercial Complex, Next to SBTC, Gala Gymkhana Lane, South Bopal, Ahmedabad 380058. (Gujarat)
Registered Office : Harshal Publications, 212-215, Anand Mangal-3, Opp. Core House, Ellisbridge, Ahmedabad 380006. (Gujarat)